જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦

# ખોજ

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર




## પ્રદૂષણ અને રસાયણોનો ભય

કલિંગનગરની કરુણાંતિકા

હોંગકોંગ પાસેથી ભારત શું શીખી શકે ?

વાદ-વિવાદની ભારતીય પરંપરા

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*
*-Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૫
જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૬
વર્ષ ૧, અંક ૫-૬

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
ધ્રુવ ભટ્ટ
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૪) | અનિલ પટેલ | ૭ |
| કલિંગનગરની કરુણાંતિકાના સૂચિતાર્થો | તૃપ્તિ પારેખ | ૧૭ |
| આદિવાસી અધિકાર બીલ, ૨૦૦૫ | તૃપ્તિ પારેખ | ૨૦ |
| હોંગકોંગ પાસેથી ભારત શું શીખી શકે ? | બરુન મિત્રા | ૨૩ |
| સંશયાત્મક પર્યાવરણવાદી - ૪<br>પ્રદૂષણ અને રસાયણોનો ભય | અંબરીષ મહેતા | ૨૭ |
| ભારતની વાદ-વિવાદની પરંપરા | અમર્ત્યા સેન | ૩૭ |
| રાજ્યને ધર્મ સાથે નિસ્બત કેટલી ? | અશ્વિન કારીયા | ૪૦ |
| નાસ્તિક - આસ્તિક વચ્ચે વાસ્તવિક સેતુ આવકાર્ય | ગૌતમ ઠાકર | ૪૧ |
| ચર્ચાની એરણે<br>સંશયાત્મા નથી બનવું , પણ વિવેકાત્મા જરૂર બનવું છે | કાન્તિ શાહ | ૪૩ |
| વિવેકબુદ્ધિનો તકાજો શું છે ? | અંબરીષ મહેતા | ૪૬ |
| બુદ્ધિનિષ્ઠા | કાર્લ પોપર | ૫૦ |

'ખોજ' દ્વિમાસિકનો આ અંક આર્ચના 'પહેલ' કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

વાર્ષિક સહયોગ રાશિ રૂા. ૧૨૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા. તમારા સરનામા સાથે ફોન નંબર અચૂક લખી મોકલશો.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

ઈસુનું ૨૦૦૬નું વરસ કયા સૂચિતાર્થો સાથે શરૂ થઈ રહ્યું છે? ૮૦ના દાયકા સુધી ૩ ટકા 'હિંદુ વિકાસ દર' પર સ્થગિત રહેલો વિકાસ દર બમણો થઈને ૭ ટકાના દરે આગળ વધી રહ્યો છે, ત્યારે વિકાસની સાથે કવચકુંડળની જેમ જોડાયેલા સવાલ સામે આવ્યા વિના રહેતા નથી.

પહેલો સવાલ છે - વિકાસ શું કોઇના ભોગે કરવાનો હોય ? વર્ષની શરૂઆતમાં જ ઓરિસ્સાના કલિંગનગર ખાતે સર્જાયેલી કરુણાંતિકાની ચર્ચા કરતા તૃપ્તિ જણાવે છે કે દેશનાં પાછળ રહી ગયેલાં રાજ્યોમાં વિકાસની પ્રક્રિયા તેજ બને તે જરૂરી હોય તો પણ જેમના નામે વિકાસની વાત થાય છે તે આદિવાસીઓના ભોગે તો હરગિજ થઈ ન શકે. અને ખરેખર તો ઉદારીકરણના નવા માહોલમાં ઉદ્યોગો માટે લોકોની જમીનો ફરજિયાત સંપાદન કરવાની જ ના હોય. અને તે જ પ્રમાણે ખનીજ તેમજ અન્ય કુદરતી સંસાધનો પર આજદિન સુધી સરકારે જે પોતાનો એકાધિકાર સ્થાપેલો છે તે અંગે પણ પુનર્વિચાર થવો જોઈએ. આમ થશે તો જ જેમના નામે આ વિકાસ થઈ રહ્યો છે તે આદિવાસીઓ વિકાસ પ્રક્રિયાના સક્રિય ભાગીદાર બની શકશે.


વિકાસની સાથે જોડાયેલી બીજી સમસ્યા વધતાં પ્રદૂષણની છે. 'સંશયાત્મક પર્યાવરણવાદી' શ્રેણીની આ ચોથી કડીમાં પ્રદૂષણની આ સમસ્યા તેમજ રસાયણોના, ખાસ કરીને પેસ્ટીસાઈડોના, આપણા ભયને વિગતે તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આપણા જેવા વિકાસશીલ દેશોમાં જેમ જેમ વિકાસ વધતો જાય છે તેમ તેમ હવા અને પાણીના પ્રદૂષણની સમસ્યા પણ ગંભીર બનતી જાય છે તે હકીકત છે. પરંતુ લોમ્બોર્ગે વિગતે સમજાવ્યું છે કે દુનિયાના બધા દેશોમાં એ જ તરાહ જોવા મળે છે કે વિકાસની શરૂઆતના તબક્કામાં વિકાસની સાથે સાથે પ્રદૂષણ પણ વધે છે, પરંતુ ત્યાર પછી આવક એક સ્તરે પહોંચી જાય ત્યાર પછી એ ઘટવા માંડે છે. આમ પ્રદૂષણને વિકાસના અનિવાર્ય પરિણામ તરીકે જોવાને કોઈ કારણ નથી. 'રસાયણો, અને ખાસ કરીને માનવસર્જિત પેસ્ટીસાઈડોના વપરાશને કારણે કેન્સરનો એપીડેમિક ફાટી નીકળ્યો છે'ના આપણા ડરને પણ એણે વિગતે તપાસ્યો છે અને એ વિશે અત્યંત રોચક માહિતી પૂરી પાડી છે.

હમણાં થોડા વખત પહેલાં જ નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્યા સેનનું 'The Argumentative Indian' પુસ્તક પ્રકાશિત થયું. તેમાં તેમણે પ્રાચીન ભારતમાં રહેલી વાદ-વિવાદ, દ્વન્દ્વાત્મકતાની લાંબી પરંપરાની ચર્ચા કરી છે અને તેના પરિપ્રેક્ષ્યમાં આજની લોકશાહી અને ધર્મનિરપેક્ષતાને મૂલવવા અને સમજણ કેળવવા પર તથા ગરીબી અને અસમાનતાના પ્રશ્નોને સુલઝાવવા પર ભાર મૂક્યો છે. આ પુસ્તકની તેમની પ્રસ્તાવના પુસ્તકનો સુંદર પરિચય કરાવે છે. તેમાંની મુખ્ય વાતોનો ભાવાનુવાદ પણ આ અંકમાં આપ્યો છે.

'સ્વતંત્રતા-જ્ઞાન અને બજાર'ની ચોથી કડીમાં અનિલભાઈ 'કાયદાનું શાસન' અને બજાર વ્યવસ્થાની સામે ઊઠેલી પ્રતિક્રિયા અને 'સાર્વભૌમ લોક'માંથી નીપજેલા લીગલ પોઝીટીવઝમ અને તેમાં રહેલા સમાજવાદનાં મૂળ ચર્ચે છે.

'સંશયાત્મક પર્યાવરણવાદી' શ્રેણી પરનો તેમનો પ્રતિભાવ આપતાં કાન્તિભાઈએ વિકાસની પ્રક્રિયાને લગતા કેટલાક પાયાના સવાલ ઊભા કર્યા છે. 'ચર્ચાની એરણે'માં આ પાયાના મુદ્દાઓની ચર્ચા આગળ લઈ જવાની શરૂઆત કરીએ છીએ. આશા છે કે અન્ય વાચક મિત્રો પણ એમાં ભળશે અને વિચાર-સફાઈના આ યજ્ઞમાં પોતાનો ફાળો આપશે. શ્રી બરુન મિત્રા, અશ્વિન કારિયા અને ગૌતમ ઠાકરના લેખો પણ સમાવી શકાયા છે તેનો આનંદ છે. તેમનો ખૂબ ખબ આભાર. અન્ય મિત્રો પણ પોતાના લેખો, પ્રતિભાવો, ટીપ્પણી મોકલતા રહેશે એવી આશા છે. -સંપાદક.

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

'ખોજ'નો છેલ્લો અંક મળ્યો. તેમાં પ્રગટ થતા લેખો વાંચવા ગમે છે. કારણ કે તેમાં આપણી સામે ઊભા થયેલા પ્રશ્નો વિશે લખાય છે. અનિલભાઈ સ્વાતંત્ર્યપ્રેમી છે. તેમની પાસે કર્મશીલનો લાંબો અનુભવ છે અને તેના આધારે ઊભી થતી દૃષ્ટિ અને સમજ છે, જે એક યા બીજા સ્વરૂપે 'ખોજ'માં વ્યક્ત થાય છે. સમગ્ર તંત્રી-સંપાદક મંડળને મારા અભિનંદન તથા શુભેચ્છાઓ.

અંકોમાં આપ જે સંસ્કૃત ઉક્તિ ટાંકો છો તે ગમે છે. પરંતુ તેના પાઠમાં ભૂલ થાય છે. ખરો પાઠ आ नो भद्रा क्रतव: यन्तु विश्वत: છે. પહેલો શબ્દ या નથી आ છે. ઘટતો સુધારો કરવા વિનંતી.

*- પ્રો. દેવવ્રત પાઠક, અમદાવાદ*

'ખોજ'ના સપ્ટેમ્બર, ઓક્ટોબર ૨૦૦૫ના અંક નં. ૪માં પાણીની કટોકટી વિષયક લેખ વાંચ્યો. છણાવટ ઘણી વિષદ, સંપૂર્ણ છે. આનંદ આવ્યો.

તા. ૧૭-૧૨-૨૦૦૫ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં સરદાર સરોવર બંધ સંબંધી રવી કુચીમંચીનો આર્ટીકલ છે. આ સંબંધમાં તમો વધારે માહિતી મેળવી યોગ્ય કરી શકો.

*- એચ.એ. બુચ, દ્વારકા*

સપ્ટેમ્બર-ઓકટો.-૦૫નો 'ખોજ'નો અંક મળ્યો. તેમાં અંબરીષ મહેતા લિખિત 'ભારતની પાણીની કટોકટી'- 'વિશ્વબેંક સામે મને વાંધો નથી, પણ. . .' લેખ ખરેખર તલસ્પર્શી છે.

સિંચાઈ યોજનાઓના સંદર્ભમાં જણાવવાનું કે અમારે ત્યાં ઉકાઈ યોજનાનું પાણી આવે છે. અમારા ગામની જમીન કાળી અને ચીકણી છે, જ્યારે ભૂગર્ભ જળ ખારું છે. સન ૧૯૬૨ની આસપાસથી નહેરોમાં પાણી આવ્યાં ત્યારથી પાણીની સપાટી ઉપર આવી અને સિંચાઈ યોજના પહેલાં જે માતબર જમીન ગણાતી હતી, તે ક્ષારમય બનવાની શરૂ થઈ. જે બાબત નરી આંખે દેખી શકાય છે અને કાર્ય-કારણ હકીકત સિદ્ધ કરવા માટે કોઈ વધારે સંશોધનની આવશ્યકતા પણ નથી, તેવી હકીકત પણ સરકારી અધિકારીઓ સ્વીકારતા નથી.

*- કે. ટી. પટેલ, કુંકણી, જિ. સુરત*

આપના તરફથી 'ખોજ'નો અંક ૪ મળ્યો છે. વાંચી ગયો છું. ખૂબ સારી રજૂઆત છે અને શ્રી અંબરીષભાઈ મહેતાનો - પાણીની કટોકટી લેખ વાંચ્યો. ખૂબ જ સારું અધ્યયન કરીને વિગતો આપી છે. શ્રી અનિલભાઈ પટેલનો ભૌતિક સુખાકારી - પ્રતિતર્ક ખૂબ જ મહત્ત્વનો લેખ છે. સમયસરનો છે. આપ સર્વને અભિનંદન પાઠવું છું.

આ સાથે પાણી અંગે અમે પ્રયોગ કર્યા તેની વિગતો મોકલું છું. દુષ્કાળગ્રસ્ત વિસ્તારો કે મબલખ પાણીવાળા વિસ્તારોમાં સ્વચ્છ શુદ્ધ પાણી અંગે વિચારવું પડશે. છાપવા જેવું લાગે તો જોશો.

*- છેલભાઈ જ. શુક્લ, ગોપાળધામ, જિ. રાજકોટ*

'ખોજ'નો અંક ૪ ઘણા દિવસ અગાઉ મળ્યો. એક સૂચન. 'ખોજ'માં પ્રકાશિત થતાં લખાણો સબબ લેખકોનું ફલક વિસ્તારો. આ બાબતે અંકમાં ડૉ. પ્રજ્ઞા ચુડાસમા તથા બી.એ. પંડયાએ વ્યક્ત કરેલ પ્રતિભાવ તરફ આપનું ધ્યાન દોરું છું. 'ખોજ'માં પ્રકાશિત થતાં લખાણો સંપાદક મંડળના સભ્યો પૂરતાં મર્યાદિત છે એવી છાપ ઊપસવી ન જોઈએ.

*- લાહિરી શાહ, હૈદ્રાબાદ*

કોઈક જગ્યાએ જવાનું થયું, ત્યાં પડયું હતું આપનું 'ખોજ'. પાનાં ઉથલાવ્યાં. ગમી એક કૃતિ- 'રીટાની કહાની' ને 'આવ્યો મળવા ને બેસી ગયો દળવા' મુજબ પૂરી કૃતિ વાંચી ગયો. ગમી. ડૉ. એસ. શ્રીધર અને આપને અભિનંદન. ડૉ. પ્રજ્ઞા ચુડાસમા, રાજકોટનો પ્રતિભાવ પણ મનનીય અને વિચારણીય છે જ. આપ 'કેપ્સ્યુલ'ની જેમ ગળચટ્ટા સ્વાદમાં કડવા ઘૂંટ ઉતારવા હળવી કૃતિ સાથે વિચારક્ષમ લેખનું ઉમેરણ કરાવો, તો મારી

દૃષ્ટિએ ખોજ અવિરત નવા વાચકોને આવિષ્કાર કરાવતું રહેશે જ, એમ લખીશ તો અસ્થાને નહીં રહે.

*- મનિષ જોષી, વડોદરા.*

દેશમાં કેવળ અમુક સીઝનમાં પાણીની કટોકટી થાય છે. પણ ગુજરાતનાં ગામડાંમાં પાણીની તીવ્ર અછત ચાલે છે અને પાણી વગર પ્રાણીઓને મરવું પડે છે. ગામડાં ખાલી થવા લાગે છે. સમાચારની સાથે 'દિલથી નહિ, દિમાગથી વિચારીએ' લેખ ગમી જાય તેવો છે. આજે મુસ્લિમ અને હિન્દુઓ વચ્ચે ભાગલા-મતભેદ ચાલે છે અને વેરભાવ ચાલે છે, તેને માટે જવાબદાર આપણે ઈન્સાન છીએ. માનવે અગર ભેદભાવ વગર જીવન જીવવું હોય તો એક બીજા જોડે મિત્રતા અને સહકારની જરૂર છે.

*- ઘનશ્યામભાઈ / હંસાબેન ભરૂચા, મુંબઈ*

સપ્ટે.-ઓક્ટો.નો અંક ગમ્યો છે. મીઠાની વાત મીઠી લાગી નથી. એ સંદર્ભમાં મીઠું આપણી સ્વરાજ-લડતનો પાયો હતું. આવું મીઠું આયોડિનયુક્ત ૨૦-૨૨ રૂા. કિલો મળે એમાં મોટી કંપનીને જ ફાયદો. ફરજિયાત ખાવું જ પડે અને લેવું પડે એ લોકશાહી નથી.

હોંગકોંગમાં વિશ્વના દેશોની WTOની પરિષદ મળી ગઈ. ૨૦૧૬ સુધીમાં સબસિડી બંધની વાતો નક્કી થઈ, પણ આપણે માટે તો આ મોતનો ગાળિયો બની રહે એવી દહેશત રહે જ. આવું જ જલ-વાયુ પરિવર્તનની પરિષદ ભરાઈ ગઈ તેમાં થયું. વિકાસશીલ દેશ તરીકે ભારત-ચીન આગળ આવી રહ્યા છે. પણ સૌથી પ્રદૂષણ ફેલાવતા આર્થિક સામ્રાજ્ય ધરાવતા નેતા દેશો અમેરિકા, ઈંગ્લેંડ, ફ્રાંસ પોતે બંધાવા કે પગલાં લેવા ઉત્સુક નથી. 'દિલથી નહીં, દિમાગથી વિચારીએ' શ્રી ઝકરિયાનો તથા 'મુસલમાનો આટલું કરી શકે' ડૉ. ફારુકનો લેખ નવી દિશા તરીકે, પ્રાસંગિક સંજોગોમાં સમજ આપતો લેખ. આવકારદાયક.

*- બી.એ. પંડ્યા, સૂરત*

## એક વિજ્ઞપ્તિ

સૌ પ્રથમ તો ક્ષમાયાચના. દર વખતની જેમ, આ અંક બહાર પાડવામાં પણ વિલંબ થયો છે. બીજાં ચાલુ કામોનું દબાણ તો રહે જ છે. પરંતુ મૂળે પહેલા અંક પછી બીજો અંક બહાર પાડવામાં જે દોઢેક મહિનાનો વિલંબ થયેલો તે જ આગળ ખેંચાતો આવ્યો છે. પરિણામે આજે પરિસ્થિતિ એ પેદા થઈ છે કે જાન્યુઆરીના અંતમાં તો હજી નવેંબર-ડિસેંબર ૦૫નો અંક પ્રેસમાં જઈ રહ્યો છે! જો કોઈ રસ્તો નહીં કાઢવામાં આવે તો આ જ પરિસ્થિતિ આગળ પણ ચાલુ રહે.

એટલે ના છૂટકે આ અંકને નવેંબર-ડિસેંબર ૦૫ અને જાન્યુઆરી-ફેબ્રુઆરી ૦૬નો સંયુક્ત અંક (૫ અને ૬) ગણી લેવાની ફરજ પડી છે. વરસમાં છ અંકો આપવાનું વચન નિભાવવામાં પાછા પડી રહ્યાં છીએ તેનો બેહદ અફસોસ છે. પરંતુ આશા રાખીએ છીએ કે આપ સૌ આ ગુસ્તાખી માફ કરશો.

આમ, આ અંક સાથે 'ખોજ'નું પહેલું વર્ષ પૂરું કરીએ છીએ. હવે પછીનો બીજા વર્ષનો પહેલો માર્ચ-એપ્રિલ ૦૬નો અંક માર્ચની આખર સુધીમાં પ્રકાશિત કરીશું. અને ત્યાર પછી દર બે મહિને 'ખોજ' નિયમિત રીતે પ્રકાશિત થતું રહે એ માટે અમારાથી બનતા તમામ પ્રયત્નો કરીશું.

સાથે સાથે એ પણ યાદ દેવડાવી દઈએ કે આ અંક સાથે જ પહેલા વર્ષનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે. એ ઉપરાંત, અમુક વ્યક્તિ / સંસ્થાઓને શુભેચ્છક અંકો પણ મળ્યા હશે. 'ખોજ' જો પસંદ પડયું હોય તો બીજા વર્ષનું લવાજમ અને યોગદાન મોકલવા હાર્દિક અપીલ કરીએ છીએ. શરૂઆતના ગાળા માટે 'ખોજ' ચલાવવા માટે આર્થિક ગોઠવણ કરી છે. પણ, આ કામ લાંબા સમય સુધી ચાલુ રાખવા માટે તે પોતાના પગ પર ઊભું રહેતું થાય તે અત્યંત આવશ્યક છે.

છેલ્લે, પણ ખૂબ જ અગત્યની વાત. ઘણા વાચક મિત્રોના પ્રતિભાવોનો એક સૂર એ છે કે 'ખોજ'નાં લખાણો માત્ર સંપાદક મંડળ પૂરતાં જ ના રહેવાં જોઈએ. વાત સાચી જ છે. વધારે ને વધારે વ્યક્તિઓ આ અભિયાનમાં જોડાય એવી અમારી હાર્દિક ઇચ્છા પણ છે. વ્યક્તિ, સમાજ અને દેશના રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક પ્રશ્નોની છાનબીન અને એના ઉપાયોની ખોજ આરંભી છે. આ બધા પ્રશ્નો આપણા સૌની સહિયારી નિસબત છે. એ 'ખોજ'માં આપ સૌને જોડાવાનું ઈજન આપીએ છીએ. તમારા સ્વતંત્ર લેખો અને / અથવા છેડાયેલા પ્રશ્નો અંગે પ્રતિભાવો / મંતવ્યોની કાગડોળે રાહ જોઈએ છીએ. હકીકતમાં, ઇચ્છીએ કે હવે પછીના પ્રતિભાવો પ્રશંસાને બદલે ખોજમાં ચર્ચાયેલા પ્રશ્નો સંબંધી ઠોસ પ્રતિભાવો / ચર્ચાના સ્વરૂપમાં આવે.

સૌને નવા વર્ષની શુભકામનાઓ સાથે, *- સંપાદક*

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર - ૪

## કાયદાનું શાસન વિરુદ્ધ લીગલ પોઝીટીવીઝમ - સમાજવાદનો ઉદય

- અનિલ પટેલ

*If we wish to remain human, there is only one way, the way into open society. We must go into the unknown, the uncertain and insecure, using what reason we may have to plan for both, security and freedom.*

*K.R. Popper (1950)*

*It is the most important and perhaps the decisive demand of liberalism that interference with the rights reserved to the individuals is not permitted on the basis of individual but only on the basis for general laws.*

*F.L. Neumann (1957)*

*(T)he totalitarian state is simply and solely legal positivism in political practice.*

*E.Brunner (1945)*

ઇંગ્લેન્ડમાં લીબર્ટી (વ્યકિતસ્વાતંત્ર્ય) ઊંડાં મૂળિયાં નાખી ચૂકી હતી. લીબર્ટીના પાયામાં રહેલા કાયદાના શાસનના સિદ્ધાંત આધારિત એક સમાજ-વ્યવસ્થા આકાર લઇ ચૂકી હતી - બજાર વ્યવસ્થા. આના કારણે ઇંગ્લેન્ડ એક અભૂતપૂર્વ શાંતિનો તેમજ સામાજિક અને આર્થિક ઉન્નતિનો અનુભવ કરી રહ્યું હતું. સમગ્ર યુરોપ માટે ઇંગ્લેન્ડ એક અનુકરણ માટેનો નમૂનો બની ચૂકયું હતું. તેની સાથે ને સાથે ૧૯મી સદીની શરૂઆતથી જ કાયદાના શાસન સામે એક ઊંડી પ્રતિક્રિયા ઊઠવાની પણ ચાલુ થઇ ચૂકી હતી. કાયદાના શાસને રાજ્યસત્તા ઉપર દંડશકિતનો ઉપયોગ કરવા સામે જે સજ્જડ મર્યાદાઓ મૂકી હતી તેની સામે વિરોધ મંડરાઇ રહ્યો હતો. આ વિરોધના વાહકો બન્યા સમાજસુધારણા કરવા થનગની રહેલા નવ બૌદ્ધિકો. એવું તે શું હતું કે આ સુધારકો લીબર્ટીના આખા માળખાને વીંખી-પીંખી નાખવા થનગની રહ્યા હતા?

### કાયદાનું શાસન-મુકત બજાર વ્યવસ્થા

ઇંગ્લેંન્ડમાં કાયદાનું શાસન છેક સત્તરમી સદીથી મંડાવાનું ચાલુ થઇ ગયું હતું. ૧૮મી સદીમાં તો તેના પાયાના સિદ્ધાંતો મંડાઈ ગયા હતા અને સર્વમાન્ય પણ બની ગયા હતા.

૧૮મી સદીમાં મેન્ડેવીલે તેની થિયરીની દિશામાં આગળનાં પગલાં લીધાં. મેન્ડેવીલે સૌ પ્રથમ સમાજવ્યવસ્થાની એક મૂળભૂત લાક્ષણિકતા ઉપર બધાનું ધ્યાન દોર્યું. તેણે બતાવ્યું કે દરેક વ્યકિત પોતાના અંગત હેતુઓની પૂર્તિ માટે જ વ્યસ્ત હતી અને નહીં કે સમાજના સમાન હેતુઓની સિદ્ધિ અર્થે; આમ છતાં અલગ હેતુઓ માટે મથતી વ્યકિતઓના પ્રયત્નોનો સમન્વય કોઈ અમૂર્ત નિયમો કરતા હતા જેના

પરિણામે સર્જાતી વ્યવસ્થામાં દરેક વ્યકિત અન્યોના હેતુઓની પૂર્તિ કરતી હતી. તેની એક આશ્ચર્યજનક શોધ એ પણ હતી કે આ નિયમો કોઈએ સભાનતાપૂર્વક શોધ્યા ન હતા, પરંતુ સ્વયંભૂ ઊભા થયા હતા. આ નિયમોના ઉદ્‌ભવ અને કારણોની શોધ ડેવિડ હ્યુમે કરી. હ્યુમે બતાવ્યું કે એક લાંબી, સમાજવ્યાપી પ્રક્રિયામાં ભૂલો અને તેનું નિવારણ કરતી પ્રક્રિયાના પરિણામે અમુક સર્વસ્વીકૃત સાર્વત્રિક નિયમો ઉદ્‌ભવતા હોય છે. જરૂરી સંસાધનોની અછત અને માનવીય ઉદારતાની મર્યાદાથી સર્જાતી અનિવાર્ય માનવીય પરિસ્થિતિના તર્કમાંથી આ નિયમો ઉદ્‌ભવે છે. જો આખી પ્રક્રિયા મહદ્‌અંશે સ્વતંત્ર અને સ્વયંભૂ હોય તો લગભગ હ્યુમે તારવ્યા તેવા જ નિયમો કોઈપણ સમાજમાં ઉદ્‌ભવતા હોય છે. આ પરિસ્થિતિની નિહિત ''કેદીની દ્વિધા''ની સમસ્યા રહેલી છે; તેનો સૌથી ઈષ્ટતમ (Optimum) અને માનવીય ઉકેલ આમાં રહેલો છે. હ્યુમે ત્રણ નિયમો તારવ્યા :

(૧) નિજી માલિકીની સંપત્તિનું સ્થાયીપણું
(૨) નિજી સંપત્તિની સંમતિપૂર્વકની તબદીલી
(૩) આપેલા વાયદાનું પાલન

આ ત્રણ મૂળ નિયમોમાંથી કાનૂનનું આખું માળખું ઊભું થાય છે અને કાયદાનું શાસન (Rule of Law) સ્થપાય છે. આ નિયમો અમૂર્ત અને સાર્વત્રિક છે; કોઈ પણ ચોકકસ તત્કાલીન હેતુઓની પૂર્તિ કરવા માટે તે રચાયા નથી હોતા; તેના ચુસ્ત પાલન વગર કયારેય શાંતિપૂર્ણ અને સુમેળ ધરાવતી બૃહદ્ સમાજ-વ્યવસ્થા ઊભી થતી નથી કે ટકી શકતી નથી.

કાયદાના શાસનની બે મુખ્ય લાક્ષણિકતાઓ છે. એક, કાયદાનું શાસન રાજ્યની મનસ્વી સત્તા ઉપર સખત અંકુશ લાદે છે. શાસન દંડશક્તિનો ઈજારો જરૂર ધરાવે છે, પરંતુ તેનો ઉપયોગ અમૂર્ત નિયમોનું ચુસ્ત પાલન કરાવવા પૂરતો મર્યાદિત રહે છે. સર્વને વિદિત આ અમૂર્ત નિયમોની મર્યાદામાં રહેનાર ઉપર દંડશકિતનો પ્રયોગ કરી શકાતો નથી. બે, આ કાયદાના શાસનની આણ હેઠળ જ વ્યકિત તેનું નિજી સત્તાક્ષેત્ર (Private domain- life, liberty and private property) જાતે જ અંકિત કરે છે. આ ક્ષેત્રની અંદર તે કાંઈપણ કરવાને સ્વતંત્ર છે. આ સ્વતંત્રતા ઉપરની મર્યાદા એ જ કે તે બીજા કોઈના નિજી ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરી ના શકે. આ નિજી સત્તાક્ષેત્રની અંદર જ વ્યકિતનું આર્થિક સ્વાતંત્ર્ય સહજ રીતે રહેલું છે. આની ઉપર જ મુકત બજારની સમાજવ્યાપી વ્યવસ્થા ગોઠવાય છે. કાયદાનું શાસન, વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને મુકત બજાર વ્યવસ્થા એકબીજા સાથે અભિન્નપણે સંકળાયેલાં છે. આ જ છે હ્યુમની થિયરીનો સાર.

## બ્રિટીશ લીબરાલીઝમ વિ. ફ્રેંચ લીબરાલીઝમ

ઇંગ્લેંન્ડમાં વિકસેલા કાયદાના શાસન હેઠળના વ્યકિતસ્વાતંત્ર્યે યુરોપ આખામાં સ્વતંત્રતાની ભૂખ જગાડી અને ચળવળને બળ આપ્યું. ફ્રાંસના વોલ્ટેર, મોન્ટેસ્કયુ અને રુસો જેવા પ્રખર બુદ્ધિમત્તા ધરાવતા વિચારકો આ વિચારને યુરોપમાં લઈ ગયા. આ બધા વિચારકો, મનુષ્યબુદ્ધિથી કોઈપણ ધારેલી સમાજનવરચના કરી શકાય છે તેવી દકાર્તિયન રેશનાલિસ્ટ થિયરીથી એટલા બધા પ્રભાવિત હતા કે ઈંગ્લીંશ લીબર્ટીના ખરા મર્મને સમજી ના શકયા. ઈંગ્લીંશ લીબર્ટી કોઈ માનવસમૂહે સમજણપૂર્વક, સભાનતાથી ઘડેલા કાયદા-કાનૂનનું પરિણામ ન હતી; આ ધારાધોરણો તો એક લાંબા ગાળા સુધી ચાલેલી સ્વયંભૂ પ્રક્રિયાનું પરિણામ હતું.

વળી ફ્રાંસમાં આપખુદ રાજાશાહીની સત્તાઓ અમર્યાદિત હતી તેના કારણે કાયદા હેઠળની લીબર્ટીનો ઈંગ્લીશ પ્રજાને જે અનુભવ હતો તે તેમને હતો જ નહીં. આવાં બધાં કારણોસર તેઓ સાવ ભળતું જ અર્થઘટન કરી બેઠા. તેમણે તો માની જ લીધું કે મનગમતા ન્યાયી કાનૂનોની રચના કરી શકાય અને તેના આધારે બુદ્ધિપૂર્વકના આયોજનવાળી લીબર્ટીની રચના કરી શકાય. વોલ્ટેરે તો ત્યાં સુધી કહ્યું કે જો જૂના કાયદાઓ ના ગમતા હોય તો તેને બાળી દો અને તમને મનપસંદ નવા કાયદા બનાવી લો. વોલ્ટર જેવો પ્રખર ચિંતક પણ ધીમેધીમે ઉત્ક્રાંતિત થતા ન્યાયી નિયમોની આખી વાત જ ચાતરી ગયો. આવું ભળતું અર્થઘટન પામેલો લીબર્ટીનો વિચાર ત્યાંથી જર્મનીમાં અને ત્યાંથી યુરોપના બીજા દેશોમાં ફેલાયો. શાસકોની મનસ્વી સત્તા ઉપર સખત અંકુશો મૂકતા, લીબર્ટીને શકય બનાવતા ઈંગ્લીશ વિચારનો હેતુ આ દેશોમાં પણ સ્વીકાર્ય હોવા છતાં ન્યાયી કાયદો કોને કહેવો અને તેને રચનાર કોણ જેવા મહત્ત્વના મુદ્દાઓ ઉપર બંન્ને એકબીજાથી જુદા પડયા.

કાળક્રમે લીબરાલીઝમની બે વિચારધારાઓ ઊપસી આવી : બ્રિટીશ લીબરાલીઝમ અને યુરોપીયન લીબરાલીઝમ (અહીં એક સ્પષ્ટતા : બ્રિટીશ લીબરાલીઝમના બધા જ પ્રખર સમર્થકો અને ચિંતકો બ્રિટીશ હતા તેવું નથી, કે નથી તેવું ફ્રેન્ચ લીબરાલીઝમનું). બ્રિટીશ લીબરાલીઝમની મુખ્ય ચિંતા એ કે રાજયની સત્તાનો વ્યાપ કેટલો રાખવો; જ્યારે ફ્રેન્ચ લીબરાલીઝમની મુખ્ય ચિંતા એ કે રાજયસત્તા કોના હાથમાં મૂકવી? બીજા શબ્દોમાં : ફ્રેંચ વિચારનો મુખ્ય સિદ્ધાંત એટલે બહુમતી ધરાવતા પ્રતિનિધિઓની અમર્યાદ સત્તા - આજની લોકશાહી; અને બ્રિટીશ વિચારનો મુખ્ય સિદ્ધાંત એ કે રાજયની સત્તાને

મર્યાદામાં કેવી રીતે રાખવી- એટલે કે કાયદાનું શાસન.

બ્રિટીશ લીબરાલીઝમની ખાસિયતો સમજવી જરૂરી છે. આ વિચાર પ્રમાણે સમાજમાં બે પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે --

### (૧) સ્વયંભૂ વિકાસ પામતી વ્યવસ્થા (Spontaneous Order) :

આ વ્યવસ્થા સાર્વત્રિક, અમૂર્ત નિયમો આધારિત છે. આ વ્યવસ્થાને તેના પોતાના કોઇ ચોકકસ અને નકકર હેતુઓ હોતા નથી; નથી તેનું સંચાલન કરનારી કોઇ માનવીય સત્તા કે એજન્સી. તેમાં વ્યકિતઓ તેમના જ્ઞાનનો ઉપયોગ પોતાના અંગત હેતુઓની પૂર્તિ માટે કરવા સ્વતંત્ર છે.

### (૨) વ્યવસ્થાતંત્રો (Organisations) :

બીજી વ્યવસ્થા છે સમાજમાં જોવા મળતાં અન્ય વ્યવસ્થાતંત્રોની. આ વ્યવસ્થાતંત્રો કોઇ ચોકકસ હેતુને સિદ્ધ કરવા બનેલાં છે. તેમને ચલાવનાર કોઇ સત્તાધીશ છે, જે આખા તંત્રને દોરવણી આપે છે. કારખાનાં, ખેતરો, શાળાઓ, કોલેજો, ન્યાયની અદાલતો અને રાજ્ય પણ આવાં વ્યવસ્થાતંત્રો છે.

આ બે જાતની વ્યવસ્થા વચ્ચેના તફાવતો મહત્ત્વના છે. બંને વ્યવસ્થાઓના સિદ્ધાંતોને એકબીજાથી સ્પષ્ટ રીતે જુદા સમજવા જોઇએ, તેમાં કોઇ ભેળસેળ થવા દેવી જોઇએ નહીં.

### સ્વયંભૂ વ્યવસ્થા (Spontaneous Order) :

તેનું પહેલું લક્ષણ એ છે કે આવી વિશાળ અને સંકુલ વ્યવસ્થાને આપણે આયોજનપૂર્વક કયારેય ઊભી કરી શકીએ નહીં. વ્યવસ્થાની વિગતો પણ નકકી કરવી અને તેના બધા લાભો પણ મેળવવા એમ બંને કરી શકાય નહીં. લાભો લેવા માંગતા હોઇએ તો તેની નક્કર વિગતો નકકી કરવાની સત્તા ઉપર ધરખમ મર્યાદાઓ સ્વીકારવી પડે. આ વ્યવસ્થાને માર્ગદર્શન આપતું અને સંચાલન કરતું કોઇ સત્તામાળખું હોઇ ના શકે.

બીજું લક્ષણ એ કે આ વ્યવસ્થાને તેના કોઇ નક્કર હેતુઓ હોતા નથી. જ્યારે વ્યવસ્થાતંત્રોમાં તે હંમેશાં જોવાના મળે જ. આ કારણે આ વ્યવસ્થામાં કયા નક્કર પરિણામો આવશે તે વિશે કોઇ સહમતી હોવી જરૂરી નથી. સમાન હેતુઓનું હોવું કે પૂર્વનિશ્ચિત પરિણામો મેળવવાં તે આ વ્યવસ્થાની જરૂરી શરતો નહીં હોવાથી આ વ્યવસ્થામાં સાવ ભિન્ન હેતુઓ અર્થે કામ કરતા મનુષ્યો જોવાના મળે. ઘણી વાર તો હેતુઓ સામસામે ટકરાતા પણ હોય. આવી અથડામણોમાં સમાધાન (Reconciliation) સાધવાનું કાર્ય મુકત લેવડ-દેવડ (Reciprocity)નો સિદ્ધાંત કરે છે. લેવડ-દેવડની વ્યવસ્થાના કારણે જુદા જુદા હેતુઓ સાધી શકાય છે અને અથડામણોને ટાળી શકાય છે. બંને પક્ષોને ફાયદો કરી આપતી આ વ્યવસ્થાના કારણે જ ભિન્ન ભિન્ન હેતુઓ ધરાવવા છતાં શાંતિ અને સહકારથી રહેતી એક બહુવાદી વ્યવસ્થા (Plural society) શકય બને છે.

આવી મુકત વ્યવસ્થામાં લોકકલ્યાણનું માપ બધા જ લોકોએ નકકી કરેલા હેતુઓની સિદ્ધિના સરવાળા ઉપરથી કાઢી શકાય નહીં. તેનો માપદંડ તો એ બને કે આ વ્યવસ્થા સમાજની કોઇપણ વ્યકિતને તેના જ્ઞાનનો ઉપયોગ કરીને તેના હેતુઓને સિદ્ધ કરવા કેટલી સ્વતંત્રતા આપે છે. આવી સ્વતંત્રતા જ લોકકલ્યાણને સાધે છે.

જે પ્રાગ-ઐતિહાસિક કાળમાં નજીકનાં સ્વજનો અને આસપાસના ઓળખીતા લોકોના સન્મુખ સમાજમાં સમાન હેતુઓને સિદ્ધ કરતી અને અંદર અંદર શેરીંગ અને કેરીંગ કરતી સમાજ-વ્યવસ્થાએ જન્મ લીધો અને તે માટેની ઊંડી ઝંખનાનાં મૂળ નંખાયાં તે જ કાળમાં આ સ્વયંભૂ વ્યવસ્થાનો પણ પ્રાથમિક ઉદ્‌ભવ થયો. આ વ્યવસ્થામાં સમાન હેતુઓની સિદ્ધિ નહીં પરંતુ ઉભય પક્ષને લાભદાયી લેવડદેવડને સિદ્ધ કરવાનો વ્યવહાર સ્થપાયો. આ વ્યવસ્થાની સૌથી મહત્ત્વની શરત એ હતી કે લેવડ-દેવડના નિયમો કોઇપણ પ્રકારના નકકર હેતુઓથી સ્વતંત્ર હોવા જોઇએ. લેવડ-દેવડમાં ભાગ લેતી દરેક વ્યક્તિ ચીજ-વસ્તુઓને પોતાના હેતુસર ઉપયોગ કરવાને સ્વતંત્ર હતી, અન્ય વ્યકિતઓના હેતુ સાથે તેને કોઇ નિસ્બત ના હતી. એક વાર નિયમો ઉદ્‌ભવ્યા પછી તેનું વિસ્તરણ એક વિસ્તરતા જતા વર્તુળ જેવું હતું, જેમાં અનેક અજાણ્યા માનવસમૂહો ભળવા માંડયા. આ વિસ્તરતા વર્તુળમાં કુટુંબો, કબીલાઓ, જાતિઓ, રજવાડાં અને આખું રાષ્ટ્ર પણ ધીમેધીમે આવરી લેવાયાં. આમાંથી વિશ્વસમાજની શકયતાનાં દ્વાર પણ ખૂલી જાય છે.

ઉભય પક્ષને લાભ કરી આપતા લેવડ-દેવડના નિયમો આધારિત સ્વયંભૂ વ્યવસ્થાને બજારનું અર્થતંત્ર કહેવામાં આવે છે, પરંતુ આ નામ ગેરમાર્ગે દોરે છે. મહાન સમાજને અસ્તિત્વમાં લાવતી આ બજાર-વ્યવસ્થાને એક તાંતણે બાંધી રાખનાર પરિબળો આર્થિક જ છે તે સાચું છે, પરંતુ તેને ખરી રીતે અર્થતંત્ર કહી શકાય નહીં, કારણ કે અર્થતંત્ર પરિવારનું, ખેતરનું, વેપારી પેઢીનું કે કારખાનાનું હોય જેમાં હંમેશાં

એક ચોકકસ હેતુને આયોજનપૂર્વક સિદ્ધ કરવાનું વ્યવસ્થાતંત્ર હોય. વળી, આ જ તંત્રમાં નિર્ણયો લેવા માટેનું સત્તામાળખું પણ હોય છે. આમ, કોઇ પણ, અર્થતંત્ર ખરેખર તો એક વ્યવસ્થાતંત્ર છે, તેને બજારવ્યવસ્થા કહેવાય નહીં. આ અર્થમાં રાષ્ટ્રીય, સામાજિક કે વૈશ્વિક અર્થતંત્ર એવો શબ્દપ્રયોગ કરી શકીએ નહીં, કારણ કે આ વિશાળ વ્યવસ્થામાં કોઇ ચોકકસ હેતુઓને સિદ્ધ કરવાના હોતા નથી કે નથી તેમાં કોઇ નિર્ણયો લેતું, આદેશો આપતું સત્તામાળખું. આ વ્યવસ્થા અમૂર્ત સાર્વત્રિક નિયમોથી સંચાલિત હોય છે. સરકારી તંત્ર સહિતનાં બીજાં બધાં જ વ્યવસ્થાતંત્રોથી સ્વયંભૂપણે વિકસેલી બજારવ્યવસ્થા એટલી તો જુદી પડી આવે છે કે તેને જુદું નામ આપવાથી મોટો ગોટાળો ટાળી શકાય.

આવો એક પ્રયત્ન ફ્રેડરીક હાયેકે કર્યો છે. હાયેકે આવી વ્યવસ્થાને નામ આપ્યું છે કેટેલેક્ષી (catalaxy). આ ગ્રીક શબ્દનો એક અર્થ છે, મુકત લેવડ-દેવડ અને બીજો અર્થ થાય છે, ''પોતાના સમૂહમાં દાખલ કરવો'', ''દુશ્મનને મિત્ર બનાવવો''. સાવ અજાણ્યાઓને મૈત્રીભાવે સમાવી લેતી આ વિભાવના છે. આ વ્યવસ્થાના કોઇ નક્કર હેતુઓ નહીં હોવાથી કે તેને નિયંત્રિત કરતું સત્તાતંત્ર નહીં હોવાથી તે વિરોધીઓનું નિશાન બની છે. આ વ્યવસ્થાનું ચાલન કરતાં અમૂર્ત પરિબળોને આદમ સ્મીથે ''અદૃશ્ય હાથ'' (invisible hand)નું નામ આપ્યું છે. સીધા માનવીય હસ્તક્ષેપને બાકાત રાખતી આ ''અદૃશ્ય હાથ''થી ચાલતી વ્યવસ્થા સમાજવાદીઓને અમાનવીય લાગે છે તેથી તેનો વિરોધ છે. એમની માંગ જ એ છે કે કેટેલેક્ષીને ખરેખર તો એક અર્થતંત્રમાં જ બદલી નાંખવી જોઈએ, કોઈ માનવસંચાલિત કેંદ્રીય માળખાએ તેનું સંચાલન કરવું જોઈએ, જેથી પૂર્વયોજિત નક્કર સામાજિક હેતુઓ સિદ્ધ કરતું માનવીય તંત્ર તેનું સ્થાન લે. પોતાને બુદ્ધિમાન કહેવડાવતા મનુષ્યને (Homosapiens) સમાજમાં લડાઈ-ઝગડા શમાવવા માટે, જુદા જુદા હેતુઓનો શાંતિમય રીતે સમન્વય કરવા આવી અમૂર્ત, અદીઠ કાર્ય-પ્રક્રિયાનો આશરો લેવો પડે તે વાત જ ઘણા બૌદ્ધિકોને અસહ્ય લાગે છે. મનુષ્યની બૃદ્ધિ ધારે તે કરી શકે, તેવો બેકન-દકાર્તનો તર્ક તરત જ ગળે ઊતરી જાય છે. બજાર-વ્યવસ્થાને શકય બનાવતા અપૌરુષેય કાયદાના શાસન સામે કચવાટ ઊભો થાય તે સ્વાભાવિક છે.

### કાયદાના શાસનની ખાસિયતો

કાયદાનું શાસન રાજ્યની મનસ્વી સત્તા ઉપર ભારે અંકુશ મૂકી દે છે. ન્યાયી વર્તણૂકના નિયમોનું પાલન કરનારને શાસન અડકી શકતું નથી, ફકત તેનો ભંગ કરનાર જ દંડશક્તિને પોતાના તરફ નોંતરે છે. કોઈપણ સ્તરના સત્તાધીશને વિવેકયુક્ત ભેદભાવ (discretion) કરવાનો, છૂટછાટો આપવાનો કોઈ અધિકાર નથી. રાજ્યે આવા કાયદાનું પાલન કરાવવા સિવાય બીજા કોઈ પણ ક્ષેત્રમાં પ્રવેશવું હોય તો પ્રવેશી શકાય છે પરંતુ તેમાં દંડશક્તિનો ઉપયોગ કરવાનો નથી. વળી, સત્તાનો ઉપયોગ તેની ઈજારશાહી ઊભી કરવા માટે કરવાનો નથી. રાજ્યનાં આ બે પ્રકારનાં ક્ષેત્રો વચ્ચેની ભેદરેખા હંમેશાં સ્પષ્ટ રહેવી જોઈએ. દંડશક્તિની રાજ્યની ઈજારાશાહી ખરી, પણ તેનો ઉપયોગ કરવાની સત્તા અલ્પતમ. જ્યારે બીજા ક્ષેત્રમાં રાજ્યની ઈજારશાહી હોઈ જ ના શકે અને તેને મુક્ત સ્પર્ધામાં ઊતરવું પડે.

ફકત બ્રિટનમાં જ મહદ્અંશે આવી વ્યવસ્થા ઊભી થઈ. યુરોપના બીજા દેશોમાં આ વ્યવસ્થાને સ્થાયી થતાં ઘણી તકલીફ પડી, કારણ કે આ દેશોના કાયદામાં એ ગૃહિત હતું કે કાયદો કોઈ પણ વ્યક્તિની વિચારપૂર્વકની કૃતિ હતી. આ દેશોમાં ન્યાયી કાયદો એટલે ધારાગૃહે જાહેર કરેલો સંકલ્પ, એવો સિદ્ધાંત સ્થાયી હતો. દકાર્તથી પ્રભાવિત હોબ્સે તો બહુ પહેલાં કહેલું જ કે ''કાયદો એટલે જ ન્યાયી કાયદો. ન્યાયી કાયદો અને અન્યાયી કાયદો એ તો પરસ્પર વિરોધી વિચારો કહેવાય''. આ સિદ્ધાંતને વળ ઉપર વળ ચઢાવવાનું કાર્ય કર્યું, પાછળથી વિકસેલા કાનૂની પ્રમાણવાદે (Legal Positivism) અને રૂસો પ્રેરિત ''લોકોની ઇચ્છા સર્વોપરી-લોક સાર્વભૌમ''ના વિચારે. આ વિચારની ચર્ચા આપણે હવે પછી કરવાની છે.

કેટેલેક્ષીનું નિયમન કરતા ન્યાયી નિયમોની સમજૂતી ૧૮મી સદીમાં ડેવીડ હ્યુમે અને ૧૯મી સદીમાં ઈમેન્યુઅલ કેન્ટે આપી છે. તેના મહત્ત્વના મુદ્દાઓ :

૧. ન્યાયની વિભાવના ફકત વ્યક્તિની વર્તણૂકને જ લાગુ પડે છે. વ્યક્તિ જેટલા અંશે તેના નિર્ણયોની અસરોને જોઈ શકે છે તેટલા અંશે જ તેની જવાબદારી બને છે, એટલા પ્રમાણમાં જ વર્તણૂકના નિયમો તેને અસર કરે છે. કેટેલેક્ષીમાં વ્યક્તિના દરેક નિર્ણયની અસરો કયા લોકો ઉપર કેવી થશે તે કોઈ કહી શકે તેમ નથી કારણ કે મનુષ્યની કરણીનાં ઘણાં ફળો વણઈચ્છિત કે વણધારેલાં હોય છે. આ મૂળભૂત વાસ્તવિકતા હોવાથી માર્કેટ વ્યવસ્થામાં જે અસરો નિર્માય છે તેને ''ન્યાયી'' કે ''અન્યાયી'' ગણવાનું અર્થહીન છે. સમાજમાં કે જગતમાં કોઈ અણગમતી કે અસહ્ય પરિસ્થિતિ જોવા મળે, જે કોઇ વ્યક્તિએ જાણીબૂજીને ઊભી ના કરી હોય તો તેની ઉપર ન્યાયની વિભાવના લાગુ પાડી ના શકાય.

૨. ન્યાયી વર્તણૂકના નિયમોનો ઉદ્દેશ્ય અન્યાય થતો અટકાવવાનો છે. અન્યાય અને નહીં કે ન્યાયની વિભાવના પ્રાથમિક ચીજ છે.

૩. કોઈના પણ નિજી સત્તાક્ષેત્રમાં વણમાંગ્યો હસ્તક્ષેપ કરવો એ અન્યાય છે.

૪. કોઈ એક ખાસ નિયમ પોતે ન્યાયી છે કે અન્યાયી તેની કસોટી હંમેશાં આવા નિયમોના સમગ્ર માળખામાં જ કરાવી જોઈએ. કસોટી હેઠળના નિયમ સિવાયના બાકીના બધા જ નિયમો ઉપર પ્રશ્નો ખડા કરાય નહીં. કોઈ પણ નિયમ સાર્વત્રિક રીતે લાગુ પડાવો જોઈએ એટલે કે, ભવિષ્યમાં ઊભા થનારા એકસરખા પ્રકારના દરેક કિસ્સામાં તે લાગુ કરાવવો જોઇએ. આખરી કસોટી તો એ જ છે કે માળખાના બધા જ નિયમો એકબીજા સાથે સુસંગત (compatible) છે કે નહીં. વળી, તે તાર્કિક રીતે સુસંગત હોય તે પૂરતું નથી, પરંતુ એ અર્થમાં પણ કે જે પગલાંને કે કાર્યોને તે વાજબી ઠેરવે તેમાંથી કલહ કે વિરોધ ઉત્પન્ન થવો જોઇએ નહીં.

## કાયદાનું શાસન અને સામાજિક ન્યાય

લીબરાલીઝમના વિચારમાં એ વાસ્તવિકતાનો સ્વીકાર છે કે મનુષ્યો તેમની વૃત્તિ, બુદ્ધિ, આવડત, કૌશલ્ય વગેરેમાં એકસરખા હોતા નથી. આવી વૈવિધ્ય ધરાવતી વ્યકિતઓને ન્યાયી વર્તણૂકના નિયમો એકસમાન રીતે લાગુ કરવામાં આવે છે - કાયદા સમક્ષ સૌ સમાન છે. દેખીતી રીતે તેનાં પરિણામો જુદી જુદી વ્યકિતઓ માટે જુદાં જુદાં આવે છે. પરિણામોનો આવો તફાવત ઘણાને અસહ્ય લાગે છે. આ સંદર્ભમાં જ ''સામાજિક ન્યાય'' કે ''ન્યાયી વિતરણ'' જેવા સંવેદનશીલ મુદ્દાઓ ઊઠયા છે. આને કેન્દ્રમાં રાખતી વિચારસરણી પ્રમાણે ન્યાયનો હેતુ જરૂર પડે સરકારે દરમિયાન થઇને પણ પરિણામોના તફાવતને ઘટાડવાનો હોવો જોઇએ. ન્યાયનો હેતુ વર્તણૂકના નિયમોનું પાલન કરાવવાનો ના રહેતાં, અમુક ચોકકસ સમૂહોને નિશ્ચિત લાભો અપાવવાનો હોવો જોઇએ. પરંતુ આવું કરીએ તો તેનો અર્થ એ થાય કે સરકારે દરેકને એકસરખા નહીં પરંતુ જુદા જુદા નિયમો લાગુ કરવા પડે. જરા ઊંડું વિચારીએ તો : દરેકને જુદા જુદા નિયમો ત્યારે જ લાગુ કરવાના થાય જ્યારે બધી જ વ્યક્તિઓ સર્વ બાબતમાં એકસમાન હોય અને કોઇ ચોકકસ નિર્ધારિત હેતુ સિદ્ધ કરવાનો હોય. આવા સંજોગોમાં જ બધી વ્યકિતઓ સમાન હોવા છતાં જુદી જુદી ગણીને દરેકને જુદાં જુદાં કામો સોંપવાં પડે. પણ આવું કરવા માટે હેતુલક્ષી વ્યવસ્થાતંત્ર અપનાવવું પડે, કેટેલેક્ષી વ્યવસ્થાને તિલાંજલી આપવી પડે, આખા સમાજ ઉપર ચોકકસ હેતુઓ લાદવા પડે અને તેને અનુરૂપ કેન્દ્રિત વ્યવસ્થાતંત્ર ઊભું કરવું પડે. રાજ્યનો વિશાળ હસ્તક્ષેપ અનિવાર્ય બની જાય. ''સામાજિક ન્યાય''ની વિભાવના કેટેલેક્ષીને તો તોડવા માંગે જ છે, પરંતુ સાથે જ વ્યકિત-સ્વાતંત્ર્યને ધરબી દેતા સર્વ-સત્તાધીશ રાજયને નોતરું પણ છે.

વળી, દંડશકિતનો આવો અમર્યાદિત ઉપયોગ કરી શકતા રાજ્યમાં ધાર્મિક કે વંશીય લઘુમતીઓની સુરક્ષા, સલામતીને સાવ સહેલાઇથી જોખમાવી શકાય છે. લઘુમતીના હક્કો, સલામતી અને કાયદા સમક્ષની સમાનતા બક્ષતા કાયદાના શાસન વચ્ચેની મજબૂત સાંકળ આ સિદ્ધાંત તોડી નાખે છે. મધ્યકાલીન યુગના અંત ભાગમાં ''સ્કુલમેન'' તરીકે જાણીતા બનેલા વિચારકોના એક જૂથે ''ન્યાયી કિંમત, વેતન''ની વ્યાખ્યા ઉપર ઘણું બારીક સંશોધન કરેલું. પછી તેઓ તેની એ જ વ્યાખ્યા આપી શકયા કે કોઇપણ જાતની છેતરપિંડી, હિંસા કે વિશેષાધિકારો વગર મુકત બજારમાં જે નકકી થાય તે ''ન્યાયી કિંમત કે વેતન''. આ ડહાપણભર્યો વિચાર ભૂલાવા માંડયો.

## આદમ સ્મીથ - બજાર વ્યવસ્થા અને ઘેરાતું તોફાન

બજાર વ્યવસ્થા પણ સમાજમાં જોવા મળતી એક વ્યવસ્થા જ છે. તેના નિયમો કયા અને તે સમાજ-વ્યવસ્થામાં શું ફાળો આપે છે તેની ઉપર પાયાનું કાર્ય હ્યુમના અનુગામી આદમ સ્મીથે અને તેના સમકાલીનોએ કર્યું.

આદમ સ્મીથના શ્રમ વહેંચણીના સિદ્ધાંતની મહાન સિદ્ધિ એ સમજણ ઉપર હતી કે માણસના પ્રયત્નોને ધક્કો આપતું બળ તેના પાડોશીઓ કે આજુબાજુના જાણીતા લોકોની જરૂરિયાતોની પૂર્તિનું નથી હોતું. તેનું પ્રેરકબળ તો હોય છે બજારની કિંમતોના અમૂર્ત સંકેતોનું. બીજા અર્થશાસ્ત્રીઓને જે સૂઝેલું નહીં તે આદમ સ્મીથને સૂઝયું કે જો બજાર કિંમતોના માર્ગદર્શન હેઠળ મનુષ્ય તેના પ્રયત્નોને ગોઠવવા સ્વતંત્ર હોય તો ઘણા વધારે મનુષ્યોને તેનો લાભ તે અજાણતા જ આપે છે. સરવાળે સમાજની ઘણી વધારે જરૂરિયાતો સંતોષાય છે. આ પદ્ધતિ અનુસરવાથી સમાજમાં ઠેર ઠેર વિખરાઇને પડેલું લાખો પ્રકારની જરૂરિયાતોની માંગો અને પુરવઠાનું જ્ઞાન જેનો પૂરો તાગ લેવાનું કોઇ પણ મનુષ્ય કે મનુષ્ય-સમૂહને માટે અશકય છે, તેનો મહત્તમ લાભ લઇ શકાય છે.

આ થિસિસ ઘણાને માટે આઘાતજનક છે. પ્રાગ-ઐતિહાસિક કાળમાં નાના સન્મુખ સમાજમાં રહેલા મનુષ્યની વૃત્તિ બનેલી છે કે આજુબાજુનાની જરૂરિયાતો પૂરી કરવાનો જ પ્રયત્ન દરેકે કરવાનો હોય. તો તેની સામેની લેવડ-દેવડની વૃત્તિ પણ તેની સાથે જ બેઠેલી છે. આદમ સ્મીથ જાણે-અજાણે આ બીજી વૃત્તિને પ્રકાશમાં લાવે છે, જેમાં મુકત સમાજની શકયતાઓ રહેલી છે. બજાર કિંમતો ઉપર નિર્ણાયક આધાર રાખતી તેની થિયરીઓ આ કારણે વિરોધીઓનું નિશાન બની છે.

આદમ સ્મીથ પહેલાંનું અર્થશાસ્ત્ર મુખ્યત્વે એ વિચાર ઉપર કેંદ્રિત હતું કે સંસાધનોની અનિવાર્ય અછતના સંદર્ભમાં જે કાંઇ પ્રાપ્ય છે તેની ન્યાયી વહેંચણી કેવી રીતે કરવી. આદમ સ્મીથે આ વિચાર સાથે છેડો ફાડયો. તેનું મુખ્ય કહેવું જ એ હતું કે અછતની સ્થિતિને નિવારવા સંપત્તિનું વધારે સર્જન કેવી રીતે કરવું. તેના સૌથી પ્રસિદ્ધ પુસ્તકનું નામ "Wealth of Nation" અમસ્તું થોડું પડયું છે? આદમ સ્મીથના કટ્ટર વિરોધી કાર્લ માર્કસે પણ સ્મીથના આ ધ્યેયને સ્વીકારેલું જ. વિપુલ ઉત્પાદન વગર સામ્યવાદ શકય જ નથી. માર્કસનું કહેવું ફકત એટલું જ હતું કે બજાર વ્યવસ્થા તેના આંતરવિરોધોને કારણે આ ધ્યેય પામી શકશે નહીં. તેનાં આદર્યાં અધૂરાં પૂરાં સામ્યવાદી ક્રાંતિ કરશે. અલબત્ત, માર્કસની બધી જ આશાઓ ધૂળમાં મળી એ જુદી જ વાત છે. આદમ સ્મીથ વિશે એક મોટી ગેરસમજ એ પ્રવર્તે છે કે તેણે મનુષ્યની સ્વાર્થી વૃત્તિઓને સંકોરી અને પ્રોત્સાહિત કરી. સ્મીથનાં લખાણોમાં આવી કોઇ વાત જ નથી. મનુષ્યે સ્વાર્થ માટે જ મથવું જોઇએ, તે તેનું કહેવું છે જ નહીં. તેનું કહેવું એટલું જ છે કે દરેક મનુષ્યને તેના નિજી હેતુઓ, જેમાં પરમાર્થ પણ હોઇ શકે, માટે મથવાની સ્વતંત્રતા હોવી જોઇએ. આ બન્ને વાતો સાવ જુદી જ વાતો છે. તેની થિસિસ જ એ હતી કે એવી વ્યવસ્થા ઊભી થવી જોઇએ જેથી દરેક મનુષ્ય સમાજના કુલ ઉત્પાદનમાં બને તેટલું વધારે પ્રદાન કરી શકે. આ શકય કયારે બને? જયારે તેણે બનાવેલી ચીજ કે સેવાની કિંમત તેના ઉપયોગ કરનારાઓ જે આંકે તે તેને પણ સ્વીકાર્ય હોય. આ થિસિસ પણ ઘણાને આઘાતજનક લાગે છે, કારણ કે કોઇ વ્યકિતએ ચીજ બનાવવામાં ખૂબ શ્રમ રેડયો હોય, તેની બધી જ સર્જનાત્મક શક્તિઓનો ઉપયોગ કર્યો હોય, છતાં એવું બની શકે કે બજારમાં તેનો ઉપયોગ કરનારા અને માંગ કરનારાઓ ઓછા હોય, તેથી કિંમત ઓછી પણ ઠરે. આ સ્થિતિ ઘણાને અન્યાયી લાગે છે અને વિરોધનું કારણ બને છે.

અમૂર્ત નિયમોના પાલનથી એક શાંતિભર્યો, આબાદ, અમૂર્ત (abstract) સમાજ ધીમે ધીમે આકાર ધારણ કરી રહ્યો હતો, સન્મુખ સમાજ વિદાય લઈ રહ્યો હતો ત્યારે કાયદાના શાસન અને બજાર-વ્યવસ્થા સામે ઉપર ચર્ચેલાં કારણોસર એક ઊંડી પ્રતિક્રિયા જન્મી ચૂકી હતી. શાસનની બજાર વ્યવસ્થામાં દરમિયાન થવાની ઇચ્છા ઉપર કાયદાનું શાસન સખત અંકુશો મૂકી રહ્યું હતું, ત્યારે તેની સામે અને બજાર કિંમતો સામે વિરોધની એક પ્રચંડ આંધી ક્ષિતિજ ઉપર મંડરાઈ રહી હતી. આ વિરોધને ઓર તેજ કરતાં બીજાં પણ પરિબળો હાજર હતાં.

આદમ સ્મીથ અને તેના તરત પછીના અનુગામીઓની સમજ સ્પષ્ટ હતી કે કાયદાના શાસન એટલે કે ન્યાયી વર્તણૂકના નિયમોના ચુસ્ત પાલન વગર મુક્ત બજાર વ્યવસ્થા અસંભવ છે. જરૂર પડે દંડશક્તિનો ઉપયોગ કરીને પણ શાસને કાયદાનું શાસન બનાવેલું જ રાખવું પડે. પાછળથી જે અર્થશાસ્ત્રીઓ આવ્યા તે બધા જ કાયદાના શાસનની આ પૂર્વશરતને જ વીસરી ગયા. અને મુકત બજાર વ્યવસ્થાનો અર્થ એવો રૂઢ થતો ગયો કે રાજયની કોઈ પણ દરમિયાનગીરી વગરની અર્થવ્યવસ્થા તે મુક્ત અર્થવ્યવસ્થા (Laissez faire - અનિયંત્રિત અર્થવ્યવસ્થા). આનાથી ઘણા અનર્થો સર્જાયા અને મૂળ મુદ્દો જ ભુલાઈ ગયો કે કાયદાનું ચુસ્ત પાલન શાસને જરૂર પડે દંડશક્તિનો ઉપયોગ કરીને કરાવવાનું છે. રાજ્ય આ સિવાયના કોઈ પણ ક્ષેત્રમાં, અલબત્ત, પ્રવેશી જ શકે, પણ દંડશક્તિના ઉપયોગ વગર અને અન્ય બીજા કોઈની પણ એ ક્ષેત્રોમાં પ્રવેશવાની સ્વતંત્રતા સ્વીકારીને જ.

૧૯મી સદીની શરૂઆતમાં ઇંગ્લેન્ડમાં મૂડીવાદી વ્યવસ્થાએ (બજાર વ્યવસ્થા) શ્રમિકોનાં કરેલાં અમાનવીય શોષણોનાં વિવરણો સદીના અંત ભાગમાં પ્રસિદ્ધ થવા માંડયાં. આ વિવરણો નોંધારાં હતાં તેવું ઊંડું ઐતિહાસિક સંશોધન ૨૦મી સદીની શરૂઆતમાં પ્રસિદ્ધ થવા માંડયું, પણ આ સંશોધનો અવગણાયાં અને વિવરણોની નકારાત્મક અસરો આજે પણ તેવી જ ચાલુ રહી છે. બર્ટ્રાન્ડ રસેલ જેવા મહાન અને રેશનલ ચિંતક પણ તેની અસરમાંથી મુકત રહી ના શકયા. બજાર વ્યવસ્થા ઉપર આ કારણે પણ ભીંસ વધી.

### ફ્રેંચ ક્રાંતિ - વ્યક્તિસ્વાતંત્ર્ય

૧૭૮૯માં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનો કોલ આપતી ફ્રેંચ ક્રાંતિ ભભૂકી ઊઠી. વોલ્ટેર, રૂસો જેવા મહાન ચિંતકો પાસેથી પ્રેરણા મેળવતી આ ક્રાંતિમાં શું થયું ? બન્ને ચિંતકો ઈંગ્લીશ લીબર્ટીથી પ્રભાવિત હતા પરંતુ તેનો મર્મ સમજવામાં ભૂલથાપ ખાઈ ગયા. વોલ્ટેરનું તો આપણે જોયું. રૂસો કાયદાના શાસનનો અને તે દ્વારા શાસનની મનસ્વી સત્તા ઉપર મુકાતા અંકુશોથી પ્રભાવિત હતો અને તેનો પ્રશંસક હતો, પરંતુ કાયદાનું શાસન પરંપરાગત સંસ્થાઓનાં માળખાં ઉપર અવલંબિત હોઈ

તેના આધાર ઉપર ઊભેલા વ્યક્તિસ્વાતંત્ર્યથી તેને સમાધાન ન હતું. દકાર્તના બુદ્ધિવાદની તેની ઉપર ગાઢ અસર હતી જ. તેના મતે જો રાજ્યસત્તા મનસ્વી હતી તો કોઈ પણ ડિઝાઈન વગર સર્જાયેલી સંસ્થાઓ પણ મનસ્વી જ હતી. દકાર્ત શૈલીની બૌદ્ધિક પદ્ધતિનો ઉપયોગ કરીને તેણે પ્રતિપાદિત કરવા કોશિશ કરી કે નૈસર્ગિક મનુષ્ય તો નિર્દોષ, નિર્બંધ, પોતાનામાં મસ્ત અભિજાત અરણ્યવાસી (Noble savage) છે. આવો નૈસર્ગિક મનુષ્ય સાર્વભૌમ છે. તે તેના સાર્વભૌમત્વને અકબંધ રાખીને એક સામાજિક કરાર (social contract)થી બંધાય છે. આ છે સાર્વભૌમ લોકોના શાસનનો સિદ્ધાંત, જેમાં લોકોની સામાન્ય ઇચ્છા (general will) આખરી છે. સાર્વભૌમ વ્યક્તિમાંથી શરૂ થઈને ''સાર્વત્રિક ઇચ્છા''ની વિભાવનામાં પરિણમતી રૂસોની વિભાવના તત્ત્વતઃ સામૂહિકવાદી (collectivist) છે. રૂસોની અને મહદ્અંશે ફ્રાંસના વ્યક્તિવાદની વ્યક્તિ સમાજથી અળગી અને અટૂલી છે જે છેવટે એક સમૂહમાં પરિણમે છે.

બ્રિટીશ વ્યક્તિવાદમાં વ્યક્તિ હંમેશાં સામાજિક સંસ્થાઓની મધ્યે ગોઠવાયેલી જ છે અને અનેકવિધ સંબંધોથી જોડાયેલી છે. આ બન્ને વ્યક્તિવાદો સામસામેના ધ્રુવો ઉપર ઊભેલા છે. વાસ્તવમાં ફ્રેંચ વ્યક્તિવાદ એક બનાવટ છે, ખરેખર તો તે સમૂહવાદ છે. 'સાર્વત્રિક ઇચ્છા'ની વ્યવહારુ કસોટી રૂસો છેવટે મતોની ગણતરીમાં જ આપી શક્યો. ''સત્તાનું અધિષ્ઠાન સાર્વભૌમ લોકમાં''નો સિદ્ધાંત વ્યવહારમાં બહુમતીની ઇચ્છામાં પરિણમ્યો. પરિણામે તે બહુમતી મેળવવા માટે સંગઠિત હિતોની કડદાબાજી, દાવપેચોમાં અને મતબેંકોના લોકશાહી ફારસમાં કજળી ગયો.

ફ્રેંચ ક્રાંતિની ઘોષણામાં વ્યક્તિસ્વાતંત્ર્યની ખાતરી અને કાયદાના શાસનના સખતાઈપૂર્વકના અમલની ખાતરી આપવામાં આવી. ક્રાંતિની એક ઉત્કટ આકાંક્ષા આ હોવા છતાં તેની બીજી પણ વધારે ઉત્કટ આકાંક્ષા ''લોકોના સાર્વભૌમત્વ''ની સ્થાપનાની પણ હતી. બીજી આકાંક્ષા મેદાન મારી ગઈ. ક્રાંતિ લોહિયાળ અને આતંકિત બની. એક તબક્કે લોકોની ઇચ્છાને મૂર્તિમંત કરવા રાજ્યની એકતા અનિવાર્ય ગણાઈ. રાજ્યનાં હિતો અને લોકોનાં હિતો એક બનાવી દેવાયાં. વ્યક્તિસ્વાતંત્ર્યને ઉચ્ચતમ અગ્રીમતા આપવામાં ક્રાંતિની નિષ્કાળજી પાછળનું એક નિર્ણાયક બળ કદાચ એ પણ બન્યું કે ''સત્તાનાં સૂત્રો હવે સાર્વભૌમ લોકોના હાથમાં છે. સત્તાનો દુરુપયોગ કરતું મનસ્વી શાસન હવે છે જ કયાં ? લોકોનું રાજ છે. લોકશાહીનું આગમન આપોઆપ જ સત્તાના મનસ્વી ઉપયોગને રોકશે જ ને ?'' આ આશા ત્યારે તો ઠગારી નીવડી જ, ત્યાર પછી પણ હંમેશાં.

## જર્મની- કાયદાના શાસનનો ધ્વંસ અને સમાજવાદનો ઉદ્ભવ

ફ્રેંચ ક્રાંતિ ''કાયદાનું શાસન'' વિરુદ્ધ ''લોકોનું શાસન''ની અવઢવમાં રહી અને લીબરાલીઝમનું ગુરુત્વકેંદ્ર ખસીને જર્મનીમાં સ્થિર થયું. જર્મનીમાં કાયદાના શાસનના સિદ્ધાંતનું આગળનું ખેડાણ ફિલસૂફ ઈમેન્યુઅલ કેન્ટે ૧૯મી સદીની શરૂઆતમાં કર્યું. તેણે તો કહ્યું, ''બંધારણ તો એ જે એવા કાયદાઓ ઘડે જેનાથી શકય તેટલી વધારે સ્વતંત્રતા દરેકને મળે''. વળી એ પણ કે ''વ્યક્તિ સ્વતંત્ર ખરી, પણ બીજાની સ્વતંત્રતાને સુસંગત રહીને જ''.

જર્મનીમાં કાયદાના શાસનનો વિચાર બહુ લાંબું ટકયો નહીં. તેનું ધોવાણ કરતો અને તેનાથી સાવ જ ભિન્ન કાનૂની થિયરી ઉપર મંડાયેલો સમાજવાદી વિચાર અહીં પ્રથમ વિકાસ પામ્યો અને ત્યાંથી દુનિયા આખીમાં ફેલાયો. જર્મનીમાં કાયદાનું શાસન હજી તો સ્થપાય તે પહેલાં જ વાતાવરણ બદલાયું.

તેની સામે અંતરાયો ઊભા કરવામાં રાજકીય પરિસ્થિતિએ અને ભિન્ન વિચારસરણીઓએ મહત્ત્વનો ફાળો આપ્યો. યુરોપનાં બીજાં રાજ્યોના એકીકરણની પ્રક્રિયા કોઇપણ વ્યકિતવિશેષની દરમ્યાનગીરી વગર એક ધીમી ઉત્ક્રાંતિમાંથી નીપજી હતી. જર્મનીમાં બિસ્માર્કે આયોજનપૂર્વક જર્મનીનું એકીકરણ ઝડપથી કરી નાખ્યું. જર્મન શાસકોનો આત્મવિશ્વાસ છલકાતો હતો. આયોજનપૂર્વક જર્મનીની નવરચના કરવા તેઓ અધીરા બન્યા હતા. જર્મનીમાં આકાર લઇ રહેલી બૌદ્ધિક વિચારસરણીએ આ રૂખને ઓર બળ આપ્યું.

ફ્રેંચ ક્રાંતિમાં જ રાજ્ય ફકત કાયદાના શાસનને જાળવે અને ઔપચારિક (formal) ન્યાયનું પાલન કરાવે તે ઘણાને અપૂરતું લાગતું હતું. શાસન અને તેમાં ય જનશાસન ''ન્યાયી વિતરણ'' કે ''સામાજિક ન્યાય'' જેવા નકકર (substantive) ન્યાયની દિશામાં આગળ વધે તેવી માંગણી ઊઠવા માંડી હતી. ૧૯મી સદીના અંત ભાગમાં આ વિચારોની ગાઢ અસર કાનૂની સિદ્ધાંતોની ચાલી રહેલી ખોજ ઉપર પડી. એક સમાજવાદી વિચારકે જાહેરમાં કહ્યું કે ''નાગરિકો ભિન્ન-ભિન્ન ગુણવત્તા કે આર્થિક સ્થિતિ ધરાવતા હોવા છતાં કાયદા સમક્ષ તે બધાને સમાન ગણવાથી અને મુકત સ્પર્ધાને થવા દેવાથી ઉત્પાદનમાં તો જબરજસ્ત વધારો થયો છે પરંતુ નબળા વર્ગોને ભાગે ઘણું ઓછું આવ્યું છે. આ ઉણપ પૂરી કરવા નવા આર્થિક કાયદાઓ ઘડાયા છે, જે નબળાને સબળા સામે રક્ષણ આપે છે. આ વાજબી જ છે કારણ કે હવે સમજાઇ ચૂકયું છે કે જે

વાસ્તવમાં સરખા નથી તેમને સરખા ગણવા તેના જેવો બીજો કોઇ અન્યાય નથી.'' તો બીજા એક આલોચકે કહ્યું, ''વાહ, કેવી ભવ્ય કાનૂની સમાનતા જે તવંગર અને ગરીબને એક જ પુલ નીચે સૂવાનો, શેરીમાં ભીખ માંગવાનો કે બ્રેડની ચોરી કરવાનો એક સરખો હક્ક આપે છે.'' કાનૂન સમક્ષની સમાનતાની ઠેકડી ઉડાવતો આ વિચાર હૃદય સોંસરવો તો ઊતરી જાય છે પરંતુ કાયદાના શાસનના મૂળભૂત સિદ્ધાંત ઉપર કુઠારાઘાત કરે છે. આ સિદ્ધાંતનું અવમૂલ્યન પાછળથી ઘણું ખતરનાક પુરવાર થયું તે હકીકત છે.

કાયદાના શાસનનો વિરોધ કરતી ચાર વિચારધારાઓ હતી, તેમાં સૌથી બળવાન બે – માર્કસનો ઐતિહાસિક ભૌતિકવાદ (Historical Materialism) અને કાનૂની પ્રમાણવાદ (Legal Positivism). માર્કસના ઐતિહાસિક ભૌતિકવાદની ઊંડી ચર્ચા અહીં કરવા ધારી નથી કારણ કે તે હવે અપ્રસ્તુત છે. જો કે અત્યારની પરિસ્થિતિને સમજવામાં તે ઘણી ઉપયોગી થઇ શકે. આજથી ૨૦ વર્ષ પહેલાં જ આ વિચારધારાને સિંહભાગ આપવો જ પડયો હોત. પરંતુ ૧૯૮૯માં બર્લીન દીવાલ તોડી પડાઇ, સોવિયેટ યુનિયન વિખેરાઇને ઇતિહાસની ગર્તામાં ગરકાવ થઇ ગયું અને એક વખતનાં બે વિરાટ માર્કસવાદી રાજ્યો રશિયા અને ચીન અડધા પડધા પણ બજારના માધ્યમ દ્વારા વિકાસના રસ્તે વળી ગયાં પછી તેની ચર્ચા આમ એકેડેમીક જ રહે છે.

બીજી હજી પણ ઘણી બળૂકી અને પ્રસ્તુત વિચારધારા રહે છે તે કાનૂની પ્રમાણવાદ (Legal Positivism)ની. ૧૯૧૭માં રશિયામાં બોલ્શેવિક ક્રાંતિ થઇ પછીના સાત દાયકા સુધી આ વિચારધારા કાંઇક બચાવની ભૂમિકામાં મુકાઇ ગયેલી. ન્યાયી સમાજરચના એટલે કે સાચા સમાજવાદની થિયરી તરીકે ઐતિહાસિક ભૌતિકવાદ જ સમગ્ર દુનિયામાં છવાઇ ગયો હતો. તેમ છતાં તખ્તા પાછળ ધકેલાઇ ગયેલી લીગલ પોઝીટીવીઝમની થિયરીનો ઉપયોગ કરવા સિવાય સોવિયેટ સત્તાધીશો પાસે બીજો કોઇ વિકલ્પ ન હતો તે પણ સાચું છે. વ્યવહારમાં તો લીગલ પોઝીટીવીઝમની જ બોલબાલા રહી.

## પોઝીટીવીઝમ

લીગલ પોઝીટીવીઝમની ચર્ચા કરતાં પહેલાં પોઝીટીવીઝમનો વિચાર સમજવો જરૂરી છે. મનુષ્યે હંમેશાં સૃષ્ટિનાં રહસ્યોને સમજવાનો પ્રયત્ન કર્યા જ કર્યો છે. મોટાભાગની સભ્યતાઓમાં આ પ્રયત્નોની ઇજારાશાહી સંગઠિત ધર્મોના હસ્તક રહી. ધર્મોએ જે દર્શન રજૂ કર્યું તેમાં અનિવાર્યપણે મનુષ્યબુદ્ધિની પાર જતાં પારલૌકિક કોઇ તત્ત્વ (ઈશ્વર)ની સત્તાનો વિચાર રહ્યો જ. બધા જ ધર્મોમાં આવા આધિભૌતિક (Metaphysical) સિદ્ધાંતો મંડાયા.

રેનેસાંએ અને વિશેષમાં ગેલિલીયોએ ધર્મની આ ઇજારાશાહીને ઉઘાડો પડકાર આપ્યો. ગેલિલીયોએ મનુષ્યની બુદ્ધિ અને ઇન્દ્રિયગત અનુભવોને લૌકિક વિશ્વનાં રહસ્યોની ખોજમાં સર્વેસર્વા ગણ્યાં, બાઇબલમાં કથાયેલી સૃષ્ટિનાં રહસ્યોની થિયરીઓને નકારી અને આધુનિક વિજ્ઞાનને જન્મ આપ્યો. ચર્ચે ગેલિલીયોને તો નમાવ્યો પરંતુ વિજ્ઞાન ધર્મની ચુંગાલમાંથી છટકી ગયું. માનવીય પ્રયત્નો, ક્ષમતાઓ અને ઉપકરણોથી જ સૃષ્ટિનાં રહસ્યોની ખોજ એ વિજ્ઞાનનું સૌથી અગત્યનું લક્ષણ બની ગયું. વિજ્ઞાન સાથે આ રીતે માનવવાદ અને સેક્યુલારીઝમ અભિન્નપણે જડાઇ ગયાં.

વિજ્ઞાનની આગેકૂચને રૂંધવાના ચર્ચના પ્રયત્નોને નાકામિયાબ બનાવવાનો એક મોટો પ્રયત્ન ગેલિલીયોના જ સમકાલીન ઇંગ્લેંડના ફ્રાન્સીસ બેકને (૧૫૬૧-૧૬૨૬) કર્યો. તેની જગમશહૂર ઇંદ્રિયગત અવલોકનોમાંથી સાર્વત્રિક વૈજ્ઞાનિક નિયમોના ઇન્ડકશન (આગમનવાદ)ની થિયરીની મદદથી ધર્મોની આધિભૌતિક ઘૂસપેઠમાંથી વિજ્ઞાનની નાજુક ખોજને બચાવી શકયો તેની નોંધ લેવી જ રહી.

ઇન્ડકશનની થિયરી મુજબ મનુષ્ય તેની આસપાસની ઘટનાઓને ઇન્દ્રિયો દ્વારા અવલોકે છે. આવાં ઘણાં અવલોકનો કર્યા પછી તેમાંથી થિયરી ઉદ્ભવે છે. આ થિયરીને વળી વધારે અવલોકનો દ્વારા ચકાસાય છે. અને છેવટે આવી થિયરી સાચી વૈજ્ઞાનિક થિયરી તરીકે પ્રસ્થાપિત થાય છે.

આ પદ્ધતિમાં ઇન્દ્રિયાતીત કોઇપણ તત્ત્વ, કલ્પના કે અટકળોને સ્થાન નથી. બધી જ પૂર્વધારણાઓ, પ્રણાલીગત કે અન્ય, જે અનુભવો અને અવલોકનોથી સાબિત ના થઇ હોય તેને બેકને વ્યવસ્થિત રીતે બહાર કરી દીધી. આ કારણે બેકન બ્રિટીશ અનુભવવાદ (Empiricism)નો પિતા ગણાયો. આ થિયરી સ્વાભાવિક રીતે દકાર્તના બૌદ્ધિકવાદ (Rationalism) સાથે ટકરાઇ, પણ છેવટે થોડા ફેરફારો સાથે તત્ત્વતઃ આ અનુભવવાદ જ વિજ્ઞાનની સત્તાવાર ફિલસૂફી તરીકે સ્થપાઇ ગયો. બેકન પોતે એક સાવ સામાન્ય કક્ષાનો ફિલસૂફ હતો, વળી વિજ્ઞાની તરીકે તો તેથી પણ ઓછો, તેમ છતાં તેની ઇન્ડકશનની થિયરી આજે સદીઓ પછી પણ વિજ્ઞાનની જ્ઞાનમિમાંસા (Epistemology) તરીકે લગભગ અડીખમ છે. બેકનનું મુખ્ય કાર્ય જ વિજ્ઞાનની ખોજ અને

આધિભૌતિક જ્ઞાનની ખોજ વચ્ચે અમીટ ભેદરેખા દોરી આપવાનું હતું.

બેકનની ઇન્ડકશનની થિયરીને સૌથી મોટો પડકાર આપ્યો ડેવીડ હ્યુમે. હ્યુમ પોતે બ્રિટીશ અનુભવવાદનો એક મહત્ત્વનો કડીરૂપ ચિંતક ગણાયો છે તે પણ હકીકત છે. હ્યુમની કાનૂની, રાજકીય અને આર્થિક થિયરીઓ તો સદીઓથી ચાલી આવેલી પરંપરાઓમાં ખૂંપીને બેઠેલી છે, છતાં પણ 'વિજ્ઞાનની કાર્યપદ્ધતિ તો બેકન પ્રેરિત ઇન્ડકશનની જ' એ વાત તેણે સ્વીકારી. ત્યાર પછી પણ બેકનની થિયરીને સૌથી મોટો પડકાર પણ હ્યુમે જ આપ્યો. તેનો તર્ક સરળ, સચોટ અને અકાટ્ય છે. ટૂંકમાં : સ્થળ અને સમયથી મર્યાદિત મનુષ્ય તેને પ્રાપ્ત મર્યાદિત સમયમાં ગમે તેટલાં અવલોકનો કરે તો પણ અનંત સમય અને સ્થળમાં સાચી પડે તેવી સાર્વત્રિક થિયરીઓ તાર્કિક રીતે જ સ્થાપી શકે નહીં. તાર્કિક રીતે ઈન્ડકશનથી કોઇપણ વૈજ્ઞાનિક થિયરીને સાબિત કરીને ઔચિત્યપૂર્ણ (justify) ઠેરવી શકાય નહીં, તે તર્ક મૂળે તો હ્યુમનો જ. હ્યુમે ઇન્ડકશન માટે એક અભૂતપૂર્વ કટોકટી સર્જી દીધી. જો ઇન્ડકશન જ અતાર્કિક ઠરે તો વિજ્ઞાનનું શું થાય? વિજ્ઞાનની રેશનાલીટી ઉપર જ તેના તર્કે પ્રશ્નો ખડા કરી દીધા. યુરોપના અને ઇંગ્લેંન્ડના રેશેનાલીસ્ટો આ કારણે હ્યુમના ઉગ્ર વિરોધીઓ બની ગયા. હ્યુમે ઊભા કરી આપેલા આ મહાઅવરોધને હટાવવા અને ઇન્ડકશનના હાર્દને બચાવી લેવા જે વૈજ્ઞાનિક જ્ઞાનમિમાંસા ઊભી થઇ તે પોઝીટીવીઝમ. તે પોઝીટીવીઝમ કેમ કહેવાઇ? એક વિચારે ઊંડાં મૂળિયાં નાખ્યાં હતાં કે સાચું જ્ઞાન તો પુરવાર થયેલું જ હોવું જોઇએ અને તેની સાબિતી વિધેયાત્મક કારણ (Positive Reason) ઉપર આધારિત હોવી જોઇએ. સ્વયંસ્પષ્ટ ઇન્દ્રિય -અવલોકનો આધારિત તર્કથી વધુ નક્કર અને વિધેયાત્મક શું હોઇ શકે? આવાં અવલોકનો ઉપર વિજ્ઞાનની ઇમારત ઊભી થાય તો જ ધર્મશાસ્ત્રોએ ઊભા કરેલા ઇન્દ્રિયાતીત આધિભૌતિક લુખ્ખા તર્કના ઝેરી કુંડાળામાંથી વિજ્ઞાનની ખોજને બચાવી શકાય. પોઝીટીવીઝમ વિચારનું હાર્દ જ વૈજ્ઞાનિક થિયરી અને કોઇપણ આધિભૌતિક થિયરી વચ્ચે અમીટ ભેદરેખા દોરવાનું છે.

કોઇપણ વિચાર કે થિયરીની રેશનાલીટીની ચકાસણી કરવામાં પોઝીટીવીઝમ નીચેનાં ચાર લક્ષણો વિશે સાવધાની રાખે છે.

૧. કોઇપણ વિચાર જે અવલોકનોથી સાબિત થયો નથી તે વૈજ્ઞાનિક ઔચિત્ય (justification) ધરાવતો નથી. તેનું અનુકરણ કરવું અતાર્કિક છે.

૨. જે વિચાર પૂરેપૂરો સમજાયો નથી તેનું અનુકરણ કરવું અતાર્કિક છે.

૩. જેના હેતુઓ અગાઉથી નિશ્ચિત નથી તેવું કોઇપણ કાર્ય અતાર્કિક છે.

૪. જે કાર્યની બધી જ અસરોની અગાઉથી જાણ ના હોય કે જેમને અવલોકી ના શકાય તેવું કાર્ય કરવું અતાર્કિક છે.

ટૂંકમાં, ઇન્દ્રિય અવલોકનો આધારિત તર્કથી સાબિત થયેલો વિચાર જ વૈજ્ઞાનિક અને રેશનલ, તે સિવાયના બધા જ વિચારો આધિભૌતિક એટલે અતાર્કિક એવો મુખ્ય ધારાનો વિચાર બન્યો. આ પૃષ્ઠભૂમિકામાં હવે સમજી શકાય કે કાયદાના શાસનનો વિચાર પોઝીટીવીઝમની છાયામાં પાંગરી રહેલા વિચાર સાથે સીધી જ અથડામણમાં કેમ આવ્યો. પરાપૂર્વથી ચાલી આવેલી પ્રણાલીકાઓ, નિયમો જે કોઇ માનવીની અવલોકનો પછીની આયોજિત કૃતિ નથી, જેના ઉદ્ભવ અને વિકાસના હેતુઓ અને કારણો પૂરાં સમજી શકાયાં ના હોય, જેનું અનુસરણ પૂરી સમજ વગર કરવાનું હોય, તેવા કાયદાના શાસનને પોઝીટીવીસ્ટ બૌદ્ધિકો કેવી રીતે માન્ય કરે? તેના બદલે પરિસ્થિતિ જોઇને તેને અનુરૂપ સામાજિક ન્યાયના ચોકક્સ હેતુઓને સિદ્ધ કરવા બુદ્ધિપૂર્વકનું આયોજન કરીને નવા જ કાયદાઓ ઘડીને ઇચ્છિત નૂતન સમાજનું સર્જન કેમ ના કરવું? ''છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની''ની ઘોષણા કરનાર તે લીગલ પોઝીટીવીઝમ. પોઝીટીવીઝમનાં ચશ્મા દ્વારા ન્યાયશાસ્ત્રનું અર્થઘટન તે જ લીગલ પોઝીટીવીઝમ.

હ્યુમે ઊભા કરી આપેલા તાર્કિક અવરોધને હટાવવા પોઝીટીવીઝમ ખૂબ મથ્યું, પરંતુ એક અબૌદ્ધિક કળણમાં ઊંડે ને ઊંડે ખૂંપતું જ ગયું. તેની સાથે વિજ્ઞાનની ખોજને અને રેશનાલીટીને પણ ખેંચી જવા લાગ્યું. પોઝીટીવીઝમ પોતે જ વિજ્ઞાન અને રેશનાલીટી સામેનો સૌથી મોટો ખતરો બનીને ઊભું રહયું. આ કળણમાંથી બહાર આવવાનો સૌથી સારો માર્ગ બતાવનાર કાર્લ પોપર.

કાર્લ પોપરે હ્યુમના તર્કને સ્વીકાર્યો. તેણે પ્રતીતિજનક રીતે પ્રતિપ્રાદિત કર્યું કે ઇન્ડકશન એ વિજ્ઞાનની પદ્ધતિ તાર્કિક રીતે અને વાસ્તવમાં છે જ નહીં. ઇન્ડકશનને નકારતી, વૈજ્ઞાનિક ખોજને અને રેશનાલીટીને પોઝીટીવીસ્ટ કળણમાંથી ઉગારી લેતી પોપરની ફિલસૂફીને આલોચનાત્મક રેશનાલીટી કહી છે. તેની ચર્ચા ફરી કોઇ વાર. લીગલ પોઝીટીવીઝમે સૌથી ઊંડાં મૂળિયાં નાખ્યાં જર્મનીમાં. કાયદાની જે થિયરી ત્યાં વિકસી તેને ''કાયદાની શુદ્ધ થિયરી'' (Pure Theory of Law) કહેવાઇ છે.

### ખતરનાક લીગલ પોઝીટીવીઝમ

પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું અને કાયદાની આ થિયરીનું પૂર્ણ સ્વરૂપ દેખાયું. તે મુજબ રાજ્યની કોઈપણ કાર્યવાહીને ધારાગૃહ મંજૂરીનું મત્તું મારે તો એ કાયદેસરની કહેવાય. ધારાગૃહ જે ઠરાવે તે કાયદો. કાયદો ધારાગૃહની તત્કાલીન બહુમતીની મનસ્વિતા ઉપર અવલંબિત થઈ જતાં ૨૦મી સદીની શરૂઆતમાં વ્યકિતના અબાધિત અધિકારોનો સર્વસ્વીકૃત સિદ્ધાંત ભૂતકાળ બની ગયો. તેની જગ્યા લીધી રાજ્ય દ્વારા ઘોષિત રાષ્ટ્રીય અને સામાજિક હિતે. પછી તો 'કાયદાથી મર્યાદિત શાસન'ને ગ્રહણ લાગ્યું.

સામાજિક ન્યાય કે જર્મનીની નવરચના કરવા સુધારા માટે થનગની રહેલાઓને રાજ્યની ઉપરના આ અંકુશો કઠતા હતા. તે જ રીતે ધારાગૃહોમાં બહુમતીની સત્તાને અંકુશમાં રાખતી મર્યાદાઓથી તેના સમર્થકો પણ ચિડાયેલા હતા. આ બધા માટે નવી થિયરી એક અણમોલ ભેટ હતી. અમર્યાદિત સત્તા માટે તરસતા રાષ્ટ્રવાદી અને સમાજવાદી સમર્થકોનો હરખ સમાતો ના હતો. અબાધિત વ્યક્તિ-સ્વાતંત્ર્ય પૃષ્ઠભૂમિમાં ધકેલાઇ ગયું અને સામુદાયિક સ્વતંત્રતા તેની જગ્યા લેવા આગળ આવી. સ્વતંત્રતાના બદલાયેલા અર્થને ''લીબર્ટીની વિભાવનાના આધિપત્યમાંથી મુકત થતા લોકશાહીના વિચાર'' તરીકે વધાવી લેવાયો. રાજ્ય અને કાયદાનું તંત્ર એક બની ગયાં. ધારાગૃહોની સત્તા અમર્યાદિત થઇ ગઇ. ધારાગૃહની મંજૂરી મળે તો તાનાશાહી પણ કાયદેસરની થઇ જાય. સ્વયંભૂ વ્યવસ્થાને જાળવતા અને બજારવ્યવસ્થાને શકય બનાવતા સાર્વત્રિક કાનૂનો અને કોઇપણ હેતુપરસ્ત વ્યવસ્થાતંત્રના નિયમો વચ્ચેની ભેદરેખા ભૂંસી નંખાઇ. કાયદાના શાસનના પ્રાણસમા ગણાયેલા બધા જ સિદ્ધાંતોને આધિભૌતિક વહેમ ગણવામાં આવ્યા. ૧૯૨૦ના અંત સુધીમાં જર્મનીમાં વાતાવરણ એવું બની ગયું કે કુદરતી કાનૂન (સાર્વત્રિક અમૂર્ત નિયમો)ના સમર્થનમાં કોઇપણ બોલે તો તેની ઉપર ''કલંકિત બુદ્ધિનો'' એવું આળ લાગી જતું. ''બહુમતીને અમર્યાદ સત્તા''નો સિદ્ધાંત આપખુદશાહી તરફનું વાતાવરણ ઊભું કરી રહ્યો હતો તે ઘણા ચિંતકો જોઇ શકયા. આવા વાતાવરણનો લાભ લઇને હિટલર સત્તા ઉપર આવવા મથી રહ્યો હતો તે ઘણાને સમજાયું. એક સમાજવાદી ચિંતકે ૧૯૩૦ માં નોંધ્યું કે કાયદાના શાસનને ધરાશાયી કરતા સિદ્ધાંતે ફાસીસ્ટ અને બોલ્શેવિક સર્વસત્તાવાદી રાજ્યવાદનો માર્ગ ખોલી નાંખ્યો છે. ઘેરાતા સંકટ ઉપર ચિંતાઓ પ્રગટ થઇ, પણ ઘણું મોડું થઇ ચૂકયું હતું. હીટલરી ધાડાં જર્મનીમાં ચઢી બેઠાં. તાનાશાહી બળોએ ''રાજ્યે કાયદાની મર્યાદામાં રહેવાનું નથી''નો પોઝીટીવીસ્ટ સિદ્ધાંત બરાબર પચાવી દીધો હતો. નાઝી જર્મનીમાં, ફાસીસ્ટ ઇટાલીમાં અને બોલ્શેવિક રશિયામાં એક વાત બરાબર સમજાઇ ગઇ હતી કે કાયદાના શાસન હેઠળ રાજ્ય પરાધીન અવસ્થામાં હતું. જો 'ન્યાયી' સ્થિતિ સર્જવી હોય તો અમૂર્ત, અફર નિયમોની જંજીરમાંથી રાજ્યને મુકત કરી દેવું જોઇએ. આવું 'મુકત' રાજ્ય જ પ્રજા સાથે તેને મનપસંદ વ્યવહાર કરી શકે.

સમગ્ર અર્થવ્યવસ્થા ઉપર અંકુશ ધરાવવાની કમાન્ડ ઇકોનોમીની મનીષાને હજી બજારવ્યવસ્થામાં નિશ્ચિત બજાર કિંમતો અને તેના આધારે ગોઠવાતી ઉત્પાદન-વિતરણની વ્યવસ્થા સાથે નીપટવાનું હતું. અર્થવ્યવસ્થા ઉપર નિયંત્રણ જમાવીને મનપસંદ ઉત્પાદન-વિતરણ વ્યવહારમાં કેવી રીતે ગોઠવવું તેની સૂઝ પડતી ના હતી. એક ગઢ તૂટી ગયો હતો, પરંતુ હજી બીજો ગઢ લેવાનો હતો. સમાજવાદી સમાજરચનાની કુમકે પોઝીટીવીઝમ કેવી રીતે ગયું? •

*Eqality before the law leads to the demand that all men should also have the same share in making the law. This is the point where traditional liberalism and the democratic movement meet. Their main concerns are nevertheless different. Liberalism is concerned mainly with limiting the coercive powers of all government, whether democratic or not, whereas the dogmatic democrat knows only one limit to government - current majority opinion.*

*- F. A. Hayek, The Constitution of Liberty, 1960*

# કલિંગનગરની કરુણાંતિકાના સૂચિતાર્થો

*- તૃપ્તિ પારેખ*

ઇશુના ૨૦૦૬ના ઊઘડતા વર્ષે જ ઓરિસ્સાના જાજપુર જિલ્લાના કલિંગનગરમાં કાંડ ભજવાઇ ગયો. ૨ સ્ત્રીઓ અને એક ૧૨ વર્ષના વિદ્યાર્થી સહિત ૧૨ આદિવાસીઓ અને એક પોલીસના લોહીથી ટાટા સ્ટીલ પ્લાન્ટનું સ્થળ ખરડાઇ ગયું. આમ તો છેલ્લા દાયકાથી કલિંગનગરમાં ઉદ્યોગીકરણની સામે આદિવાસીઓનું આંદોલન ચાલતું હતું, પણ એમાં આટલું લોહી કયારેય નહોતું રેડાયું.

રાજ્યના મુખ્ય મંત્રી નવીન પટનાઇકે ઓરિસ્સાને 'પછાત રાજ્ય'ના દરજ્જામાંથી બહાર કાઢવાનો નિશ્ચય કર્યો છે, અને તે માટે આર્થિક વિકાસની ગતિને તેજ કરવા માટે મોટાં ઉદ્યોગ ગૃહોને ગમે તે રીતે ત્યાં આવીને મૂડી રોકાણ કરવા માટે આકર્ષવાની નીતિ અખત્યાર કરી છે. કલિંગનગર વિસ્તાર લોખંડ અને ક્રોમિયમ જેવી ખનીજ અને પુષ્કળ પાણી ધરાવે છે, તેમજ રેલવે લાઈન અને રસ્તાઓથી દેશના બીજા ભાગો અને બંદર સુધી જોડાયેલો છે. ત્યાં ૧૨,૦૦૦ એકરમાં ફેલાયેલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઊભી કરવાનું નક્કી થયું અને એ માટે સરકારે ૧૯૯૦ની શરૂઆતમાં જમીનો સંપાદન કરવાનું કામ ચાલુ કર્યું. ત્યારથી જ અસંતોષ અને વિરોધનાં બીજ રોપાઇ ચૂકયાં છે.

૧૯૯૪ની આસપાસ સરકારે ખાતેદારોને એકર દીઠ રૂ. ૩૭,૫૦૦ નું વળતર ચૂકવ્યું, જેમાં પાછળથી રૂ. ૧૫,૦૦૦ ઉમેર્યા એવું કહેવાય છે. પણ, અન્ય આદિવાસી વિસ્તારોની જેમ, અહીં પણ મોટાભાગના પાસે જમીન પર વર્ષો જૂના કબજા હોવા છતાં માલિકી હક્ક નથી. એટલે પ્રવર્તમાન જમીન સંપાદન કાયદા નીચે તેઓ વળતર મેળવવાને પાત્ર બન્યા નથી. આ એસ્ટેટમાં નિલાચલ ઇસ્પાત નિગમ લિમિટેડ, મેસ્કો ગ્રુપ, ટાટા સ્ટીલ વગેરે ઉપરાંત બીજા ૧૨ જેટલા પ્રોજેક્ટ એ વિસ્તારમાં ઊભા થઈ રહ્યા છે. આદિવાસી વિસ્તારની - શિડ્યુલ્ડ એરિયાની - જમીનો પર ખાણના અધિકારો આપતા ૪૩ જેટલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર સહીઓ થઇ છે. મોર્ગન સ્ટેનલીના અંદાજ પ્રમાણે ૩૦થી ૪૦ અબજ યુએસ ડોલરનું રાજ્યમાં રોકાણ થવાની સંભાવના છે. પરંતુ, વક્રતા એ છે કે રાજ્યમાં પુનર્વસવાટની કોઇ નીતિ બનેલી નથી. માઈનિંગ અને સ્ટીલ પ્લાન્ટ માટેના કરારો ઝડપથી થઇ રહ્યા છે, પણ પુનર્વસવાટ નીતિનો ખરડો ધૂળ ખાઇ રહયો છે.

સંપાદિત કરેલી પણ વણવપરાયેલી પડી રહેલી જમીનો પર આદિવાસીઓના કબજા હજી ચાલુ છે. સરકાર ઇચ્છે છે અને ધારે છે કે લોકો જમીનો ખાલી કરી દેશે. પણ લોકો પાસે આજીવિકાનું કોઇ સાધન નથી, તેથી જ્યારે પણ કોઇ પ્રોજેક્ટ શરૂ થવાની હિલચાલ શરૂ થાય છે, ત્યારે તેઓ એનો વિરોધ કરે છે.

વક્રતા તો એ છે કે રાજ્ય સરકારના ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશને (IIDCO) આદિવાસીઓ પાસેથી જે જમીનો એકરના રૂ. ૩૭,૫૦૦ના ભાવે લઈ લીધેલી, તે જ જમીનો ઉદ્યોગ કંપનીઓને એકરે રૂ. ૩.૩૫ લાખના ભાવ લઇને આપી! એટલે લોકોનો રોષ ભભૂકી જ ઊઠેને ? સરકારી કોર્પોરેશને આદિવાસીઓનાં હિતોનું રક્ષણ કરવાનું તો બાજુ પર રહ્યું, એમની જમીનો સસ્તા ભાવે આંચકી લઈને એમાંથી તગડો નફો કરવાનું કામ તે કરી રહ્યું છે. અને પુનર્વસવાટના નામે પણ મીંડું.

ગયા વર્ષે મે મહિનામાં એક પ્રોજેકટના ભૂમિપૂજન સમયે લોકોના વિરોધને કચડી નાખવા લાઠીચાર્જ કરવામાં આવેલો, સ્ત્રીઓ-બાળકો સહિત કેટલાય આદિવાસીઓ પર કેસ કરી, દિવસો સુધી જેલમાં પૂરી રાખવામાં આવ્યાં હતાં, જેની રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે પોતાના અહેવાલમાં કડક આલોચના પણ કરેલી.

### કલિંગનગરમાં એ ગોઝારા દિવસે શું બન્યું ?

આમ, કલિંગનગરની પરિસ્થિતિ ભારેલા અગ્નિ જેવી હતી. લોકોના વધેલા વૈમનસ્ય અને વિરોધથી શાસન સુપેરે પરિચિત હતું. તેથી જ ૨જી જાન્યુઆરીએ જ્યારે ટાટા સ્ટીલ દ્વારા દીવાલ ચણવાનું કામ શરૂ થવાનું હતું, તે દિવસે પોલીસની ૯ ટુકડીઓ તૈનાત થઇ ગઇ હતી, સાથે જરૂર પડે તો ગોળીબાર કરવાના હુકમ આપી શકાય એ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને ખુદ ડી.એસ.પી. અને જિલ્લા કલેકટર પણ હાજર હતા. સવારે ૧૧ વાગ્યાના સુમારે કામ ચાલુ થતાં જ નજીક જમા થયેલાં, મુખ્યત્વે ત્રણ ગામોનાં આદિવાસી ભાઇઓ-બહેનો પરંપરાગત હથિયારો સાથે ભેગાં થઇ ગયાં અને કામ બંધ કરવાની માંગણી કરી. પણ, કોઈપણ ભોગે કામ ચાલુ રાખવાના હુકમો હતા. અને પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર પણ જાણે અત્યંત ઉત્સુક હતું. ટોળા પર રબર બુલેટ્સ અને ટીયરગેસ છોડવામાં આવ્યા. અને જોતજોતામાં પરિસ્થિતિ વણસી ગઈ.

પછી તો બસ, પોલીસની ગોળીઓની બૌછાર વરસવા માંડી. લોકો જાન બચાવવા દોડયા, તો પીઠમાં વાગેલી ગોળીઓથી બાર વ્યકિતઓ ઢળી પડી, અને કેટલાય લોકો ઘાયલ થયા. દેશ આખો સ્તબ્ધ બની ગયો. લોકોનો ગુસ્સો બેકાબૂ બન્યો. ઘણાં સંગઠનો પણ એમની વ્હારે ધાયાં. હાઈવે અને રેલવે લાઇન પર ઘેરાવો ચાલુ થઇ ગયો. વાહન-વ્યવહાર અને ઉદ્યોગો ઠપ્પ થઇ ગયા. વિરોધ પક્ષોએ આપેલા બંધના એલાનને પગલે પૂરા ઓરિસ્સાએ લગભગ બંધ પાળ્યો. પટનાઇક સરકાર સફાળી બેઠી થઇ ગઇ. મૃતકોના કુટુંબીઓને રાજ્ય સરકારે ૧ લાખ રૂ. અને કેન્દ્ર સરકારે ૫ લાખ રૂ. આપવાની ઘોષણા કરી. આ લખાઇ રહ્યું છે ત્યાં સુધી તો લોકો આ રાહત સ્વીકારવાની ના કહીને યોગ્ય પુનર્વસવાટની માંગ કરી રહ્યા છે.

## મુખ્ય સવાલ

કલિંગનગર મુખ્ય પ્રશ્નને સામે લાવીને મૂકી દે છે. ઓરિસ્સાના મુખ્યમંત્રીને રાજ્યમાં મોટા પાયે ઉદ્યોગીકરણ કરવું છે. ઓરિસ્સા જેવા ગરીબ રાજ્યમાં ઉદ્યોગીકરણ થાય તે વિકાસ માટે જરૂરી પણ છે. પણ યક્ષ પ્રશ્ન એ છે કે જે લોકોના વિકાસ માટે એ કરવાની વાત છે તે જ લોકોનો એના પાયામાં ભોગ કઈ રીતે લઈ શકાય ? એમ કરવું જોઇએ? કરવું જરૂરી છે? વિકાસના નામે હજારો આદિવાસીઓની જમીનો અને પાયાના અધિકારો છિનવી લેવાનો અધિકાર કોઇ પણ સરકારને આપી ના શકાય એ તો દેખીતું છે. આને ઉદારીકરણ કહેવાય? આ તો ઉદ્યોગો માટે ઉદારીકરણની લાલ જાજમ અને આદિવાસીઓના માથે તો એ જ 'જાહેર હિત' માટે ફરજિયાત જમીન સંપાદનની વર્ષોથી લટકતી આવેલી તલવારની વાત છે. ખાનગી ઉદ્યોગો સ્થાપવા એ 'જાહેર હિત'ની બાબત કઈ રીતે ગણાય? અને એ માટે જમીન સંપાદન શા માટે કરવું જોઈએ? જેમને જોઈતી હોય તે જે લોકો એ માટે જમીન વેચવા તૈયાર હોય તેમની પાસેથી વેચાતી કેમ લઈ ના શકે? અને અહીં તો વાત આટલેથી જ અટકતી નથી. જે સરકારે ખરેખર તો ઉદ્યોગો અને આદિવાસીઓ વચ્ચેના વ્યવહારમાં આદિવાસીઓનાં હિતોનું રક્ષણ કરવાનું હોય એ જ સરકાર એને બદલે કરે છે શું ? આદિવાસીઓની જમીનો સસ્તા ભાવે આંચકી લઈને એમાંથી કરોડો રૂપિયાનો નફો રળી રહી છે. લૂંટારા રાજ્ય (Predatory State)નું આનાથી વધારે દેખીતું ઉદાહરણ બીજું ક્યું હોઈ શકે?

## ઉપાયો

૧. ઉદ્યોગો માટે ખાનગી જમીનોની જરૂર હોય, તો સરકાર દ્વારા જમીન સંપાદન નહીં, પણ કંપની કે ઉદ્યોગો દ્વારા મુક્ત અને સ્વૈચ્છિક ખરીદી થવી જોઈએ, જેમાં સરકારની ભૂમિકા માત્ર સહુલિયત પૂરી પાડવાની (facilitator) કે નિયંત્રક - regulator તરીકેની જ રહે.

૨. આસપાસનાં કુદરતી સંસાધનો - જમીન (જંગલ કે સરકારી પડતર), જંગલો, ખનીજો કે પાણી પરના અધિકારો સ્થાનિક સમુદાયો / આદિવાસીઓનાં હોય, જેને માટે કંપનીઓ એમને રોયલ્ટી ચૂકવે અથવા સરકારને ચૂકવાતી રોયલ્ટીમાં એમની ભાગીદારી અને કંપનીને લીઝ કે વેચાણ આપવા કે ન આપવા એ અંગે નિર્ણય લેવાની સત્તા એમને હોય.

### ૧) ખાનગી જમીન સંપાદનનો પ્રશ્ન

કમાંડિંગ હાઈટ્સના દિવસોમાં જાહેર સાહસો 'જાહેર હિત'ના નામે સરકારે પોતાને હસ્તક જ રાખેલાં, અને ફરજિયાત જમીન સંપાદનને મોકળો માર્ગ મળેલો. હકીકતમાં, સરકારે ખરેખર કયા અને કેટલાં કામો 'જાહેર હિત'ના નામે કરવાનાં હોય એ અંગે જ ધરમૂળથી પુનર્વિચાર કરવાનો સમય આવી ગયો છે. ઉદ્યોગીકરણને 'જાહેર હેતુ'નું કામ ના ગણી શકાય, એ ખાનગી કંપનીઓની નિસબત છે. અહીં મોટો સવાલ તો એ છે કે ખાનગી કંપનીઓ માટે સરકાર જમીન સંપાદન કરી શકે કે નહી? જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (૧૯૮૪ના સુધારા પછી) આ બાબતે સંદિગ્ધ છે. ખાનગી કંપનીઓને ઉદ્યોગો નાખવા માટે ફરજિયાત જમીન સંપાદન ન કરી શકાય. એ તો સ્પષ્ટ છે કે જે કામ 'જાહેર હેતુ' માટેનું નથી એમાં લોકોને એ કહેવાનો અધિકાર રહે જ છે કે તમે ગમે તેટલા પૈસા આપો તો પણ અમારે જમીન નથી આપવી. અને એમના એ પાયાના અધિકારનો આદર થવો જ જોઈએ.

કલિંગનગર પ્રશ્ને ઊઠેલી ચર્ચામાં સૌ આ પાયાની વાત ભૂલી જાય છે. સ્ટીલ પ્લાન્ટ નાખવા કે માઇનિંગ માટે ખાનગી કંપનીઓને આપવા માટે ખાનગી જમીનો સરકારે સંપાદન કરવાની હોય જ નહીં. એ કંપનીઓ જરૂરિયાત અને અર્જન્સી મુજબ ખાનગી માલિકોને ભાવ ઓફર કરે, ખાનગી માલિકોને પસંદ પડે તો સ્વીકારે, નહીં તો કંપનીને જો જરૂર જ હોય તો વધુ ભાવ આપે. આમ, સંપૂર્ણપણે બે પક્ષકારોની સ્વૈચ્છિક પસંદગી અને મુકત વિનિમય પર આખી આપલેને છોડી દેવાની હોય. હા, સરકારી વહીવટીતંત્ર એ આપલેની પ્રક્રિયાને સહુલિયત ભરેલી બનાવવાની અને રેગ્યુલેટરની ભૂમિકા જરૂર ભજવી શકે. પણ છેલ્લી અડધી સદી સુધી આ સઘળાં આર્થિક કામો પણ સરકાર હસ્તક જ હોવાથી અને એને 'જાહેર હિતનાં' કામો ગણવાથી શાસન, લોકો

તથા મોટાભાગનાં સંગઠનોની માનસિકતા પણ એ જ બનેલી છે કે આ કામો માટે પણ સરકારે જ જમીનો સંપાદન કરવાની હોય.

પણ, આજે પરિસ્થિતિ બદલાઇ છે. આર્થિક કામો-અર્થકારણ કે જાહેર સાહસોમાંથી સરકારે નીકળી જવાનું છે, ત્યારે ફરજિયાત જમીન સંપાદન અધિનિયમ વધુ ને વધુ અપ્રસ્તુત બનતો જાય છે. તેમજ, જે વસ્તુ સ્વૈચ્છિક રીતે થવાપાત્ર હોય, એમાં શાસનના બળપ્રયોગ - પોલીસ, ગોળીબારને કોઇ અવકાશ રહેતો નથી. પણ, હજી પણ આપણી ચર્ચા સરકારની સત્તા, હક્કો, જવાબદારી, કામગીરી અને ફરજોની જ રહે છે. મોટાભાગનાં સંગઠનો/ બૌદ્ધિકો આ બોજ ઉતારી નથી શકતાં, એની પાછળ ખાનગી કંપનીઓને આ સંસાધનો કોઇ કાળે ન મળવાં જોઇએ, ઉદ્યોગીકરણ હરગિજ ના થવું જોઇએ, વિકાસની આ તરાહ જ ખોટી છે વગેરે માનસિકતા કદાચ કારણભૂત હોય. અને તેથી સરકાર પાસે વધુ ને વધુ વળતર અને પુનર્વસવાટ પેકેજની માંગણી ચાલુ રાખવાનું વલણ રહેલું હોય. (આજે હજી રસ્તા જેવાં અમુક કામો કદાચ સરકારની જવાબદારી ગણાય, તેવા સંજોગોમાં હજુ જમીન સંપાદન, યોગ્ય વળતર અને યોગ્ય પુનર્વસવાટની જવાબદારી પણ સરકારની રહે તેની ના નથી.) બીજી બાજુ, સરકારો પણ પોતાની સત્તા અકબંધ રાખવાની જૂની માનસિકતા અને રીતરસમો ચાલુ રાખી રહી છે. ઉદ્યોગો સાથેના વ્યવહારમાં આ રીતરસમો છોડવાની એને ફરજ પડી રહી છે. પરંતુ સામાન્ય લોકો અને ખાસ કરીને આદિવાસીઓ સાથેના વ્યવહારમાં એમ કરવાની એને હજી ફરજ પડી નથી. જે બૌદ્ધિકો અને કાર્યશીલ જૂથો આ જે ચાલી રહ્યું છે તેની સામે અવાજ ઉઠાવે છે તેઓ પણ સરકાર આ રીતે ફરજિયાત જમીનો લઈ જ ના શકે એ પાયાનો પ્રશ્ન ઊભો કરતા નથી.

એટલું જ નહીં, એવી પણ દલીલો થાય છે કે ખાનગી કંપનીઓ તો આદિવાસીઓને લલચાવી ફોસલાવીને બનાવી જાય, એટલે એમનાં હિતોના રક્ષણ માટે તો સરકારે વચ્ચે રહેવું જ પડે. પરંતુ અહીં એ ભુલાઈ જાય છે કે કંપનીઓ તો બહુ બહુ તો ભોળવી જાય, પરંતુ સરકાર તો દંડાનો ઉપયોગ કરીને ફરજિયાત આંચકી જ લે છે! છેલ્લા ૫૦ વર્ષથી આ જ થતું આવ્યું છે અને છતાં આદિવાસીઓનું રક્ષણ તો સરકાર જ કરે એ માનસિકતામાંથી બહાર નથી નીકળાતું.

આદિવાસીઓ તો ભોળવાઈ જ જાય તે પણ ખરેખર કેટલું સાચું છે તે તપાસી જોવા જેવું છે. (એમ ન જ થાય એમ કહેવાનો ઈરાદો નથી.) વર્ષો પહેલાં કદાચ આ સાચું હશે. પણ બજારમાં નાની નાની ચીજવસ્તુઓની ખરીદી માટે પણ દસ જગ્યાએ ભાવતાલ કરીને જ્યાંથી સસ્તી અને સારી મળે ત્યાંથી જ ખરીદતા આદિવાસીઓને જોઈએ તો ખ્યાલ આવે કે એમ કંઈ એમને છેતરવા સહેલા નથી. રૂરકેલા હાઇવે કે ટ્રેઇન લાઇનને ઠપ્પ કરીને બેઠેલા કલિંગનગરના આદિવાસીઓ એનો સીધો દાખલો છે.

## ૨) કુદરતી સંસાધનો પર આદિવાસીઓ / સ્થાનિક સમુદાયોનો અધિકાર

બીજો પ્રશ્ન છે એ વિસ્તારની જંગલ કે સરકારી જમીનોનો અને એમાં રહેલાં ખનીજ સંસાધનોનો. આપણે અન્યત્ર જોયું છે તેમ આદિવાસીઓના વર્ષો જૂના કબજાઓ નામે થયા નથી. ઓરિસ્સામાં છેલ્લું સર્વે સેટલમેન્ટ ૧૯૨૦માં થયેલું. ત્યાર બાદ અંગ્રેજો દ્વારા અને સ્વતંત્ર ભારતમાં પણ મોટાપાયા પરની જમીનો 'જંગલ જમીનો' તરીકે નીમ થઇને જંગલખાતા હસ્તક થઇ ગઇ છે. હજારો-લાખો લોકોના કબજા છે, પણ માલિકી અધિકારો નથી. આમ, લાખો એકર જમીન સરકાર હસ્તક છે, એના પરનાં જંગલો, ઝરણાં, નદીઓ અને જમીનની અંદર રહેલાં ખનીજ સરકાર હસ્તકનાં છે, જેનો સરકાર મનફાવે તેમ ઉપયોગ કરે છે, અને એને 'જાહેર હિત'નાં કામો કહેવામાં આવે છે. જંગલોની મૂળિયાંસોતી કટાઇ હોય, કે હજારો ટન વાંસ ખાનગી કંપનીઓને પાણીના ભાવે આપી દેવાના હોય, માઈનીંગ લીઝ આપવાની હોય, કે નદીનાં પાણી ખાનગી કંપનીઓને લીઝ પર આપવાનાં હોય, એ તમામ બાબત સરકાર નક્કી કરે છે. ખનીજની બાબતમાં તો ખાનગી જમીનોની નીચે આવેલ ખનીજોની માલિકી પણ સરકારની ગણાય છે અને ખેડૂતને એના પર કોઈ અધિકાર નથી. આ બદલવાનો પણ સમય આવી ગયો છે. પોતાની આસપાસનાં બધાં કુદરતી સંસાધનો પર સ્થાનિક લોકોના જ અધિકારો હોવા જોઇએ. બંધારણમાં કરવામાં આવેલ ૭૩મો સુધારો સ્પષ્ટપણે એ અધિકારો સ્થાનિક ચૂંટાયેલ સંસ્થા-પંચાયતને આપે છે. પરંતુ તેમાં પણ ખનીજ સંસાધનોનો સમાવેશ કરવામાં નથી આવ્યો.

આ સંદર્ભમાં 'વિકાસ' કે 'ઉદ્યોગીકરણ'ના પ્રશ્નને જોવો જરૂરી છે. એ વિસ્તારનાં જમીન કે ખનીજ, વાંસ કે સાગ કે અન્ય ઔષધીય પ્લાન્ટ્સ પર સ્થાનિક લોકોનો પણ અધિકાર હોય, તો ટાટા સ્ટીલ કે અન્ય કોઇપણ ખાનગી કંપનીઓએ લોકો પાસેથી એ વેચાતા લેવા પડે કે રોયલ્ટી ચૂકવવી પડે. આ વ્યવસ્થા સરકાર અને સ્થાનિક લોકો વચ્ચે ભાગીદારીમાં પણ થઈ શકે. ખાનગી કંપનીઓ અને સ્થાનિક લોકો વચ્ચે સ્વૈચ્છિક વિનિમય થાય. તો ફરજિયાત સ્થળાંતર પણ ના રહે અને સારા કે ખરાબ પુનર્વસવાટનો પ્રશ્ન પણ ના રહે. અને વિકાસનાં સીધાં ફળો સ્થાનિક લોકોને મળે. •

# આદિવાસી અધિકાર બીલ, ૨૦૦૫ : થોડું પ્રાપ્ત, થોડું બાકી

*- તૃપ્તિ પારેખ*

'ખોજ' મે-જૂન ૨૦૦૫ના અંકમાં જંગલ મધ્યે રહેતા આદિવાસીઓના કબજાહક્ક તેમજ પરંપરાગત ભોગવટાના અધિકારોને માન્યતા આપતું બીલ - 'આદિજાતિ (જંગલ અધિકારોને માન્યતા) ખરડો' ૨૦૦૫ તથા વિવાદના વમળમાં ફસાયેલા એ બીલનું ભાવિ કેવું અદ્ધર લટકી રહ્યું હતું એની વિગતો આપણે જોઇ હતી.

આદિવાસીઓને કુટુંબ દીઠ ૨.૫ હેકટર જંગલ જમીનની લ્હાણી કરી દેવામાં આવશે અને જંગલનો નાશ કરવા પર સરકાર તુલી રહી છે, એવી ઇન્ડિયન એક્સપ્રેસ જેવા વર્તમાનપત્રોમાં વારંવાર ફેલાવવામાં આવેલી, તેમજ અમુક પર્યાવરણવાદીઓએ મચાવેલી કાગારોળનો કોઇ મતલબ નહોતો, કારણ કે એ વાત સત્યથી વેગળી હતી. વન મંત્રાલય અને કેટલાક પર્યાવરણવાદીઓએ બીજો જે મુદ્દો ઊભો કરેલો તે આરક્ષિત વિસ્તારો (અભયારણ્યો અને રાષ્ટ્રીય વન ઉદ્યાનો)ને આ બીલની જોગવાઇઓમાંથી બાકાત રાખવાનો હતો. પણ આદિવાસીઓના દેશવ્યાપી સંગઠન કેમ્પેઇન ફોર સર્વાઇવલ એન્ડ ડિગ્નીટીમાં અમારા સહુનું કહેવું હતું કે આ બીલ પરંપરાગત અને હયાત અધિકારોને માન્યતા આપતું બીલ છે. પેઢીઓથી અભયારણ્યો કે રાષ્ટ્રીય ઉદ્યાનોમાં રહેતા આવેલા અને જંગલ જમીનો તથા જંગલો પર નભતા આવેલા આદિવાસીઓના અધિકારોને પણ આ બીલ અંતર્ગત નોંધણી થઇ માન્યતા મળવી જોઇએ. એમના વિસ્તારો ગાઢા રહેવા પામ્યા, વન્ય જીવો રહેવા પામ્યા, એ બદલ એમને શિરપાવ આપવાને બદલે દંડવાની વાત કરવી એનું કોઇ ઔચિત્ય ખરું?

## મુખ્ય મુદ્દો : આરક્ષિત વિસ્તારો

આ પ્રશ્ન મોટા ગજગ્રાહનું કારણ બન્યો. આ ગજગ્રાહને નિવારવામાં વડાપ્રધાનની કચેરીએ મહત્વનો ભાગ ભજવ્યો. આ જ મુદ્દા પર ચર્ચા કરીને હલ શોધવા માટે તેણે ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૫ના રોજ પર્યાવરણવાદીઓ, કેમ્પેઇનના પ્રતિનિધિઓ તથા વન મંત્રાલયની સંયુક્ત મિટિંગ બોલાવી.

મિટિંગમાં પર્યાવરણવાદીઓએ એ તો સ્વીકાર્યું કે આરક્ષિત વિસ્તારોમાંથી યોગ્ય પુનર્વસવાટ વગર સ્થાનિક લોકોને ખસેડી ના શકાય. પરંતુ આ વિસ્તારો માનવ દખલ વિનાના (Inviolate) રહેવા જોઈએ એ વિશે નમતું જોખવાને તૈયાર નહોતા. એક બાબત સ્પષ્ટ છે કે વિકાસ યોજનાઓના અસરગ્રસ્તોના યોગ્ય પુનર્વસવાટની અનિવાર્યતા આજે પ્રસ્થાપિત થઈ છે. (અલબત્ત, કલિંગનગરની કરુણાંતિકા એની સામે પણ મોટા પ્રશ્નો ખડા કરે છે.) પણ હજુ થોડા જ સમય પહેલાં સુધી પર્યાવરણીય યોજનાઓ-ગ્રીન પ્રોજેક્ટથી અસર પામતા લોકોના વિસ્થાપન અને પુનર્વસવાટ અંગે કોઈ જાગૃતિ ન તો પર્યાવરણવાદીઓમાં હતી કે ન તો આમ જનતામાં. જે પર્યાવરણવાદીઓ, જેઓ હજી થોડા જ સમય પહેલાં એવા વિશ્વનાં ગાન ગાતા હતા જેમાં માત્ર અને માત્ર વૃક્ષ-વનસ્પતિ, પ્રાણીઓ, જીવ-જંતુઓ - ટૂંકમાં આરક્ષિત વિસ્તારોમાં રહેતા લોકો સિવાયનાની હયાતી હતી, તેઓ પણ આજે એ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ / સ્થાનિક લોકોના અધિકારોને સ્વીકારતા થયા છે.

## મનુષ્યવસ્તીહીન વિસ્તારો જાહેર કરવા જરૂરી છે?

આ પ્રશ્ને ચર્ચાનો દોર આગળ વધારવા માટે 'વાઘ બચાવો' પર્યાવરણવાદીઓ, વન મંત્રાલય અને કેમ્પેઇનના પ્રતિનિધિઓ ઉપરાંત પર્યાવરણ ઇતિહાસકારો, બૌદ્ધિકો, એકેડેમિશીયનો વગેરેની મોટી બેઠક તા. ૨૮ ઓક્ટોબરના રોજ ગોઠવાઇ. મિટિંગનો એક માત્ર એજન્ડા આરક્ષિત વિસ્તારો અને માનવ હસ્તક્ષેપ વગરના (inviolate) વિસ્તારો પૂરતો મર્યાદિત હતો.

મોટા ભાગના પર્યાવરણવાદીઓ એ વાતને વળગી રહ્યા કે અમુક વિસ્તારો માનવવસ્તીની દખલ વગરના રાખવા પડશે, પણ સાથે સાથે સ્વીકાર્યું કે લોકોનો સારો પુનર્વસવાટ પણ કરવો પડશે. દેબી ગોયેન્કા જેવાએ અસરગ્રસ્ત લોકોની સંમતિની વાત પણ કરી. પરંતુ માધવ ગાડગીલે તો ત્યાં સુધી કહ્યું કે અમુક વિસ્તારોને નિર્જન - માનવ હસ્તક્ષેપ વગરના - કરવાથી ઘણીવાર પર્યાવરણની સમતુલા જ ખરેખર ખોરવાઈ જાય છે. એમણે દાખલો આપ્યો ભરતપુર પંખી અભયારણ્યનો, જેની એમણે જાણીતા પક્ષી-નિષ્ણાત સલીમ અલી સાથે મુલાકાત લીધી હતી. નેશનલ પાર્ક બન્યા પછી, ત્યાંથી ભેંસો દૂર થઇ જતાં ખસ ઘાસ બધે ફેલાઇ ગયું, તથા ભેંસનું ગોબર ખાતી માછલીઓનો ખોરાક ઓછો થઇ ગયો. આમ, વર્ષોની જે ભક્ષક-ભક્ષણની સાંકળ ત્યાં બનેલી હતી તે ખોરવાઇ ગઇ. પરિણામે રશિયાથી આવતાં ક્રેઇન જેવાં ઘણાં પક્ષીઓ ત્યાં આવતાં બંધ થઇ ગયાં.

આ બહુ પાયાનો સવાલ છે, જેનો ઉત્તર ઘણા પર્યાવરણવાદીઓ પાસે નથી. આવું જ આપણે ત્યાં ગીરમાં થયું છે. નેશનલ પાર્ક થયા પછી ત્યાં જે માલધારીઓ તેમના પશુઓ સાથે નેસડાઓમાં રહેતા હતા તેમને

તેની બહાર હાંકી કાઢવામાં આવ્યા. પરિણામે સિંહોને ત્યાં જે ખોરાક મળી રહેતો હતો તેમાં ઘટાડો થયો અને ઢોર ચરતાં બંધ થઈ જવાથી જંગલની ઘનતા વધી ગઈ અને ખુલ્લાં ઘાસીયાં મેદાનો ઓછાં થઈ ગયાં. સિંહ તો Savanah (ઘાસીયાં મેદાનોવાળા) જંગલોનું પ્રાણી છે. પરિણામે નેશનલ પાર્ક અને અભયારણ્યની બહારના વિસ્તારોમાં એમના હુમલા વધવા માંડયા. નિર્જન આરણ્યકો બનાવવાની હિમાયત કરનારા ઘણા પર્યાવરણવાદીઓ એ મહત્ત્વની બાબત ભૂલી જાય છે કે જંગલોમાં પેઢીઓથી માણસો વસતા આવ્યા છે, ત્યાંની ઈકોસિસ્ટમમાં એમનું પણ સ્થાન છે, અને તેમને ત્યાંથી હટાવવાથી એમાં દખલ નહીં થાય ? એના ફિલોસોફિકલ કે બાયોલોજિકલ તાણાવાણાઓમાં ન જઈએ, તો પણ એનાં વ્યવહારુ પાસાંઓ પણ વિચારવાં પડે એમ છે.

બીજો સવાલ એ છે કે કયા અને કેટલા વિસ્તારને નિર્જન આરણ્યક બનાવવા એ નક્કી કોણે, કેવી રીતે અને કયા માપદંડોને આધારે કર્યું છે અને ભવિષ્યમાં કરશ ? દેશના કુલ ભૌગોલિક વિસ્તારના કુલ ૪ કે ૫ ટકાને નિર્જન બનાવવો જોઈએ એવો આગ્રહ રાખનારાઓએ એ આંકડો કયા હિસાબે અને આધારે નકકી કર્યો ? આ પ્રશ્ને આપણે ખોજ અંક ૩ માં ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલ અંગેના લેખમાં વિગતે ચર્ચ્યું છે.

## છેવટે બીલ સંસદમાં મૂકાયું

છેલ્લા ૬ મહિના દરમિયાન ઊઠેલા તોફાન અને સાથે સાથે જ ચાલેલી વાટાઘાટોની પ્રક્રિયા બાદ છેવટે પરિસ્થિતિ સકારાત્મક રીતે પલટાઈ છે. બજેટ સત્રમાં લોકસભામાં બીલ રજૂ થવાની વકી હતી, પરંતુ એની સામે ઊઠેલા વંટોળે એમ થવા ના દીધું. આદિવાસી સંગઠનોએ દેશનાં અગિયાર રાજ્યોમાં નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં મોટા પાયે 'કાનૂન દો યા કેદ દો'ના નારા હેઠળ શાંતિમય તરીકાથી જેલ ભરો આંદોલન કર્યાં, જેમાં દરેક રાજ્યમાં હજારો આદિવાસી ભાઈઓ-બહેનો જોડાયાં. ગુજરાતમાં પણ આદિવાસી મહાસભાના બેનર હેઠળ આ કાર્યક્રમો થયા. બીલની તરફેણ તેમજ વિરોધ કરનારાઓ વચ્ચે ચર્ચા તથા વિચાર-વિમર્શ બાદ બીલ ૨૧ ડિસેમ્બરે લોકસભામાં અને ૨૩ ડિસેમ્બર ૨૦૦૫ના રોજ રાજ્યસભામાં મુકાયું અને લોકસભાએ નિયુક્ત કરેલી જોઈન્ટ સીલેકટ કમિટિને એના પર વધુ વિચાર-વિમર્શ કરીને પોતાનાં સૂચનો સંસદમાં રજૂ કરવા સોંપાયું છે. લોકસભામાં જે બીલ મુકાયું છે તેમાં, અલબત્ત, અમુક જોગવાઈઓ એવી છે, જે ચર્ચાસ્પદ છે અને બીલના મુખ્ય ઉદ્દેશ અને ઉમદા હેતુને ઠેસ પહોંચાડે છે. પરંતુ આરક્ષિત વિસ્તારોના આદિવાસીઓને પણ તેમાં આવરી લેવાયા છે, તે ઘણું સકારાત્મક પાસું છે.

## બીલની ચર્ચાસ્પદ જોગવાઈઓ :

### ૧) આરક્ષિત વિસ્તારોના 'કોર એરિયા' અને આદિવાસીઓનું સ્થળાંતરણ :

લાંબા ગાળાની ચર્ચાઓના દૌર બાદ લોકસભામાં રજૂ કરવામાં આવેલ બીલમાં 'કોર એરિયા'ની વ્યાખ્યા તેમજ 'કોર એરિયા'ને નિર્જન (inviolate) બનાવવાની જોગવાઈ આપવામાં આવી છે એ મુજબ નિર્જન વિસ્તારો બનાવવા પાત્ર વિસ્તારોમાં વસતા આદિવાસીઓના અધિકારો નક્કી થઈ એમને 'કામચલાઉ ધોરણે' અધિકારો આપવામાં આવશે. જો પાંચ વરસમાં એમને 'યોગ્ય વળતર' (due compensation) આપીને બીજે ખસેડવામાં (relocate કરવામાં) નહીં આવે, તો કામચલાઉ અધિકારો કાયમી બની જશે.

અહીં બે-ત્રણ સવાલો ઊભા થાય છે. એક તો 'યોગ્ય વળતર' અને ખસેડવા (relocation) ની જોગવાઈઓ એટલી તો અસ્પષ્ટ છે કે પાછલો રેકોર્ડ જોતાં વન વિભાગ આદિવાસીઓનો યોગ્ય પુનર્વસવાટ કરી શકે એવી કોઈ આશા રાખી ના શકાય. ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલમાં જણાવ્યું છે તેમ રણથંભોર, સરિસ્કા વગેરે ટાઈગર રિઝર્વમાંથી લોકોનું વિસ્થાપન અને અમુક ગામોનો જે કહેવાતો પુનર્વસવાટ કરવામાં આવ્યો છે તે સારા પુનર્વસવાટની કોઈ આશા જન્માવતો નથી. 'યોગ્ય વળતર' એટલે શું એ કોણ અને કેવી રીતે નકકી કરશે? આદિવાસીઓને આ બીલ હેઠળ મળવાપાત્ર જમીન અને જંગલપેદાશો પરના અધિકારોનું શું થશે? નર્મદા યોજનામાં જમીન સામે જમીન (કુટુંબદીઠ, પસંદગીની, પિયતની/પિયતલાયક, ૫ એકર જમીન) આપવાનો સિદ્ધાંત કોઈ પણ યોજના/પરિયોજનાઓમાં (વિકાસની કે પર્યાવરણની) અંકે થઈ ગયેલો મનાવો જોઈએ. પુનર્વસવાટની સ્પષ્ટ જોગવાઈઓ આપ્યા વગર 'યોગ્ય વળતર'ની જોગવાઈઓનો કોઈ અર્થ રહેતો નથી. બીજું, આ બીલ આદિવાસીઓને અધિકારો આપવા માટેનું બીલ છે. 'કોર એરિયા'ને માનવવસ્તીરહિત રાખવાની જોગવાઈ વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમની અંતર્ગત આવી શકે, આ બીલની અંતર્ગત નહીં. એટલે, હકીકતમાં તો આ બીલમાં કરવામાં આવેલી આ જોગવાઈ જ અસ્થાને છે અને રદ કરવા પાત્ર છે.

### ૨) ૧૯૮૦ની કટ ઓફ ડેઈટ

બીલની આ જોગવાઈ મુજબ ૨૫ ઓકટોબર ૧૯૮૦ સુધીમાં જંગલ જમીન પરના કબજાને જ અધિકાર આપવામાં આવશે. વન (સંરક્ષણ) અધિનિયમ ૧૯૮૦ જે દિવસે પસાર થયો એને આ કાયદાની કટ ઓફ

ડેઈટ રાખવાનું કોઈ કારણ નથી, કારણ કે એ અધિનિયમને આ બીલ અંતર્ગત આપવાના અધિકારો સાથે કોઈ સંબંધ નથી. હકીકત તો એ છે કે એ અધિનિયમ અધિકારો પર નથી પ્રતિબંધ મૂકતો કે નથી તેને માન્યતા આપતો - એ માત્ર એટલું જ કહે છે કે બેમાંથી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરીની જરૂર છે. એનું વિષયવસ્તુ અને આશય સાવ જુદાં જ છે, રાજ્યની સત્તા અને કેન્દ્રની સત્તા શું રહેશે એ અંગેની સ્પષ્ટ જોગવાઈઓ એનું વિષયવસ્તુ છે.

બીજું, ૨૫ વર્ષ પહેલાંની કટ ઓફ ડેઈટ રાખવાનો મતલબ એ થાય કે જેમનો એક પેઢી ઉપરાંતથી જમીનોનો કબજો હશે એમને પણ ગેરકાયદેસર ગણવામાં આવશે. વળી, ગ્રામસભાના સભ્યોને માટે પુરાવાઓની ચકાસણીને પણ એ અઘરી બનાવશે, કારણ કે આટલું લાંબું યાદ કરવું કોઈના પણ માટે મુશ્કેલ બની જાય છે. ખાસ તો, પા સદી - આખી પેઢી સુધીના અધિકારોને ચકાસવાની અને કાયદેસરતા આપવાની જવાબદારીમાંથી એ રાજ્યને મુક્તિ આપી દે છે. તેથી કેમ્પેઈન અને આદિવાસી સંગઠનોનું માનવું છે કે મોટાભાગના આદિવાસીઓના જીવનનિર્વાહના અધિકારને ધ્યાનમાં લઈ શકે અને સતત કબજાના પુરાવા રજૂ કરી શકે, પણ સાથે જ, નવાં દબાણોને પ્રોત્સાહન ના આપી શકે તેવી તાર્કિક તારીખને (દા.ત. ૨૦૦૧ને) આ કાયદા અંતર્ગત કટ ઓફ ડેઈટ તરીકે નક્કી કરવી જોઈએ.

### ૩) ગ્રામસભાની સત્તા :

આ બીલની જોગવાઈ મુજબ ગ્રામસભાને અધિકારો નકકી કરવાની પ્રક્રિયા શરૂ કરવાની અને દાવાઓ સ્વીકારવાની, ભેગા કરવાની અને ચકાસવાની તથા પ્રત્યેક દાવા નીચે આપવા પાત્ર ક્ષેત્રફળ નોંધતા નકશા તૈયાર કરીને એ અંગે ઠરાવ કરવાની સત્તા આપવામાં આવી છે. ત્યાર બાદ, ગ્રામસભાએ એની નકલ સબ-ડિવિઝનલ લેવલ કમિટીને મોકલવાની રહેશે, જેને એનું પરીક્ષણ કરવાની સત્તા રહેશે. આમ, એક બાજુ, ગ્રામસભા ઉપર દાવા મેળવવાથી માંડીને નકશા બનાવવા સુધીની જવાબદારી નાખવામાં આવી છે, પણ બીજી બાજુ એની સત્તા માત્ર ભલામણ કરવાની જ રહી જાય છે, જેની ભલામણની ચકાસણી તો સબડિવિઝનલ કમિટીએ કરવાની રહે છે, જે કમિટી માત્ર અધિકારીઓની જ બનેલી હશે. એટલે ફરીથી અધિકારોની માન્યતાનો પ્રશ્ન અધિકારીઓના હાથમાં સોંપાશે. આથી, આ આખી પ્રક્રિયા પણ વન મંત્રાલયના ૧૯૯૦ના પરિપત્રોના અમલ જેવી જ બની જાય એની બહુ મોટી શકયતા રહેલી છે. ઉપરાંત, બંધારણના ૭૩મા સુધારા અને પંચાયત (એક્સ્ટેન્શન ઓફ શિડ્યુલ્ડ એરિયા) એકટનો પણ ભંગ કરે છે, જેમાં સ્થાનિક સંસાધનોના વ્યવસ્થાપનની સત્તા ગ્રામસભા અને સ્થાનિક પંચાયતોને આપવામાં આવી છે. આ કાયદાના યોગ્ય અમલ માટે ગ્રામસભાને અધિકારો નકકી કરવાની સત્તા આપવામાં આવે એ જરૂરી છે.

ઉપરાંત, અધિકારોની ચકાસણી કરવા તથા માન્યતા આપવા માટે કયા પુરાવાઓને યોગ્ય ગણી શકાય એ અંગેની પ્રક્રિયાની કોઈ જ રૂપરેખા આ બીલમાં આપવામાં આવી નથી. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પ્રક્રિયાને લગતી બાબતો અધિનિયમ હેઠળ બનાવવા પાત્ર નિયમોમાં આવરી લેવાવી જોઈએ. પરંતુ, આ કાયદો માત્ર અધિકારો જ નથી આપતો (જે વન મંત્રાલયના પરિપત્રોમાં પણ અપાયેલા છે), પરંતુ સાથે સાથે ચકાસણી અને અંકે કરવાની પ્રક્રિયા પણ દર્શાવે છે. તેથી પુરાવાઓની ચકાસણીની વિગતો પણ આપવી જરૂરી છે.

### અન્ય પ્રશ્નો

ઉપરાંત, બીલની એક ખામી એ પણ છે કે એ જંગલમાં પેઢીઓથી રહેનારાં બિન-આદિવાસી કુટુંબોને કે અન્ય યોજનાઓથી - વિકાસની કે પર્યાવરણીય - ખસેડાયેલાંઓને અને ૧૯૮૦ બાદ જંગલ જમીનનો કબજો મેળવ્યો હોય કે જંગલ પેદાશો પર ભોગવટાનો અધિકાર ધરાવતા હોય, એમને આ કાયદો આવરી લેતો નથી. એ ઉપરાંત, આ કાયદા નીચે જે કુટુંબોને જમીન પરનો અધિકાર મેળવવા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે, એમને જે તે જમીન પર જ (in-situ rehabilitation) વૃક્ષઉછેરના કામમાં પુનર્વસવાટ કરવાની જે જોગવાઈ વન મંત્રાલયના ૧૯૯૦ના પરિપત્રમાં કરવામાં આવી છે, એવી કોઈ જોગવાઈ આ કાયદામાં આપી નથી. આ બધા મુદ્દાઓને આ બીલમાં આવરી લેવા જરૂરી છે.

ઉપરાંત, આ બીલ જંગલ રક્ષણ અને વ્યવસ્થાપનની જવાબદારી સૈદ્ધાંતિક રીતે અધિકાર મેળવનાર કુટુંબોને સોંપવાનો ઉલ્લેખ કરે છે, પરંતુ સીધી અને વિગતવાર કોઈ સત્તા કે જવાબદારી સોંપતું નથી. પણ, બીજી બાજુ આસપાસનાં જંગલો, જીવવૈવિધ્ય, ઝરણાં, પાણી વગેરે કોઈ પણ સંસાધનોને જો નુકસાન થાય તો અધિકારો મેળવેલ વ્યક્તિઓ પર દંડ થોપે છે. એટલું જ નહીં, વન અધિનિયમ કે વન્ય પ્રાણી અધિનિયમની હકુમત કે શિક્ષા પણ એટલી જ અકબંધ રહે છે. તેથી વન વિભાગની સત્તા અને આણ તો જેવા ને તેવા જ રહે છે. ઉપરાંત, એક જ વ્યક્તિને એક જ ગુના માટે વન કાયદાઓ ઉપરાંત આ કાયદા હેઠળ પણ સજાને પાત્ર બનાવે છે, જે બંધારણના પાયાના અધિકારનો ભંગ કરે છે. આ બધા મુદ્દાઓ પર પણ બીલમાં સુધારો થાય એ જરૂરી છે. અલબત્ત, એ તો સ્વીકારવું જ રહ્યું કે ઘણા લાંબા સમયથી લટકતા આ પ્રશ્નના ઉકેલની દિશામાં આગળ લઈ જતું એક મહત્ત્વનું પગલું ભરાયું છે. •

# હોંગકોંગ પાસેથી ભારત શું શીખી શકે ?

- બરુન એસ. મિત્રા

આ મહિનામાં વિશ્વ વ્યાપાર સંગઠનની સચિવ કક્ષાની બેઠક હોંગકોંગમાં મળી રહી છે એ કોઇ નાનીસૂની વક્તા નથી. હોંગકોંગ એકપક્ષીય મુકત વ્યાપારની નીતિઓની સફળતાનો નિચોડ છે : થોડા ખડકોના ટુકડાઓવાળો અને પ્રાકૃતિક સંસાધનોથી વંચિત આ પ્રદેશ આજે પૃથ્વી પરનાં સૌથી સમૃદ્ધ સ્થળોની હરોળમાં સ્થાન ધરાવે છે. હોંગકોંગની સફળતાનાં મૂળિયાં કાયદાના શાસન અને આર્થિક સ્વતંત્રતાની સંસ્થાઓ (institutions)માં રહેલાં છે. આ પ્રદેશે મુકત વ્યાપારના સોદા અંગે કોઇ વાટાઘાટો નહોતી કરી. તેણે કેવળ એકપક્ષીય રીતે તેની ઘોષણા માત્ર કરી હતી, અને બાકીનો ઇતિહાસ આપણી સમક્ષ પડેલો જ છે. હોંગકોંગની એકપક્ષીય મુકત વ્યાપારની નીતિની સફળતા અને વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ની વાટાઘાટોમાંની હાલની મડાગાંઠ વચ્ચેનો વિરોધાભાસ આથી વધુ સ્પષ્ટ ક્યારેય નહોતો.

વિશ્વ વ્યાપાર સંગઠનની મુસીબતો ૧૦ વર્ષ અગાઉ તેના ઉદ્‌ભવ સમયે જ શરૂ થઈ ગઈ હતી. બહુપક્ષીય વ્યાપારી સમજૂતીનાં જોખમો બહુ અગાઉ ૧૯૯૯માં સિએટલની શેરીઓમાં બહાર આવ્યાં હતાં. ૧૧ સપ્ટેમ્બરની કરુણાંતિકા પછી દોહા, કતાર ખાતેની એ પછીની સચિવ કક્ષાની બેઠકમાં વાટાઘાટોનો નવો દોર શરૂ થયો હતો - પરંતુ આ નાની સફળતા અલ્પજીવી હતી. હોંગકોંગના કિનારે લાંગર્યા તે પહેલાં ઘણા સમય અગાઉથી, ૨૦૦૩માં મેકિસકોના કાંકૂન ખાતે વાટાઘાટો પડી ભાંગી ત્યારથી આ બહુપક્ષીય વાટાઘાટોના મંત્રણાકારો જુદાં જુદાં હિતો ધરાવતાં જૂથો અને પ્રશ્નોના તોફાની સમુદ્રને નાથવાની કોશિશો કરતાં આવ્યાં છે.

વ્યાપારની સ્વતંત્રતા એ માનવ-સભ્યતાની આધારશીલા છે. તેણે નગરોને જન્મ આપ્યો, જેણે વ્યાપાર માટેનો મંચ પૂરો પાડયો. તેણે વિશેષ અધ્યયન કરવાની અને ઉત્પાદકતા સુધારવાની, તેમજ બજારમાં એક વ્યકિતના વધારાના ઉત્પાદનની બીજી વ્યકિતઓ સાથે વિનિમય કરવાની તક ઊભી કરી છે. આ સંક્ષિપ્ત રૂપરેખામાંથી બે બોધપાઠો મળે છે. મુકત વ્યાપાર સ્વૈચ્છિક રીતે હાથ ધરવામાં આવે છે, અને પરિણામે તે આ વિનિમયમાં સંકળાયેલા બંને પક્ષકારો માટે જીત-જીત (win-win)ની પરિસ્થિતિ છે. જો સોદો પરસ્પર લાભદાયી ન હોય, તો વ્યાપાર ના થાય. બીજું એ કે વ્યાપારમાં ભાગ લેનારા લોકો હોય છે, દેશો નથી.

## બહુપક્ષીય વિરૂદ્ધ એકપક્ષીય ઉદારીકરણ

બહુપક્ષીય વ્યાપારી વાટાઘાટોની ઘાતક ત્રુટિ એ છે કે વાટાઘાટોમાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓ ભાગ લે છે, તેથી તેઓ સ્થાપિત હિતોના પ્રભાવ હેઠળ વધુ ને વધુ આવતા જાય છે, જેઓ આ વ્યાપારી વાટાઘાટોનો ઉપયોગ તેમના પોતાના વિશેષાધિકારોને રક્ષવા માટે, અથવા નહીં તો છેવટે, વ્યાપારના ઉદારીકરણની પ્રક્રિયા ઢીલી પાડવા માટે કરવા માગતા હોય છે. વ્યાપાર તરફનો બહુપક્ષીય અભિગમ, ખાનગી પક્ષકારો વચ્ચેના સ્વૈચ્છિક વ્યાપારની અંતર્ગત રહેલ જીત-જીત (win-win)ની સ્થિતિને સ્થાને વ્યાપાર એ 'શૂન્યના સરવાળા' (zero-sum)ની રમત છે તેવી ખામીયુકત ધારણાને પ્રસ્થાપિત કરે છે. દેખીતાં ''રાષ્ટ્રીય હિતો''ને રક્ષવામાં ઔચિત્ય માનતા, રાષ્ટ્રીય વાટાઘાટકારો આનો એક મુખૌટા તરીકે ઉપયોગ કરે છે. હકીકતમાં, તેમની નેમ સ્થાપિત વ્યાપારિક હિતોને સ્પર્ધાથી રક્ષણ આપવાની છે - પછી એ ખેડૂતો હોય કે ઉત્પાદકો હોય. આનું પરિણામ અનિવાર્યપણે મડાગાંઠમાં આવે છે, જે આજે વિશ્વ વ્યાપાર સંગઠનમાં જોવા મળે છે. વ્યાપક અંશે કે કદાચ મહદ્ અંશે આવું જ વલણ દ્વિપક્ષીય અને પ્રાદેશિક વ્યાપારી વાટાઘાટોમાં જોવા મળે છે.

આમ, વિશ્વ વ્યાપાર સંગઠનની વર્તમાન સચિવ કક્ષાની બેઠક હોંગકોંગ ખાતે મળી રહી છે તે કેવળ યોગાનુયોગ કરતાં કંઇક વિશેષ મહત્ત્વ

ધરાવે છે. બધી રીતે જોતાં, વાટાઘાટકારો વાટાઘાટો ચાલુ રાખવાની પોતાની વચનબદ્ધતાને ફરીથી દોહરાવવા સિવાય કોઇ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરે એવી સંભાવના દેખાતી નથી. પરંતુ જો વિશ્વ વ્યાપાર સંગઠન હોંગકોંગમાં નિષ્ફળ જશે તો તે સાચા મુકત વ્યાપારના ફાયદાઓ તરફ ફરીથી ધ્યાન દોરવામાં મદદરૂપ થઇ પડશે. વ્યાપારી વાટાઘાટકારો, નીતિ ઘડનારાઓ અને આંતરરાષ્ટ્રીય સમાચાર માધ્યમોને હવે હોંગકોંગની એકપક્ષીય મુકત વ્યાપારની નીતિઓ સમજવાની, તથા આવી નીતિને કારણે મળેલા માતબર લાભનો અનુભવ કરવાની વિરલ તક સાંપડી છે.

## બે દેશો : બે અર્થવ્યવસ્થા : જુદાં જુદાં પરિણામો

ભારત અને હોંગકોંગ આ બે અર્થવ્યવસ્થાઓ એવી છે, જે એકપક્ષીય વ્યાપાર નીતિની અસરોને સ્પષ્ટપણે દર્શાવે છે. અડધી સદી પૂર્વે, એશિયાના આ બે ગરીબ દેશોએ બે જુદા જ આર્થિક માર્ગો પર સફર કરવાનું નકકી કરેલું. નવોદિત લોકશાહી દેશ ભારતે ''આત્મ-નિર્ભરતાની'' ફિલસૂફી અપનાવીને, આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાથી પોતાને અલિપ્ત રાખીને પોતાનું ભાવિ ઘડવાનું નકકી કર્યું. તેણે પોતાનાં પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કરીને અને શિશુ અવસ્થાના ઘરેલુ ઉદ્યોગોને બઢાવો આપીને પોતાના ભવિષ્યનું નિર્માણ કરવાની કોશિશ કરી. આંતરરાષ્ટ્રીય સમુદાયે ભારતના લોકશાહી સમાજવાદના આ નવતર પ્રયોગને પ્રશંસાથી નિહાળ્યો, અને દેશને પોતાને રસ્તે વધવામાં સહાય પૂરી પાડી. ભારતની વિત્તીય (નાણાંકીય) અને નિયંત્રણ સંબંધી નીતિઓનું લક્ષ્ય આંતરરાષ્ટ્રીય વ્યાપારને અપ્રસ્તુત બનાવવાનું હતું. ગગનચુંબી ટેરિફને દુ:સ્વપ્ન જેવી વિધિઓ (procedures)નું પીઠબળ હતું, અને જાહેર એકમોને આર્થિક ઊંચાઇઓ આંબવાનો કોલ હતો. ૨૦મી સદીના પહેલા અડધિયાની ભારતની અનાજની અછત અને દુષ્કાળોના ઐતિહાસિક ઝોકની સાથે મળીને આ નિયંત્રણોએ ભારતની અર્થવ્યવસ્થાને ઠપ કરી દીધી અને ગરીબીને સ્થાયી બનાવી.

૧૯૭૦ના મધ્ય સુધીમાં કૃષિ (જે મુખ્યત્વે ખાનગી માલિકીની હતી)ને પ્રથમ હરિયાળી ક્રાંતિની ટેકનોલોજીના સંકર (હાઇબ્રીડ) બિયારણે મદદ કરી હતી, જેણે ભારતને 'ભીખના કટોરા' (બાસ્કેટ કેસ)માંથી 'ધાનની છાબડી' (બ્રેડ બાસ્કેટ) બનાવી દીધો. અન્યથા ભારતનાં પ્રાકૃતિક સંસાધનોના વિશાળ ભંડારને આ વ્યવસ્થામાં ભાગ્યે જ અસરકારક રીતે જોતરી શકાયો હોત. ૧૯૭૫-૭૭ના કટોકટીના શાસનથી દેશની લોકશાહીનો પાયો સુદ્ધાં હચમચી ગયો હતો. ૧૯૮૦ના દાયકામાં સુધારાઓના છૂટાછવાયા પ્રયાસો છતાં અર્થવ્યવસ્થા ૧૯૯૧માં અભૂતપૂર્વ વિદેશી હૂંડિયામણની કટોકટી સાથે નિરાશાની ગર્તામાં ધકેલાઇ ગઇ. આ કટોકટીએ ૧૯૯૦ના આર્થિક સુધારાઓને વેગ આપ્યો, જેણે એ માન્યતાને ફરીથી પ્રદિપ્ત કરી છે કે ભારત ઝડપથી વિશ્વમંચ પરની એક આર્થિક સત્તા બની શકશે.

ભારતે એકપક્ષીય રીતે વિશ્વ સાથેનાં પોતાનાં દ્વાર બંધ કર્યાં તે ગાળા દરમિયાન હોંગકોંગે એકપક્ષીય રીતે મુકત વ્યાપારની નીતિ અપનાવી, અને આર્થિક સ્વતંત્રતાની સંસ્થાઓને જાળવી રાખી. એવું તેણે અંશતઃ પોતાની જરૂરિયાતમાંથી કર્યું. સાથે જ સામ્યવાદી ક્રાંતિની પાછળને પાછળ બંધ સમાજવાદી આર્થિક નીતિ અપનાવનાર ચીન સાથેની પોતાની નાજુક ભૌગોલિક નિકટતાનો લાભ લઈને તેણે પોતાના માટે એક વિશિષ્ટ આર્થિક જગ્યા (Niche) બનાવી દીધી. ચીની સાહસિકો, ચીન તથા આ પ્રદેશે પૂરી પાડેલી પ્રત્યેક તકને ઝડપી લઈને પરિશ્રમમાં લાગી પડયા. આ વિસ્તારમાં અંગ્રેજ સરકારની નીતિ સૌમ્ય ઉપેક્ષાની હતી - કાયદાના શાસન જેવી અગત્યની સંસ્થાઓને જાળવી રાખીને આર્થિક દરમિયાનગીરી અલ્પતમ રાખવાની હતી. જોકે સંસ્થાનવાદી માલિકોનો આ નિર્ણય ભાગ્યે જ સભાનપણે લેવાયેલો હતો, કારણ કે ઈંગ્લેંડે પોતાના માટે આવો અભિગમ અપનાવ્યો નહોતો.

જોકે હોંગકોંગ માછીમારીવાળાં થોડાં ગામડાઓનો બનેલો હતો અને કોઇપણ પ્રકારનાં પ્રાકૃતિક સંસાધનોથી રહિત હતો, તેમ છતાં બજાર સંસ્થાઓની સુરક્ષા સાથેના એકપક્ષીય વ્યાપારના તેના અભિગમે દેશની અર્થવ્યવસ્થાને લચીલી રીતે વિકસવા અને વૈશ્વિક ફેરફારોને અનુકૂળ બનવા માટે સક્ષમ બનાવી. પરિણામે, જ્યારે ભારતીય અર્થવ્યવસ્થા સ્થગિત હતી, ત્યારે હોંગકોંગની અર્થવ્યવસ્થા આસમાનને આંબી રહી હતી. વાસ્તવમાં, ૧૯૬૦ થી ૧૯૮૦ના દાયકાઓ દરમિયાન વિશ્વવ્યાપારમાં ભારતનો હિસ્સો સતત ઘટતો રહ્યો હતો. ખૂબ નાનું કદ હોવા છતાં હોંગકોંગનો આંતરરાષ્ટ્રીય વ્યાપાર (પુનઃનિકાસ સહિતનો) ઘણો ઊંચો રહ્યો હતો. ૧૯૯૧ના આર્થિક સુધારા બાદ ભારતની આર્થિક વૃદ્ધિનો દર ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાઓની સરખામણીમાં વધ્યો છે. પરંતુ ૧૯૯૧ના સુધારાઓ બાદ પણ ભારતની સરેરાશ ટેરીફ પ્રમાણમાં ઊંચી જ - ૨૫ ટકાથી ૩૫ ટકા સુધીની રહી છે. જ્યારે હોંગકોંગની ટેરીફ હજુ પણ શૂન્ય જ છે. હોંગકોંગ આટલાં વર્ષો દરમિયાન સમગ્ર આર્થિક સ્વતંત્રતાની દૃષ્ટિએ હંમેશાં મોખરાના સ્થાને જ રહ્યું છે, ત્યારે ભારતની સ્વતંત્રતામાં કેટલાંક પગલાંઓ દ્વારા બહુ થોડો (માર્જીન પરનો) સુધારો થયો છે. છેલ્લા દાયકા દરમિયાન પ્રશંસનીય સુધારો થયો હોવા છતાં ભારતની આર્થિક સ્વતંત્રતાનું સ્તર હોંગકોંગની સરખામણીમાં ઘણું નીચું છે.

આમ, અહીં આપણી સમક્ષ બે દેશો છે, જે બિલકુલ એકપક્ષીય રીતે તદ્દન જુદી નીતિઓને અનુસર્યા છે અને બે વિપરીત પરિણામો હાંસલ કર્યાં છે. આંકડાઓ સ્વયં આ બધું સ્પષ્ટ કરે છે : હોંગકોંગની માથાદીઠ આવક ખરીદશકિતની સમાનતા (પરચેઝિંગ પાવર પેરીટી -PPP)ની દૃષ્ટિએ જોઈએ તો ૨૭,૧૭૯ યુએસ ડોલરની છે, અને ભારતની કેવળ ૨,૮૯૨ યુએસ ડોલરની જ છે. ધ હેરિટેજ ફાઉન્ડેશનના ''ઈન્ડેકસ ઓફ ઈકોનોમિક ફ્રીડમ'' અને વિશ્વબેંકની ''ડુઈંગ બિઝનેસ -૨૦૦૫'' આ બે વૈશ્વિક અહેવાલો દર્શાવે છે કે હોંગકોંગ અને ભારતનાં બે જુદાં પરિણામો કેવળ અકસ્માત કે યોગાનુયોગ નથી. આ સૂચિઓ દર્શાવે છે કે નિયંત્રિત કરતી અને બ્યુરોક્રેટિક આર્થિક નીતિઓ વિલંબ અને અવરોધો ઊભા કરે છે, જે તમામ કદના ધંધા-ઉદ્યોગો પર પ્રતિકૂળ અસર પાડે છે. બીજા દેશોની વ્યાપાર પ્રણાલીમાં પણ આ તફાવત એટલો જ સ્પષ્ટપણે દેખાય છે. જ્યારે તમામ કેટેગરીઓમાં હોંગકોંગની સરેરાશ ધનિક દેશોની નજીક છે, ત્યારે ભારત આયાત અને નિકાસની વિધિ પૂરી કરવામાં લગભગ ત્રણ ગણો સમય લે છે.

આંતરરાષ્ટ્રીય વ્યાપારને લાગેવળગે છે ત્યાં સુધી ભારતની સમસ્યા માલ અને સેવાઓના વધુ પડતા વ્યાપારના કારણે નહીં, પરંતુ બહુ ઓછા વ્યાપારને કારણે ઉદ્ભવે છે. ૨૦૦૨માં ભારતની કુલ નિકાસ અને આયાત ૮૭.૭ અબજ યુએસ ડોલર અને ૧૯૯૫માં ૭૪.૭ અબજ યુએસ ડોલરની હતી. નાના અમસ્થા હોંગકોંગના આ સમયના નિકાસ અને આયાતના આંકડા ૨૦૦૨માં ૩૨૧ અબજ યુએસ ડોલર અને ૧૯૯૫ માં ૩૦૧ અબજ યુએસ ડોલરના હતા.

સ્પષ્ટતઃ કોઈ પણ ગરીબ દેશનો પ્રશ્ન એ નથી કે એ વધુ પડતો વ્યાપાર કરે છે, કે એ વિદેશી આયાતોથી છલકાઈ રહ્યો છે, પરંતુ એ બહુ થોડો વ્યાપાર કરે છે તે છે. તુલનાત્મક દૃષ્ટિએ પણ વિશ્વ વ્યાપારમાં ભારતનો હિસ્સો ૧૯૫૦માં ૧.૫ ટકા હતો તેનાથી ઘટીને આજે ૦.૮ ટકા થઈ ગયો છે.

આ આપણને ૨૦૦૬માં પૂરી થનારી વિશ્વ વ્યાપાર સંગઠનની હાલની મંત્રણાઓના દૌર પાસે લાવી દે છે, જેમાં કૃષિ મુખ્ય વિષય બની ગયો છે. કહેવાતાં ''વિકાસ'' સંગઠનોના કૃષિ રાહતોના સંવેદનશીલ મુદ્દા અંગેના આંદોલને ઘણાને એવી દલીલો કરતા કર્યા છે કે જો ધનિક દેશો પોતાની ખેતી વિષયક રાહતો ઓછી કે નાબૂદ ના કરતા હોય તો ગરીબ દેશોએ ધનિક દેશોનાં ઉત્પાદનો માટે પોતાના બજારના દરવાજા ખુલ્લા ના કરવા જોઈએ. પરંતુ, આ દલીલ વ્યાપારના મૂળભૂત હેતુ અંગે ગેરસમજ ધરાવે છે, અને અર્થ વ્યવસ્થાની પ્રગતિ અંગેના અજ્ઞાનને જ છતું કરે છે.

**બે વ્યવસ્થા - બે કહાણી**

**હોંગકોંગ અને ભારત આર્થિક સ્વતંત્રતા અંગેનાં પોતાનાં વલણોમાં બહુ જુદા પડે છે.**

| દર્શકો | હોંગકોંગ / ચીન | ભારત |
|---|---|---|
| સરકારની દરમિયાનગીરી | ૨.૦ | ૩.૦ |
| વિત્તીય બોજ | ૨.૦ | ૪.૩ |
| મિલકતના અધિકારો | ૧.૦ | ૩.૦ |
| નાણાંકીય નીતિ | ૧.૦ | ૨.૦ |
| બેન્કિંગ-ધીરાણ | ૧.૦ | ૪.૦ |
| વ્યાપારી નીતિ | ૧.૦ | ૫.૦ |
| વિદેશી રોકાણ | ૧.૦ | ૩.૦ |
| નિયંત્રણો | ૧.૦ | ૪.૦ |
| આર્થિક સ્વતંત્રતાનો પ્રાપ્તાંક | ૧.૩૫ | ૩.૫૩ |
| આર્થિક સ્વતંત્રતાનો ક્રમ | ૧ | ૧૧૮ |

*નોંધ : ૧.૦ (સારા)થી ૫.૦ (ખરાબ)નો સ્કેલ, વર્ષ ૨૦૦૫*

*સ્રોત : ઈન્ડેક્ષ ઓફ ઈકોનોમિક ફ્રીડમ, પ્રકાશક : હેરિટેજ ફાઉન્ડેશન અને વોલ સ્ટ્રીટ જર્નલ*

દાયકાઓ સુધી આર્થિક સ્વ-નિર્ભરતાની નીતિ પર આધાર રાખ્યા બાદ, ભારત પાસે ખૂબ ઓછું આર્થિક વૈવિધ્યીકરણ (ડાઇવર્સિફિકેશન) રહ્યું હતું : એ આપણને સમજાવે છે કે શા માટે આજે ભારતનું કૃષિક્ષેત્ર ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (જીએનપી)નો આશરે ૧/૪ ભાગ જ પેદા કરે છે, અને ભારતની ૭૦ ટકા વસ્તી કૃષિ સાથે સંકળાયેલી છે. ભારતના બહુમત ખેડૂત ગરીબ નાના ખેડૂતો છે, જેમની ઉત્પાદકતા અતિશય નીચી છે, જે દેશની અંદર જ સરકારે લાદેલા વિવિધ અવરોધો સાથે સંબંધ ધરાવે છે : જેવા કે રાજ્યો વચ્ચેના કરવેરા, જે નિમ્ન સ્તરના અમલદારોના ભ્રષ્ટાચાર અને રુશ્વતખોરી તરફ દોરી જાય છે; અતિશય કંગાળ માળખાંકીય સુવિધાઓ; અને અનેક પ્રકારનાં ભાવ-નિયમનો, જે

માંગ અને પુરવઠાની સાચી પરિસ્થિતિને પ્રતિબિંબિત ના થવા દે. નાના ખેડૂતો આ નીતિઓના ભોગ બન્યા છે - તેઓ તેમનાં ઉત્પાદનોના સારા ભાવ મેળવી શકતા નથી, તેથી તેમને ઉત્પાદકતાને સુધારવા માટેની ટેકનોલોજીનો ઉપયોગ કરવો પાલવતો નથી, કે બિનખેતીની આર્થિક તકોના વિકલ્પો તેઓ શોધી શકતા નથી.

## એકપક્ષીય ઉદારીકરણ

એ આ જ લોકો આશરે ૬૦ કરોડ ભારતીયો છે, જેઓ એકપક્ષીય વ્યાપારી ઉદારીકરણથી સૌથી વધુ લાભ મેળવી શકે. શા માટે? કારણ કે તેઓ જરૂરિયાતને કારણે ખેડૂતો છે : તેઓ ખાદ્યાન્ન કે કાચો (પ્રાથમિક) માલ પકવે છે, કારણ કે તેમની પાસે બીજો કોઇ વિકલ્પ નથી. જો ઓછા ભાવે અન્ન પ્રાપ્ત હોય તો તે કયાંથી આવે છે તેની સાથે ગરીબોને કશી લેવાદેવા નથી. આ પરિપ્રેક્ષ્યમાં, ધનિક દેશોમાંથી આયાત કરેલું સસ્તું અને રાહત દરનું અનાજ આર્થિક વૃદ્ધિને ઉત્તેજન આપવામાં અને ગરીબ દેશોના ઉત્કર્ષમાં મદદ કરી શકે. પ્રથમ તો, તે ગરીબ દેશોમાં કૃષિ ક્ષેત્રને વધુ સ્પર્ધાત્મક બનાવી તેમાં સુધારાઓ પ્રેરી શકે. કૃષિ એ બોજ નહીં રહે, પરંતુ આર્થિક સામર્થ્યનો સ્રોત કે સાધન બનશે. બીજું, સસ્તા ભાવની આયાતો ગરીબ દેશોને કૃષિ અને પ્રાકૃતિક સંસાધનો પર જ આધારિત રહેવાને બદલે વધારે વૈવિધ્યીકરણ (ડાયવર્સિફિકેશન) તરફ વળવાનું સરળ બનાવશે. ત્રીજું, કૃષિમાંથી ઉત્પાદનક્ષેત્રમાં અને સેવાક્ષેત્રમાં થતું આ સંક્રમણ ગરીબ દેશોને ગરીબાઈમાંથી બહાર લાવવામાં ખરેખર મદદરૂપ બનશે. અંતમાં, તે માનવીય ક્ષમતાને જોતરવામાં મદદ કરશે, અને માનવીય સર્જનાત્મકતા અને સાહસિકતાને ઉન્મુકત કરશે, જે વિશ્વભરમાં સમૃદ્ધિને ફેલાવશે.

હકીકતમાં, ભારતે આવો વધુ ઉદાર અભિગમ સેવાઓના વ્યાપારમાં અપનાવ્યો, જે ક્ષેત્રે ૧૯૯૦થી અને વિશ્વ વ્યાપાર સંગઠન પછીના સમયગાળામાં ઝડપી વિકાસનો અનુભવ કર્યો છે. ભારતની ઈન્ફર્મેશન ટેકનોલોજી સંબંધિત સેવાઓની તુલનાત્મક સફળતા એ એકપક્ષીય આર્થિક અને વ્યાપારી સુધારાઓનું પ્રતિબિંબ છે. ભારતના ટેલિકોમના ઉદારીકરણ જેવાં પરિબળોએ ઇન્ફર્મેશન ટેકનોલોજીની સેવાઓના વિકાસને મોટો વેગ આપ્યો છે. સરકારી નિયંત્રણોથી અવરોધાયેલા ઈન્ફર્મેશન ટેકનોલોજી હાર્ડવેર અને સામાન્ય ઉત્પાદન (મેન્યુફેકચરીંગ) ક્ષેત્રથી વિરુદ્ધ ભારતની ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેવાક્ષેત્રે સરકારી નીતિઓના ખૂબ ઓછા અવરોધોનો સામનો કર્યો છે. બેશક, એ બહારની દુનિયા ભારતની સેવાઓના આ વ્યાપારને છેલ્લા કેટલાક દાયકાઓથી હિન્દુ વિકાસ દરથી જાણીતી થયેલી અર્થવ્યવસ્થામાંથી દેશ છુટકારો મેળવી રહ્યો છે એના પુરાવા તરીકે જુએ છે. બેન્કિંગ અને વીમા જેવી અન્ય સેવાઓ ખોલવા પ્રત્યે દ્વિધા રાખવાને બદલે, એકપક્ષીય રીતે તમામ સેવા ક્ષેત્રોને ખુલ્લાં કરીને ભારત સારાં પરિણામો મેળવી શકે તેમ છે.

હોંગકોંગ એ અર્થવ્યવસ્થાનાં તમામ ક્ષેત્રોને લાગુ પડતી એકપક્ષીય મુક્ત વ્યાપાર નીતિઓનું સચોટ ઉદાહરણ છે. આ જ કારણે ૧૯૬૦ના નિમ્નસ્તરીય ઉત્પાદક અને વ્યાપારી બંદરમાંથી હોંગકોંગ બહુ સલુકાઈથી સેવાક્ષેત્રના આધિપત્યવાળી ઉચ્ચસ્તરીય અર્થવ્યવસ્થામાં પરિણમ્યું છે. એકપક્ષીય મુકત વ્યાપાર નીતિઓની આ સફળતા વિકાસના જુદાજુદા સ્તરના દેશો માટે ''વિશિષ્ટ અને ભેદ પાડતો વ્યવહાર'' જેવા વિશ્વ વ્યાપાર સંગઠનના કાંટાળા મુદ્દાને પણ અપ્રસ્તુત બનાવી દેશે. એકપક્ષીય મુકત વ્યાપાર નીતિને લીધે દરેક દેશના ઔદ્યોગિક સાહસિકોને પોતાના સ્પર્ધાત્મક લાભો ખોળી કાઢવાની અને વિશેષજ્ઞ બનવાની સ્વતંત્રતા અને ક્ષમતા રહેશે. નહીંતર, ''વિશિષ્ટ અને ભેદ પાડતો વ્યવહાર'' ખરેખર તો સામાન્ય ગ્રાહકો ઉપર ''વિશિષ્ટ અને ભેદ પાડતી સજાઓ'' લાદશે. આ વિશાળ વર્ગનું આ આંતરરાષ્ટ્રીય મેળાવડામાં કોઇ પ્રતિનિધિત્વ નથી, પરંતુ પસંદગી અને સ્પર્ધાના અભાવને કારણે તેણે સૌથી વધુ સહન કરવું પડે છે.

ભારત એકપક્ષીય સુધારાઓથી અજાણ નથી - ૧૯૯૧ની આર્થિક પરિસ્થિતિ એટલી તો ભયાનક હતી કે કેવળ એકપક્ષીય અભિગમ જ પર્યાપ્ત હતો. ભારતે ટેરીફના દર ઘટાડીને અને અર્થવ્યવસ્થાનાં વિશાળ ક્ષેત્રોનાં લાયસંસો દૂર કરીને, શ્રેણીબદ્ધ આંતરિક આર્થિક સુધારાઓ હાથ ધર્યા. આજે વ્યાપાર અંગેનો એકપક્ષીય અભિગમ ભારતને આધુનિક, વૈવિધ્યીકરણવાળી અર્થવ્યવસ્થા બનવા તરફ દોરી જશે. દેશ બધા જ પ્રકારની આર્થિક પ્રવૃતિ માટેનાં સાધનો અને મૂડી મેળવવા માટે, પોતાનાં પ્રાકૃતિક અને માનવીય સંસાધનોને વધુ સારી રીતે વાપરવા માટે વધુ સક્ષમ બનશે. સ્પર્ધાત્મક બજાર-પ્રક્રિયાઓ લોકોના શ્રમનું મૂલ્ય વધારશે, અને હજુ દરિદ્રતામાં જીવતા લોકો (મુખ્યત્વે ખેડૂતો)ની સંખ્યામાં ઘટાડો કરશે. ભારતની વિપુલ ક્ષમતાને જોતાં, ભારતે અને અન્ય ગરીબ દેશોએ હોંગકોંગના મુકત વ્યાપાર અંગેના આ એકપક્ષીય અભિગમમાંથી બોધપાઠ શીખવાનો આજે સમય છે. આજે જે મહાન સાહસિકતાની ભાવના, જોશ અને આશાવાદ ભારતને આગળ ધપાવી રહ્યાં છે, તેને જોતરવાથી ભારતને ટૂંકા અને લાંબા ગાળે લાભ જ થશે. •

*(લેખક દિલ્હીની લીબર્ટી ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર છે.)*

# પ્રદૂષણ અને રસાયણોનો ભય

*- અંબરીષ મહેતા*


બીયોર્ન લોમ્બોર્ગના પુસ્તક 'સંશયાત્મક પર્યાવરણવાદી'નો પરિચય કરાવતી આ શ્રેણીમાં અત્યાર સુધીમાં આપણે છેલ્લાં સો વર્ષમાં માનવ કલ્યાણની દૃષ્ટિએ કેટલો વિકાસ સાધી શકાયો છે અને જે વિકાસ થયો છે તે આવનારા દિવસોમાં પણ ટકી રહી શકે એમ છે કે પછી આપણાં બાળકોના ભાવિને ગીરવે મૂકીને થયો છે તે સવાલોને જુદા જુદા માપદંડોના આધારે ચકાસવાની કોશિશ કરી છે. પહેલા સવાલના સંદર્ભમાં આપણે વસ્તીવધારો અને શહેરીકરણ, મરણદર, જન્મદર, ખોરાક અને ભૂખમરો, સમૃદ્ધિ અને ગરીબી નિવારણ, વગેરે માપદંડોના આધારે કેટલો વિકાસ થયો છે અને આ દિશામાં હજી શું હાંસિલ કરવાનું બાકી છે તેની ચર્ચા કરેલી (જુઓ 'ખોજ' અંક ૧). અને જે વિકાસ થયો છે તે ટકાઉ છે કે નહીં તેના અનુસંધાનમાં આપણે મુખ્યત્વે ઊર્જા અને પાણી જેવાં કુદરતી સંસાધનોની સ્થિતિ કેવી છે અને આવનારા દિવસોમાં કેવી હશે તેની ચર્ચા કરેલી (અંક ૨ અને ૩). અને એમાં આપણે એવા નિષ્કર્ષ પર પહોંચેલા કે આપણાં બધાં કુદરતી સંસાધનો ખૂટી રહ્યાં છે અને ભાવિ પેઢીઓનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ ગયું છે એવા ભયમાં જીવવાને કોઈ કારણ નથી. સવાલ આ સંસાધનો ખૂટી પડવાનો એટલો નથી, જેટલો એમના યોગ્ય વ્યવસ્થાપનનો છે અને આ એવો સવાલ નથી જે ઉકેલી ના શકાય.

આજે હવે પ્રદૂષણ અને રસાયણોના ભયની મહત્ત્વની સમસ્યા હાથ પર લેવાની છે. સંસાધનો કદાચ ખૂટી નહીં રહ્યાં હોય. પરંતુ શું એ વધારે ને વધારે પ્રદૂષિત નથી થઈ રહ્યાં? અને એનું સીધું પરિણામ સંસાધનોની ઉપલબ્ધિ પર પણ ન પડે? શું પ્રદૂષણની આ સમસ્યા વિકાસનું અનિવાર્ય પરિણામ છે? વિકાસ અને પર્યાવરણનું જતન એ બન્ને એક સાથે સાધી શકાય ખરાં? કે પછી બન્ને વચ્ચે ના પૂરી શકાય એવી ઊંડી ખાઈ છે?

લોમ્બોર્ગે આ સવાલોને વિગતવાર હકીકતોના આધારે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ચકાસ્યા છે. અને તેમાં હવાનું પ્રદૂષણ, ઘરોની અંદરની હવાનું પ્રદૂષણ, એસિડ-વર્ષા અને જંગલોનો વિનાશ, એલર્જી અને અસ્થમા, પાણીનું પ્રદૂષણ, ઘન કચરાની સમસ્યા, વગેરે સમસ્યાઓને વિગતે તપાસી છે. સાથે સાથે ભાવિની સમસ્યાઓના સંદર્ભમાં રસાયણોના આપણા ડર વિશે પણ ઊંડાણથી ચર્ચા કરી છે. અહીં આ બધી સમસ્યા વિશે વિગતવાર ચર્ચા કરવાનું શક્ય નથી. એના બદલે હવા અને પાણીના પ્રદૂષણ વિશે કેટલીક મુખ્ય વાતો કરીશું અને ત્યાર પછી રસાયણોના આપણા ભય વિશે થોડી વિગતે ચર્ચા કરીશું.

## હવા અને પાણીનું પ્રદૂષણ

આપણા જેવા વિકાસશીલ દેશોમાં હવા અને પાણીના પ્રદૂષણની સમસ્યા હાલ અત્યંત ગંભીર બની ગઈ છે એ હકીકત છે. અને દિવસે દિવસે એ વધારે ને વધારે ગંભીર બનતી જાય છે. આજે દુનિયામાં સૌથી વધારે પ્રદૂષણ વિકાસશીલ દેશોના બૈજીંગ, દિલ્હી અને મેક્સીકો સીટી જેવાં શહેરોમાં જોવા મળે છે. ત્રણેની હવામાં ધુમાડાની રજકણોનું પ્રમાણ દર ઘનમીટરે ૪૦૦ માઈક્રો ગ્રામ જેટલું છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાએ સૂચવેલ ૫૦-૧૦૦ માઈક્રો ગ્રામના પ્રમાણ કરતાં ઘણું વધારે છે. આ જ વાત સલ્ફર ડાયોક્સાઈડના પ્રદૂષણને પણ લાગુ પડે છે. વિશ્વબેંકના અંદાજ અનુસાર બૈજીંગમાં સલ્ફર ડાયોક્સાઈડના પ્રદૂષણને કારણે દર વરસે વધારાના ૪૦૦૦ લોકો મૃત્યુ પામતા હશે અને એ આંકડો વધતો જાય છે. આવું જ આપણે ત્યાં પણ ઘણાં મોટાં શહેરોમાં છે. દુનિયાનાં ૧૫ સૌથી વધારે પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ જેટલાં શહેરો એશિયામાં આવેલાં છે. પાણીના પ્રદૂષણની બાબતમાં પણ આવું જ જોવા મળે છે. કેટલીયે નદીઓ તો જાણે શહેરો અને ઉદ્યોગોના ગંદા પાણીનું વહન





**આકૃતિ ૧** લંડનની હવામાં ધુમાડો અને $SO_2$ માત્રા, ૧૫૮૫- ૧૯૯૪/૧૯૯૫. ૧૫૮૫-૧૯૩૫ સુધીના આંકડાનો અંદાજ કોલસાની આયાત પરથી કાઢવામાં આવ્યો છે સ્રોત : QUARG 1996, EPAQS 1995, OECD 1999.

કરતી ગટર જ બની ગઈ છે, જેના પાણીનો ઉપયોગ પીવા માટે કરવાની વાત તો બાજુ પર રહી, નહાવા માટે પણ કરી શકાય એમ નથી. એવું જ ઘન કચરાના નિકાલની બાબતમાં છે.


વધતા પ્રદૂષણની આ સમસ્યા શહેરો અને ઉદ્યોગોના વિકાસની સાથે જ જોડાયેલી છે અને જેમ જેમ વિકાસ વધતો જાય છે તેમ તેમ આ સમસ્યા હલ થવાને બદલે ઊલટી વધારે ગંભીર બનતી જાય છે. એટલે જ વિકાસ અને પર્યાવરણનું જતન જાણે કે પરસ્પર વિરોધી બાબતો હોય એવી માન્યતા દૃઢ થઈ ગઈ છે. પરંતુ લોમ્બોર્ગ અહીં આપણને કહી રહ્યો છે કે આ આખા સવાલને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોવો જોઈએ અને પ્રદૂષણ નિવારણની બાબતમાં વિકસિત દેશોનો અનુભવ શું છે તે નજર સમક્ષ રાખવો જોઈએ. સોથી ત્રણસો વર્ષના ગાળા સુધી પશ્ચિમના બધા દેશોમાં વધતી આવકની સાથે સાથે પ્રદૂષણ પણ વધતું જતું હતું. ૧૯૩૦ અને ૪૦ના દાયકાઓમાં લંડનનું પ્રદૂષણ બૈજીંગ અને દિલ્હીમાં અત્યારે જે જોવા મળે છે તેને તો ક્યાંય બાજુ પર મૂકી દે તેવું હતું. એક સમય એવો હતો જ્યારે થેમ્સ નદીમાં પ્રદૂષિત પાણીનું પ્રમાણ એટલું તો વધી ગયેલું કે એક વાર તો તેમાં આગ પણ લાગેલી. હવાના પ્રદૂષણનું પણ તેવું જ હતું. શિયાળામાં મહિનાઓ સુધી વાતાવરણમાં કેસરી ધુમ્મસ છવાયેલું રહેતું, જેને સૂર્યનાં કિરણ પણ ભેદી શકતાં નહીં.

પરંતુ ત્યાર પછી છેલ્લાં ૬૦ થી ૭૦ વર્ષમાં એ દેશો સૌ પ્રથમ વાર આર્થિક વિકાસની પ્રક્રિયાને પ્રદૂષણથી મુક્ત કરી શક્યા અને મધ્ય યુગમાં પણ નહોતાં એટલાં આજે ચોખ્ખાં હવા-પાણી ધરાવે છે **(જુઓ આકૃતિ ૧, ૨ અને ૩)**. માત્ર ઈંગ્લેન્ડ કે અમેરિકા માટે જ નહીં, પરંતુ દરેક વિકસિત દેશમાં આ જ તરાહ જોવા મળે છે. હવામાં ધુમાડાની ઝીણી રજકણો, સલ્ફરડાયોક્સાઈડ, સીસું, નાઈટ્રસ ઓક્સાઈડ્સ, કાર્બન મોનોક્સાઈડ, વગેરે તમામ પ્રદૂષકોનું પ્રમાણ ખૂબ ઓછું થઈ ગયું છે અને હજી ઓછું થઈ રહ્યું છે. અને એની સાથે વિકાસની પ્રક્રિયા તો ચાલુ જ છે - વાહનોની સંખ્યા વધી રહી છે, વસ્તી પણ વધી રહી છે અને ઉદ્યોગો પણ વધ્યા છે. તે જ પ્રમાણે તળાવો અને નદી-નાળાનાં પાણીમાં ફીકલ કોલીફોર્મ (મળજન્ય બેક્ટેરિયા)ની માત્રા સાવ ઓછી થઈ ગઈ છે અને ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જે પાણીની શુદ્ધતાનું સૂચક છે. દરિયાકાંઠાનાં પાણીમાં પણ પ્રદૂષકોની માત્રા ખૂબ ઘટી ગઈ છે.

આમ થવાનું કારણ એ છે કે પશ્ચિમી દેશોમાં સમૃદ્ધિ વધવાની સાથે લોકોમાં ચોખ્ખાં હવા-પાણીની માંગ વધતી ગઈ અને બીજી બાજુ એ માટે જરૂરી પગલાં ભરવાનું પણ પોષાવા માંડ્યું. પરિણામે પ્રદૂષણના નિયંત્રણ માટે જરૂરી રાજકીય નિર્ણયો લેવાયા અને તેનો અમલ પણ




**આકૃતિ ૨** અમેરિકામાં હવાના પ્રદૂષણની કિંમત - $PM_{10}$ (ધુમાડાની બારીક રજકણો), સીસું $SO_2$ અને ઓઝોનની ૧૯૭૭-૧૯૯૯, માથાદીઠ વાર્ષિક કિંમત ૨૦૦૦ની સાલના US$માં. આ અંદાજને પાછળની બાજુ ૧૯૬૦ સુધી લંબાવવામાં આવે તો ૬૦ના દાયકામાં માથાદીઠ વાર્ષિક કિંમત ૪૦૦૦થી ૪૫૦૦ US$ જેટલી હોવાનું જણાય છે. આ આર્થિક અંદાજો ચોક્કસ નથી હોતા, પરંતુ એક જાડો ખ્યાલ જ આપે છે એની નોંધ લેવી. સ્રોત : EPA 1997, 2000, CPI 2001.





**આકૃતિ ૩** નદીઓમાં ઓક્સિજનનું પ્રમાણ-થેમ્સ (૧૮૯૦-૧૯૭૪, જમણી ધરી), રાઈન (૧૯૪૫-૧૯૯૭, ડાબી ધરી), ન્યુયોર્ક હાર્બર (૧૯૧૦-૧૯૯૭, ડાબી ધરી). અહીં એ ધ્યાનમાં રાખવું કે જુદી જુદી નદીઓમાં ઓક્સિજનના પ્રમાણને એકબીજા સાથે સીધું સરખાવી ન શકાય, કારણ કે બીજાં ઘણાં પરિબળો પણ ભાગ ભજવતાં હોય છે. સ્રોત : Goudie 1993, EEA 1994, OECD 1999, DEP 1997.


થયો. એ દેશોમાં પ્રદૂષણનું પ્રમાણ જે ઘટ્યું તેમાં એના નિયંત્રણ માટેના કાયદા અને વહીવટી તંત્રનો ફાળો કેટલો અને ટેકનોલોજીના વિકાસનો ફાળો કેટલો એ વિશે તજજ્ઞોમાં ચર્ચાઓ ચાલ્યા કરે છે. અને ઘણાનું કહેવું છે કે પ્રદૂષણના નિયંત્રણ માટેના કાયદાઓ બન્યા ત્યાર પહેલાં પણ પ્રદૂષણ ઘટવાની પ્રક્રિયા શરૂ થઈ જ ગઈ હતી અને એ ઘટવાના પહેલાના દર અને પાછળના દર વચ્ચે ખાસ કોઈ ફરક જોવા નથી મળતો. એટલે આ જે ઘટાડો થયો છે તેમાં આ કાયદાઓ કરતાં ટેકનોલોજીના વિકાસનો ફાળો વધારે છે. જો કે એક વાત નક્કી કે બન્નેએ ભાગ ભજવ્યો હશે. કાયદાને કારણે નિયંત્રણ માટેની ટેકનોલોજીના વિકાસને પણ પ્રોત્સાહન મળ્યું જ હશે.

હવે એ તો સ્પષ્ટ છે કે આમ જો વિકસિત દેશોમાં થઈ શક્યું છે તો આપણા જેવા વિકાસશીલ દેશોમાં ન થવાને કોઈ કારણ નથી. અલબત્ત, એ કાંઈ એમ ને એમ નહીં થઈ જાય. એ માટે માંગ ઉઠવી જોઈએ અને યોગ્ય કાયદાઓ પણ ઘડાવા જોઈએ અને એમનો અમલ પણ થવો જોઈએ. આ બધું થઈ પણ રહ્યું છે. અત્યારે પણ લોકોમાં ચોખ્ખાં હવા-પાણીની માંગ જોર પકડતી જોવા મળે જ છે. આમ, પ્રદૂષણની સમસ્યાને વિકાસના અનિવાર્ય પરિણામ તરીકે નહીં પરંતુ એક ઉકેલી શકાય એવી સમસ્યા તરીકે જોવી જોઈએ. અને વિકાસના પરિણામે આવક વધ્યા પછી જ એ માટેની માંગ પણ વધે છે અને યોગ્ય પગલાં લેવાને જરૂરી નાણાં પણ ઉપલબ્ધ થાય છે.

વિશ્વ બેંકે વિકાસ વધવાની સાથે શરૂઆતમાં પ્રદૂષણ વધે અને પછી પાછું ઘટવા માંડે એવી કોઈ સામાન્ય તરાહ જોવા મળે છે ખરી એ સવાલને તપાસી જોયો છે. તે માટે તેણે એ દરેક દેશને સરખાવી જોયા જેમાં આર્થિક વિકાસ અને પ્રદૂષણ એમ બન્નેના આંકડા ઉપલબ્ધ હતા. એ તપાસનાં પરિણામ **આકૃતિ ૪ અને ૫માં** જોવાં મળે છે. બન્ને આલેખોનું તારણ સ્પષ્ટ છે - અત્યંત ગરીબીથી મધ્યમ આવક તરફની કૂચના વિકાસના પહેલા તબક્કામાં હવાનું પ્રદૂષણ વધારે ને વધારે વધતું જાય છે. પરંતુ ત્યાર પછી એ ઘટવા માંડે છે અને છેવટે વિકાસ શરૂ થયા પહેલાં જે સ્થિતિ હતી ત્યાં કે તેનાથી પણ સારી સ્થિતિએ પહોંચી જાય છે. ૧૯૭૨ અને ૧૯૮૬ના આલેખો વચ્ચેનો તફાવત નોંધવા જેવો છે. એ દર્શાવે છે કે સમય જતો જાય છે તેમ ટોચ પરના પ્રદૂષણની માત્રામાં પણ ઘણો ઘટાડો જોવા મળે છે. એનું મુખ્ય કારણ એ છે કે સમય જવાની સાથે સાથે ટેકનોલોજી વધારે ને વધારે સારી અને સસ્તી થતી જાય છે અને વિકાસશીલ દેશોને પણ ઝડપથી ઉપલબ્ધ થતી જાય છે.




**આકૃતિ ૪** ૩૧ દેશોનાં ૪૮ શહેરોમાં માથાદીઠ GDP અને ધુમાડાની રજકણો વચ્ચેનો સંબંધ, ૧૯૭૨ અને ૧૯૮૬. સ્રોત : World Bank 1992.




**આકૃતિ ૫** ૩૧ દેશોનાં ૪૮ શહેરોમાં માથાદીઠ GDP અને $SO_2$ વચ્ચેનો સંબંધ, ૧૯૭૨ અને ૧૯૮૬. સ્રોત : World Bank 1992.

પ્રદૂષણને લગતી અન્ય સમસ્યાઓ - ઘરની અંદરની હવાનું પ્રદૂષણ, એસિડ-વર્ષા, એલર્જી અને અસ્થમા, દરિયાના પાણીમાં તેલનું પ્રદૂષણ, કેટલીક જગ્યાઓએ દરિયાકાંઠાના પાણીમાં લીલના ભરાવાના પરિણામે ઓક્સિજન ખૂટી પડવાની સમસ્યા, રાસાયણિક ખાતરની આરોગ્ય પરની અસરો, વગેરે - વિશે પણ લોમ્બોર્ગે અત્યંત રોચક માહિતી આપી છે. પરંતુ અહીં તેની વિગતોમાં જવાય એમ નથી. ઘરની અંદરની હવાના પ્રદૂષણની સમસ્યા આપણા જેવા વિકાસશીલ દેશો માટે, અલબત્ત, ઘણી મહત્ત્વની છે. આ સમસ્યા લગભગ સંપૂર્ણપણે મોટાભાગનાં ગરીબ ઘરોમાં રસોઈ બનાવવા માટે જલાઉ લાકડાં, કોલસો, કરાંઠા અને છાણાં જેવાં પરંપરાગત ઈંધણના ઉપયોગને કારણે જ થાય છે. એનાથી પેદા થતા ધૂમાડાની સીધી અસર બહેનો અને બાળકોના આરોગ્ય પર થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અંદાજ મુજબ દુનિયામાં વર્ષે ૨૮ લાખ જેટલા વધારાનાં મૃત્યુ ઘરની અંદરની હવાના આ પ્રદૂષણને કારણે થાય છે, જે કુલ મુત્યુના ૫.૫ ટકા જેટલા છે!

આટલી ચર્ચા પછી હવે 'રસાયણો અને તેમાંયે ખાસ કરીને પેસ્ટીસાઈડોના ઉપયોગથી કેન્સરનો રોગચાળો ફાટી નીકળ્યો છે'નો જે ભય આપણને સૌને સતાવી રહ્યો છે તેને થોડી વિગતે તપાસીએ. શરૂઆતમાં એ સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે કે આપણા જેવા વિકાસશીલ દેશોમાં કેન્સર વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે, તે માટે જુદાં જુદાં ક્યાં કારણો જવાબદાર છે, વગેરે બાબતો વિશે કોઈ વિશ્વસનીય આંકડા ઉપલબ્ધ નથી. એટલે આ ચર્ચામાં મુખ્યત્વે વિકસિત દેશોના, ખાસ કરીને અમેરિકાના, આંકડાઓ ઉપર જ આધાર રાખવો પડશે. જો કે સાથે સાથે એ પણ ના ભૂલીએ કે આ વાતોની શરૂઆત પણ ત્યાંથી જ થઈ છે! અને આ કે તે પેસ્ટીસાઈડથી કેન્સર થાય છે ની જે વિગતો આપણી પાસે આવે છે તે પણ ત્યાં થઈ રહેલાં સંશોધનોમાંથી જ આવે છે. અને પેસ્ટીસાઈડોનો ઉપયોગ પણ ત્યાં આપણા કરતાં ઘણો વધારે થયો છે. એટલે પેસ્ટીસાઈડોથી જો કેન્સરનું પ્રમાણ વધતું હોય તો તે ત્યાંની પરિસ્થિતિના આંકડાઓમાં પ્રતિબિંબિત થાય જ.

## રસાયણોનો ભય

અમેરિકાની પ્રસિદ્ધ જીવવિજ્ઞાની રાચેલ કાર્સને ૧૯૬૨માં તેનું પુસ્તક 'The Silent Spring' પ્રકાશિત કરીને પર્યાવરણ પ્રશ્ને લોકજાગૃતિ અને લોકચળવળની શરૂઆત કરી આપી. અત્યંત સરળ અને લોકભોગ્ય ભાષામાં લખાયેલા આ પુસ્તકમાં કાર્સને ડી.ડી.ટી. જેવાં પેસ્ટીસાઈડ કઈ રીતે પર્યાવરણનો નાશ કરી રહ્યાં છે તેની વાત કરેલી, જેના પરિણામે વસંતમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ જશે અને પંખીઓનો કલરવ સુધ્ધાં સાંભળવા નહીં મળે! આપણે કેવા ભવિષ્યનો સામનો કરી રહ્યાં છીએ તેનું કલ્પના-ચિત્ર એણે આ શબ્દોમાં રજૂ કરેલું :

''આખા વિસ્તાર પર એક વિચિત્ર ડાઘ લાગી ગયો અને બધું જ બદલાવા માંડ્યું. આખા સમાજને જાણે કોઈની બૂરી નજર જ ન લાગી ગઈ હોય! મરઘાં-બતકાં, ઘેટાં-બકરા અને ઢોર સૌ કોઈ વિચિત્ર બીમારીઓના ભોગ બનીને ટપોટપ મરવા માંડ્યાં. મોતનો પડછાયો બધે જ પ્રસરી ગયો હતો. ખેડૂતો એમનાં કુટુંબોને ભરખી રહેલી બીમારીઓની વાત કરતા હતા. ડોકટરો તેમના દર્દીઓમાં દેખા દેતી સાવ નવી અને વિચિત્ર બીમારીઓથી તાજ્જુબ હતા. અચાનક કેટલાયે લોકો ન સમજાય એવાં કારણોસર મરી રહ્યા હતા; મોટાં જ નહીં, બાળકો પણ - જેઓ થોડી વાર પહેલાં તો રમતાં હોય અને પછી અચાનક બીમાર પડી થોડા જ કલાકોમાં ટપોટપ મરી જતાં હતાં.''


મોતનો આ પડછાયો રસાયણયુગનાં મંડાણનું પરિણામ હતું - ‘દુનિયાના ઇતિહાસમાં સૌ પ્રથમ વાર દરેક વ્યક્તિ તેના ગર્ભાધાનથી મૃત્યુ સુધીમાં હજારો ભયંકર રસાયણોના સંપર્કમાં આવી રહી છે’. - આવી રહેલા રાસાયણિક પ્રલયનો કાર્સનનો આ સંદેશ ખૂબ ઝડપથી આખી દુનિયામાં ફેલાઇ ગયો અને હજી આજે પણ પર્યાવરણ આંદોલનને બળ પૂરું પાડી રહ્યો છે.

પેસ્ટીસાઈડની પ્રાણીઓ અને માણસો પર કેવી કેવી અસરો થાય છે તેનાં અનેક વર્ણનો કાર્સને કરેલાં. પરંતુ તેમાં સૌથી ટોચ પર કેન્સરની વાત હતી જે, એના કહેવા પ્રમાણે, દર ચારે એક વ્યક્તિનો ભોગ લેશે.

બસ, ત્યારથી ‘પેસ્ટીસાઇડોના વધતા ઉપયોગથી વધતા કેન્સર’નો હાઉ ઊભો થઈ ગયો છે, જે આજદિન સુધી કાયમ છે. ત્યારથી પેસ્ટીસાઈડ-પર્યાવરણ-કેન્સરનું સમીકરણ લોકમાનસમાં જડબેસલાક બેસી ગયું છે. રોજ રોજ નવી નવી વાતો આવ્યા જ કરે છે કે આ કે તે પદાર્થ કેન્સર કરી શકે છે અને કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે તેમ તેમ એ માન્યતા દૃઢ થતી જાય છે કે કેન્સરનો જાણે કે રોગચાળો જ ફાટી નીકળ્યો છે અને એ માટે પર્યાવરણની બગડતી સ્થિતિ અને પેસ્ટીસાઈડોનો વધતો ઉપયોગ જ જવાબદાર છે.

પરંતુ, પેસ્ટીસાઇડથી વધતા કેન્સરનું આ રટણ શું હકીકતો સામે ટકી શકે એમ છે ખરું?

આ સવાલને તપાસતાં પહેલાં એક સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે. પેસ્ટીસાઈડો અત્યંત ઝેરી છે અને જોખમી છે, તેનો ઉપયોગ ખૂબ જ સાવચેતીપૂર્વક થવો જોઈએ એ અંગે વિવાદ કે મતભેદને કોઈ સ્થાન નથી. એમાં કોઈ પણ જાતની લાપરવાહી ચાલી શકે નહીં. તેમના ઉત્પાદન, વહન અને વપરાશ દરમિયાન સલામતીને લગતાં તમામ પગલાં અચૂક લેવાવાં જોઈએ જ. અને દરેક રસાયણ ક્યા સંજોગોમાં શું અસરો પેદા કરે છે તેની પૂરેપૂરી માહિતી લોકોને પારદર્શક રીતે ઉપલબ્ધ હોવી જ જોઈએ. ભોપાલને આપણે ક્યારેય ભૂલી નહીં જ શકીએ. પરંતુ રાચેલ કાર્સન અને અન્ય પર્યાવરણવાદીઓ અહીં આવી હોનારતોની વાત નથી કરી રહ્યાં. તેઓ તો પેસ્ટીસાઈડના કાળજીપૂર્વકના ઉપયોગથી પણ પાણી અને ખોરાક મારફત થોડી થોડી માત્રામાં આપણાં શરીરમાં પ્રવેશતાં જાય તેની લાંબા ગાળાની આડ-અસરોની વાત કરી રહ્યાં છે. અને ઉપર જોયું તેમ એમના મતે એનું સૌથી મોટું જોખમ કેન્સરનું છે. આ જોખમ એટલું તો મોટું છે કે પેસ્ટીસાઈડોના ઉપયોગ પર જ રોક લાગી જવી જોઈએ તેવી તેમની માંગ છે.




**આકૃતિ ૬** અમેરિકામાં કેન્સરથી થતાં મૃત્યુ ૧૯૫૦-૧૯૯૮ -મરણની કુલ સંખ્યા, ક્રુડ મૃત્યુ દર, ઉંમર સાથે એડજસ્ટ કરેલો મૃત્યુ દર, અને ઉંમર તેમજ ધુમ્રપાન સાથે એડજસ્ટ કરેલ મૃત્યુ દર. ઉંમર વૈશ્વિક વસ્તી સાથે એડજસ્ટ કરવામાં આવી છે. સ્રોત : WHO 2000, CDC 2001.

લોમ્બોર્ગે પેસ્ટીસાઈડના ઉપયોગથી ખરેખર કેન્સર વધી રહ્યું છે કે નહીં તે સવાલને વિગતવાર તપાસ્યો છે. એમાંથી અહીં કેટલીક મુખ્ય બાબતો જ જોઈશું.

### શું કેન્સરથી થતાં મૃત્યુનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે ?

આપણને સૌને સૌથી વધારે બીક જો કોઈ રોગની લાગતી હોય તો તે કેન્સરની છે. અને કદાચ એટલે જ એની આસપાસ ઘણી ગેરસમજણો અને દંતકથાઓ પણ ગુંથાયેલી છે. એમાં સૌથી મોટી ગેરસમજણ, અલબત્ત, એ જ છે કે કેન્સરનો એપિડેમિક (રોગચાળો) ફાટી નીકળ્યો છે.

કેન્સરની ચર્ચામાં એક મોટી મુશ્કેલી એ છે કે એમાં બહુ સહેલાઇથી એવા જુદા જુદા આંકડાઓ રજૂ કરી શકાય છે, જેના અર્થઘટનમાં પૂરતી કાળજી ન રાખીએ તો થાપ ખાઈ જવાય. **આકૃતિ ૬** અમેરિકામાં કેન્સરથી થતાં મૃત્યુને જુદી જુદી કઇ રીતોએ વર્ણવી શકાય તે દર્શાવે છે. સૌ પ્રથમ આપણે કેન્સરથી થતાં કુલ મૃત્યુને જોઇએ, તો આ આકૃતિ દર્શાવે છે તેમ ૧૯૫૦માં ત્યાં ૨,૧૧,૦૦૦ લોકો કેન્સરથી મૃત્યુ પામેલા, જ્યારે ૧૯૯૮માં એ આંકડો વધીને ૫,૪૦,૦૦૦નો થઈ ગયેલો. આમ, આ સમયગાળામાં કેન્સરથી થતાં મૃત્યુની સંખ્યામાં ૧૫૦ ટકાનો વધારો થયો

એમ કહી શકાય. પરંતુ, આ જ સમયગાળામાં ત્યાંની વસ્તીમાં પણ ધરખમ વધારો થયેલો. જો વસ્તી બમણી થઈ જાય, તો સ્વાભાવિક જ બીજો કશો ફેરફાર ન થયો હોય તો પણ કેન્સરથી મૃત્યુ પામતા લોકોની સંખ્યા પણ બમણી થાય અને એમાં કાંઈ ભડકી જવાનું ના હોય.

એટલે, સામાન્ય રીતે એનાથી કુલ કેટલા મૃત્યુ થાય છે તે નહીં પરંતુ એનો મૃત્યુદર (૧ લાખની વસતીએ કેટલા લોકો કેન્સરથી મુત્યુ પામે છે) શું છે તે તપાસવામાં આવે છે. **આકૃતિ ૬માં** આપણને એ પણ જોવા મળે છે જે અનુસાર કેન્સરથી થતાં મૃત્યુનો દર ૧૯૫૦માં ૧૪૦ હતો તે ૧૯૯૮માં વધીને ૨૦૦ જેટલો થયો છે. અત્યાર સુધીમાં કેન્સરથી થતા મૃત્યુનો દર ૧૪૦ થી વધીને ૨૦૦ જેટલો થયેલો, જે ૪૩ ટકાનો વધારો સૂચવે છે, અને નહીં કે ૧૫૦ ટકાનો. પરંતુ આ વધારો પણ કંઈ નાનો તો ન જ કહેવાય.

વધારે લાંબી તરાહની વાત કરીએ તો ૧૯૦૦માં તો ૧ લાખની વસ્તીએ માત્ર ૬૪ લોકો જ કેન્સરથી મૃત્યુ પામ્યા હશે એવો અંદાજ છે. આમ, એની તુલનામાં તો અત્યારે દર લાખ લોકોએ ૧૩૬ વધારાની વ્યકિતઓ કેન્સરથી મૃત્યુ પામે છે, જે ૨૧૩ ટકાનો વધારો સૂચવે છે. પરંતુ, આના પરથી વીસમી સદીએ આપણને કેન્સરની જ ભેટ આપી છે, એ તારણ પર પહોંચતાં પહેલાં આ સમયગાળામાં બીજું શું બદલાયું તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

કેન્સર મુખ્યત્વે ઘડપણનો રોગ છે. પચ્ચીસ વર્ષની ઉંમર સુધી દર લાખે ૪ વ્યકિતને જ કેન્સર થવાનું જોખમ હોય છે, જે ત્યાર પછીના દર દશ વર્ષે ત્રણગણું વધતું જાય છે અને ૫૦ વર્ષની ઉંમરે ૪૦૦નું થઈ જાય છે અને ૭૦ વર્ષની ઉંમર સુધીમાં ફરી ત્રણગણું વધીને ૧૩૫૦નું જોવા મળે છે. આમ, વસ્તીમાં વૃદ્ધોની સંખ્યા જેમ વધતી જાય તેમ બીજો કોઈ ફેરફાર ન થયો હોય તો પણ કેન્સરથી મરતા લોકોનું પ્રમાણ વધતું જશે.

આ સમસ્યાને હલ કરવા માટે કેન્સરના મૃત્યુદરને ઉંમરના આધારે એડજસ્ટ કરવામાં આવે છે, જેમાં એ તપાસવામાં આવે છે કે જો વસ્તીમાં જુદી જુદી ઉંમરના લોકોની સંખ્યામાં તફાવત ન આવ્યો હોત, તો કેન્સરનો મૃત્યુદર ખરેખર કેટલો હોત ? **આકૃતિ ૬માં** જ આવો ઉંમર સાથે એડજસ્ટ કરાયેલા કેન્સરનો મૃત્યુદર પણ જોવા મળે છે, જે દર્શાવે છે કે ૧૯૫૦માં આ દર જે ૧૨૫નો હતો, તેમાં થોડો વધારો થઈને ૧૯૮૩માં એ ૧૩૬નો થયેલો અને પછી પાછો ઘટીને ૧૯૯૮માં ૧૨૬નો થઈ ગયેલો. આમ ઉંમર સાથે એડજસ્ટ કર્યા પછીના દરમાં માંડ ૧ ટકાનો વધારો થયેલો જોવા મળે છે. છતાં એમ કહી શકાય કે નાનો તો નાનો પણ વધારો તો થયો જ છે ને. એ શેનાથી થયો?

પરંતુ, ઉંમર સાથે એડજસ્ટ કર્યા પછીના કેન્સરથી થતા મૃત્યુદરનો આ વધારો મુખ્યત્વે ફેફસાંના કેન્સરમાં થયેલા વધારાને કારણે છે. અને ફેફસાંના કેન્સરનો આ વધારો લગભગ સંપૂર્ણપણે ધુમ્રપાનને આભારી છે. આમ, આપણે ઉંમર સાથે એડજસ્ટ કરેલા કેન્સરના દરમાં ધુમ્રપાનને કારણે થતા કેન્સરથી થતાં મૃત્યુને હટાવી દઈએ, તો આપણને કેન્સરનો એ દર મળે જે ઉંમર તેમજ ભૂતકાળની ધુમ્રપાનની તરાહ એમ બન્ને સાથે એડજસ્ટ કરવામાં આવેલો હોય. આ છેવટનો દર પણ **આકૃતિ ૬માં** દર્શાવાયો છે. એ જોતાં સ્પષ્ટ થાય છે કે ૧૯૫૦થી ૧૯૯૮ના ગાળામાં અમેરિકામાં કેન્સરથી થતા મૃત્યુના દરમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. આમ, ધુમ્રપાન નહીં કરનારાઓમાં કેન્સરથી મૃત્યુ પામવાનું જોખમ ખરેખર તો ઘટયું છે અને નહીં કે વધ્યું છે. તે જ પ્રમાણે, અન્ય બીમારીઓનું જોખમ પણ ઘટયું છે. આમ, 'કેન્સરનો રોગચાળો ફાટી નીકળ્યો છે'ની વાતોને હકીકતોનો આધાર નથી.

## તો શું કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે ?

આ તો થઈ કેન્સરથી થતાં મૃત્યુની વાત. પરંતુ, વધી રહેલા કેન્સરના હાઉની વાત કરનારા આ ઉપરાંત કેન્સરના વધતા પ્રમાણના (incidence) આંકડા પણ રજૂ કરે છે.

કેન્સરના પ્રમાણની વાત કરીએ તો અમેરિકામાં ૧૯૭૩થી રાષ્ટ્રીય સ્તરે જુદા જુદા પ્રકારના કેન્સરના પ્રમાણનો અંદાજ મેળવવાને નિયમિત સર્વેક્ષણ કરવાનો કાર્યક્રમ શરૂ કરાયો છે, જેમાં દેશના ૧૦ થી ૧૪ ટકા જેટલા લોકોને આવરી લેવાયા છે. આ સર્વેક્ષણનાં પરિણામો દર્શાવે છે કે ૧૯૭૩થી અત્યાર સુધીમાં કેટલાક ખાસ પ્રકારના કેન્સરો જેમ કે પ્રોસ્ટ્રેટ કેન્સર અને સ્ત્રીઓમાં બ્રેસ્ટ કેન્સર તેમજ પ્રજનનતંત્રના અવયવોને લગતા કેન્સરના પ્રમાણમાં ઘણો વધારો થયો છે.

શું આ ચિંતાજનક છે? બ્રેસ્ટ કેન્સરનો દાખલો લઈએ તો ૧૯૭૩થી અત્યાર સુધીમાં એના પ્રમાણમાં ૬૨ ટકાનો વધારો થયો છે, જ્યારે એનાથી થતાં મૃત્યુમાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે. આવું કેમ જોવા મળે છે ? અમેરિકન કેન્સર સોસાયટીના જણાવ્યા મુજબ કેન્સરના પ્રમાણનો મોટા ભાગનો આ વધારો ૧૯૮૨ થી ૧૯૮૮ દરમ્યાન થયેલો જોવા મળે છે અને એનું મુખ્ય કારણ બ્રેસ્ટ કેન્સરની તપાસ માટેના મેમોગ્રાફિ સ્ક્રીનીંગમાં થયેલો જબરજસ્ત વધારો છે. ૧૯૮૦ની શરૂઆતમાં ૪૦

વરસથી મોટી ઉંમરની ૧૦ થી ૨૦ ટકા જેટલી સ્ત્રીઓ જ આ સ્ક્રીનીંગ કરાવતી, જ્યારે ૧૯૯૨માં ૬૦ થી ૭૦ ટકા જેટલી સ્ત્રીઓ સ્ક્રીનીંગ કરાવતી થઈ ગયેલી. આ ગાળા દરમ્યાન નાની ગાંઠો (૨ સે.મી.થી ઓછી)નું પ્રમાણ બમણા કરતાં પણ વધી ગયેલું. જ્યારે મોટી ગાંઠો (૩ સે.મી.થી વધારે)નું પ્રમાણ ૨૭ ટકા જેટલું ઘટી ગયેલું, જે વહેલા નિદાનનું સૂચક છે. આમ, બ્રેસ્ટ કેન્સરના પ્રમાણનો વધારો ખરેખર તો વધતા સ્ક્રીનીંગનું પરિણામ છે, જેમાં બહુ શરૂઆતના તબક્કે જ નાની ગાંઠો પણ પકડાઈ જાય છે, જે ટેકનીકલ રીતે તો કેન્સર ગણાય પણ હકીકતમાં બિનાઈન હોઈ શકે છે. આમ છતાં, આ સ્ક્રીનીંગને કારણે વધારે ને વધારે કેન્સર સમયસર, શરૂઆતના તબક્કે જ પકડાઈ જાય છે અને સમયસર સારવાર થઈ શકે છે. પરિણામે, કેન્સરથી થતા મૃત્યુના પ્રમાણમાં ઘટાડો જોવા મળે છે. આ જ રીતે પ્રોસ્ટ્રેટ કેન્સરના પ્રમાણનો વધારો પણ શરૂઆતમાં થઈ જતા નિદાનને જ આભારી છે.


## પેસ્ટીસાઈડ અને કેન્સર

પેસ્ટીસાઈડના નિયંત્રણમાં મુખ્યત્વે લાંબા ગાળા સુધી, ઓછી માત્રામાં પેસ્ટીસાઈડના સંપર્કમાં આવવાથી કેન્સર થવાનું જોખમ કેટલું છે, એના પર જ ભાર મૂકવામાં આવે છે.

અમેરિકાના બે અગ્રણી સંશોધકોએ ત્યાં થતા કેન્સરમાં જુદાં જુદાં પરિબળોનો ફાળો કેટલો છે તેનો મોટામાં મોટો અભ્યાસ કર્યો છે. તેનાં પરિણામો **આકૃતિ ૭માં** દર્શાવ્યાં છે. તે મુજબ કેન્સરથી થતાં મૃત્યુમાંથી ૩૦ ટકા કેસોમાં તમાકુ (ધુમ્રપાન) જવાબદાર છે અને બીજાં ૩૫ ટકા માટે ખોરાક જવાબદાર છે. રેસા વગરના માંસ આધારિત ચરબીવાળા પદાર્થો તેમજ વધારે ગળપણને કારણે કેન્સરનું જોખમ વધી જાય છે. તે જ પ્રમાણે વધારે પડતી કેલરી ખાવાથી પણ કેન્સરનું જોખમ વધે છે. એથી વિપરીત, રેસાવાળાં શાકભાજી અને ફળો ખાવાથી કેન્સરનું જોખમ ઓછું થાય છે. આમ, કેન્સરથી થતાં મૃત્યુમાં ૬૫ ટકા જેટલા કેસોમાં તો જીવનશૈલીની (ધુમ્રપાન અને ખોરાકની પસંદગી) વ્યક્તિગત પસંદગી જ ભાગ ભજવે છે, અને નહીં કે પર્યાવરણ.

બીજા ૧૦ ટકા જેટલા કેન્સર ચેપી રોગોને કારણે થાય છે. એનો મતલબ એ નથી કે કેન્સર ચેપી રોગ છે, પરંતુ એ છે કે કેટલાક પ્રકારના વાયરસ અને બેકટેરિયા કેન્સરને ટ્રીગર કરી આપે છે.

પ્રદૂષણ, જેમાં હવા અને પાણી તથા ખોરાકના પ્રદૂષણનો સમાવેશ થાય છે, તે માત્ર ૨ ટકા જેટલા કેન્સર માટે જવાબદાર છે. તેમાંયે




**આકૃતિ ૭** અમેરિકામાં જુદાં જુદાં કારણોથી થતા કેન્સરનું પ્રમાણ. પ્રદૂષણથી થતા કેન્સરમાંથી અત્યંત જૂજ કેન્સર પેસ્ટીસાઈડથી થતા હોવાનો અંદાજ છે. સ્રોત : Doll and Peto 1981.

મુખ્યત્વે હવાનું પ્રદૂષણ (ધુમાડાની બારિક રજકણો) મુખ્ય ફાળો ભજવે છે. પાણીના પ્રદૂષણની ભૂમિકા ખાસ મહત્ત્વની નથી. પેસ્ટીસાઇડની બાબતમાં તો એનું સ્પષ્ટ તારણ છે કે ખોરાક કે પાણી દ્વારા શરીરમાં જતાં પેસ્ટીસાઇડનો ફાળો નજીવો છે. ખરેખર તો પેસ્ટીસાઇડથી થતા કેન્સરથી કોઇ મૃત્યુ પામતું નથી. આમ, પેસ્ટીસાઇડથી વધતા કેન્સરનો ભય પાયા વગરનો છે. અમેરિકાની એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન એજન્સી (EPA) તેમજ બીજા અનેક અભ્યાસોનું પણ આ જ તારણ છે.

## પ્રાણીઓ પરના પ્રયોગોમાં કેન્સર

તો શું પેસ્ટીસાઇડો કેન્સર પેદા કરે છે ખરાં? એનો જવાબ આપવો અઘરો છે. મુખ્ય મુશ્કેલી એ છે કે મોટાભાગનાં પેસ્ટીસાઇડો સાથે જોડાયેલા કેન્સરના જોખમનું પ્રમાણ એટલું તો ઓછું હોય છે કે એને કારણે વસ્તીમાં કેન્સરનો વધારો દેખાતો નથી. કયારેક ખાસ પ્રકારનું કામ કરતાં જૂથોના અભ્યાસ કરી શકાય છે, જેઓ કોઇ પદાર્થની સાથે વર્ષો સુધી કામ કરતા હોય. એના આધારે આર્સેનિક, બેન્ઝીન અને ક્રોમિયમ જેવાં કેટલાંક જૂજ પેસ્ટીસાઇડો માણસો માટે કેન્સર પેદા કરી શકનારાં (કાર્સિનોજેનિક) હોવાનું પ્રતિપાદિત થયું છે. અને એના ઉપયોગ પર પ્રતિબંધ પણ મુકાઇ ગયો છે. આમ, આપણે એવી પરિસ્થિતિમાં છીએ, જેમાં મોટાભાગનાં પેસ્ટીસાઇડમાં કેન્સરનું જોખમ ખરેખર છે કે નહીં એ નકકી કરવું અત્યંત મુશ્કેલ છે. અલબત્ત, એનો અર્થ એ નથી કે એનું જોખમ ગંભીર ન હોઇ શકે.

આ જ કારણસર વિજ્ઞાનીઓ પેસ્ટીસાઇડથી ઉંદરોમાં કેન્સર થાય છે કે નહીં તેના પ્રયોગો કરે છે. ત્યાં પણ મુશ્કેલી એ છે કે જેમને પેસ્ટીસાઇડ અપાયું હોય એવા ૫૦ ઉંદરો અને ન અપાયું હોય એવા ૫૦ ઉંદરો (કન્ટ્રોલ જૂથ)ને લઇને થતા આ પ્રયોગોમાં ઉંદરોની સંખ્યા એટલી નાની છે કે કેન્સર થવાનું જોખમ ૧૦ ટકા કરતાં વધારે હોય તો જ તે પકડી શકાય. દા.ત. ૫૦ - ૫૦ ઉંદરોનાં આવાં બે જૂથ પસંદ કરીને એમાંથી એક જૂથને આખી જિંદગી દરમ્યાન પેસ્ટીસાઇડ આપવામાં આવે અને પછી ખબર પડે કે એમાંથી ૪ ઉંદરોને કેન્સર થયેલું, જ્યારે બાકીના કન્ટ્રોલ જૂથમાં ૩ ઉંદરને કેન્સર થયેલું, તો એના પરથી પેસ્ટીસાઇડથી કેન્સર થાય છે કે નહીં એ અંગે કોઇ નિષ્કર્ષ ઉપર પહોંચી ના શકાય. કારણ કે બે જૂથો વચ્ચેનો તફાવત માત્ર આકસ્મિક પણ હોઇ શકે. બે જૂથો વચ્ચેનો તફાવત ઓછામાં ઓછા ૫ ઉંદરનો હોય, તો જ તે આંકડાકીય રીતે મહત્ત્વનો (statistically significant) ગણી શકાય.

આ પ્રયોગોમાં ઉંદરોની સંખ્યા, અલબત્ત, વધારી શકાય. પરંતુ, જૂથ દીઠ ૫૦ ઉંદરોના સામાન્ય પ્રયોગની કિંમત પણ ૪ લાખ ડોલર જેટલી થાય છે. અને સામાન્ય રીતે જુદી જુદી જાતિ પર કમસેકમ બે પ્રયોગ કરવા પડે. આ કારણસર, કેન્સરનું જોખમ છે કે નહીં એ નક્કી કરવા માટે એના બદલે પ્રાણીઓને અત્યંત ઊંચી માત્રામાં પેસ્ટીસાઇડના ડોઝ આપવામાં આવે છે, જેનાથી કેન્સર થવાની શકયતા વધી જાય છે. અહીં સવાલ એ ઊભો થાય કે ઉંદરોમાં અત્યંત વધુ માત્રામાં અપાતા પેસ્ટીસાઇડથી કેન્સરનું જે જોખમ ઊભું થાય તેને માણસોમાં નીચી માત્રાએ લેવાતા પેસ્ટીસાઈડના જોખમ સાથે સરખાવી શકાય ખરું?


એનો સીધો જવાબ તો એ છે કે આપણને ખબર નથી. પરંતુ, વધારે સાવચેત રહેવાની દૃષ્ટિએ EPA પ્રાણીઓ પરના પ્રયોગોના આંકડાને એમ માનીને સ્વીકારી લે છે કે ઊંચી માત્રા અને નીચી માત્રાના જોખમ વચ્ચે સીધી રેખાનો સંબંધ છે. અને એના આધારે જે તે પદાર્થ દરરોજ કેટલી માત્રામાં લેવામાં આવે તો જોખમ નથી (acceptable daily intake) તે નક્કી કરવામાં આવે છે. પરંતુ ઊંચી માત્રાએ જોવા મળતી અસરો અને નીચી માત્રાની અસરો વચ્ચે જે સીધી રેખાનો સંબંધ ધારી લેવામાં આવ્યો છે તે વિવાદાસ્પદ છે. કેટલાયે પદાર્થો એક ચોકકસ માત્રાનો ઉંબરો- threshold ધરાવતા હોય, જ્યાં સુધી એ કાંઇ પણ નુકસાન નથી કરતા. પરંતુ એનાથી વધારે માત્રામાં લેવામાં આવે, તો જોખમ વધતું જાય છે. ફાર્મેકોલોજીના પિતા પેરાસેલ્સસે (૧૪૯૩-૧૫૪૧) કહેલું તેમ બધા જ પદાર્થો ઝેરી છે. એવો એકે પદાર્થ નથી, જે ઝેરી ના હોય. ઉચિત માત્રા જ ઝેર અને દવા વચ્ચે ભેદ પાડે છે.

## કુદરતી રસાયણો અને માનવસર્જિત પેસ્ટીસાઇડો

અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલીના પ્રાધ્યાપક બ્રુશ એમીસ આ આખા પ્રશ્નને જુદા જ દૃષ્ટિકોણથી મૂલવે છે. તેમના કહેવા પ્રમાણે આપણે લગભગ સંપૂર્ણપણે માનવસર્જિત રસાયણોનો જ ભય રાખીએ છીએ, જ્યારે એવાં કેટલાંય પેસ્ટીસાઇડો છે, જે કુદરતી રીતે જ અસ્તિત્વ ધરાવે છે અને તેમને પણ જો આવા જ પ્રયોગોમાંથી પસાર કરવામાં આવે તો તેમાંનાં ઘણાં કેન્સરનું જોખમ ધરાવતાં હોવાનું માલૂમ પડશે. રાસાયણિક દૃષ્ટિએ કુદરતી અને માનવસર્જિત પેસ્ટીસાઇડો વચ્ચે આવો ભેદ પાડવાને કોઇ આધાર નથી. આર્સેનિકનો ઉપયોગ ઘણા વખતથી વીડીસાઇડ તરીકે કરાઇ રહ્યો છે, જે કુદરતી ખનિજ છે. એફલાટોકિસન એવું પેસ્ટીસાઇડ છે, જેનાથી કેન્સર થવાની શકયતા સૌથી વધારે છે. એ પણ કુદરતી રીતે જ ફૂગમાં જોવા મળે છે, જે બીજા પાકો ઉપરાંત મગફળી, મકાઇ, જુવાર જેવા પાકો પર ફેલાય છે. એ જ રીતે, પાયરેથ્રમ અને નિકોટીન જેવાં પેસ્ટીસાઇડ પણ કુદરતી રીતે જ અસ્તિત્વ ધરાવે છે.

માનવસર્જિત પેસ્ટીસાઇડોની તુલનામાં આવાં કુદરતી પેસ્ટીસાઇડો ખોરાક કે પાણી દ્વારા ઘણી વધારે માત્રામાં આપણા શરીરમાં જાય છે. એક અંદાજ મુજબ જે પેસ્ટીસાઇડ આપણા શરીરમાં જાય છે, એમાંથી ૯૯.૯૯ ટકા જેટલાં પેસ્ટીસાઇડ કુદરતી સ્રોતવાળાં છે, જ્યારે માત્ર ૦.૦૧ ટકા માનવસર્જિત છે. દા.ત. કોફીમાં લગભગ ૧૦૦૦ જેટલાં રસાયણો આવેલાં છે. તેમાંથી ૩૦ રસાયણોનું કેન્સર માટે ઉંદરોમાં પરીક્ષણ કરવામાં આવેલું ત્યારે એમાંથી ૨૧ રસાયણો કેન્સરનું જોખમ ધરાવતાં હોવાનું જાણવા મળ્યું છે!

૧૦,૦૦૦ કુદરતી પેસ્ટીસાઇડોમાંથી માત્ર ૭૯ પેસ્ટીસાઈડોનું જ કેન્સર માટે પરીક્ષણ કરાયું છે. આનો અર્થ એ થયો કે માનવસર્જિત પેસ્ટીસાઈડો માટે જે પરીક્ષણો કરવામાં આવે છે તે પરીક્ષણોમાંથી તો આપણા રોજિંદા વપરાશના અનેક ખોરાકો સુધ્ધાં પસાર ન થઈ શકે. કોફીનો આપણો વપરાશ ડી.ડી.ટી. પર પ્રતિબંધ મુકાયો ત્યાર પહેલાં એનો જે વપરાશ હતો એના કરતાં પચાસ ગણો વધારે જોખમકારક છે અને પ્રતિબંધ મુકાયા પછીના વપરાશ કરતાં તો એ ૧૨૦૦ ગણો વધારે જોખમકારક છે (જુઓ **આકૃતિ ૮**). આનો અર્થ એ થયો કે કાં તો આપણે કોફી, બેઝીલ, લેટસ જેવા ખોરાક વિશે વધારે ચિંતા સેવવી જોઈએ, અથવા તો જે ધારણાઓને આધારે આ પરીક્ષણો કરવામાં આવે છે એ ધારણાઓ ખોટી છે એમ માનવું પડે. પ્રો. એમિશના મતે ઉંદરો પર થતાં કેન્સરનાં આ પરીક્ષણો જ સાવ ખોટું અને ગેરમાર્ગે દોરનારું ચિત્ર રજૂ કરે છે. ઉંદરોને કેફીક એસિડ, એસ્ટ્રોજોલ કે માનવસર્જિત પેસ્ટીસાઈડો બહુ ઊંચી માત્રામાં આપવામાં આવે ત્યારે એના પરિણામે સ્થાનિક overload




**આકૃતિ ૮** અમેરિકનો દરરોજ સરેરાશ જે માત્રામાં જુદી જુદી વસ્તુઓ તેમજ તેની સાથે આવતાં માનવસર્જિત પેસ્ટીસાઇડ ખાય છે, તેમનાથી કેન્સર થવાનું સાપેક્ષ જોખમ (HERP). સ્રોત : Ames and Gold 1998.

(પેટમાં)ને કારણે જ ઘણા કોષો મૃત્યુ પામે છે. આ ઊંચી માત્રાને કારણે જ કેન્સર થાય છે. અત્યાર સુધીમાં જેટલાં માનવસર્જિત પેસ્ટીસાઈડોનું આ રીતે પરીક્ષણ કરવામાં આવ્યું છે, તેમાંથી અડધાં જેટલાં પેસ્ટીસાઈડો કેન્સરનું જોખમ ધરાવતાં હોવાનું માલૂમ પડ્યું છે. પરંતુ, તે જ રીતે જેટલાં કુદરતી પેસ્ટીસાઈડોનું પરીક્ષણ થયું છે તેમાંથી ૫૦ ટકા જેટલાં પેસ્ટીસાઈડો પણ કેન્સરનું જોખમ ધરાવતાં હોવાનું જણાયું છે. કદાચ મોટા ભાગના પદાર્થો આવાં પરીક્ષણોમાં જોખમકારક હોવાનું જણાય તો કોઈ નવાઈ ન લાગવી જોઈએ. કારણ કે, અહીં હકીકતમાં તો આપણે જે તે પદાર્થની નીચી ગુણવત્તા નહીં, પરંતુ સ્થાનિક overloading ને કારણે થતા કેન્સરને જ માપી રહ્યા છીએ.

## શું પેસ્ટીસાઈડના વપરાશ પર પ્રતિબંધ મૂકી દેવો જોઈએ?

આમ, પેસ્ટીસાઈડના વપરાશથી કેન્સર થવાનું જો કોઈ જોખમ હોય તો પણ તે અત્યંત સૂક્ષ્મ જોખમ છે. અમેરિકામાં દર વરસે કેન્સરથી ૫,૬૦,૦૦૦ લોકો મૃત્યુ પામે છે તેમાંથી પેસ્ટીસાઈને કારણે માંડ ૨૦ મૃત્યુ થતાં હોવાનો અંદાજ છે. તેની તુલનામાં ત્યાં દર વરસે ૩૦૦ જેટલી વ્યક્તિઓ બાથ-ટબમાં ડૂબી જવાથી મૃત્યુ પામે છે!

આમ છતાં એવી દલીલો કરનારાઓ છે જે એમ કહે છે કે ભલેને આટલા ઓછા લોકો મૃત્યુ પામતા હોય તો પણ એના વપરાશ પર પ્રતિબંધ મૂકવાથી એટલા ઓછા લોકોને બચાવી શકાતા હોય તો તે પણ બચાવવા જ જોઈએ. આરોગ્યની વાતમાં પૈસા સામે ના જોવાનું હોય. પરંતુ તેઓ આવા પ્રતિબંધની બીજી આડઅસરો શું પેદા થાય તે ધ્યાનમાં લેતાં નથી. અમેરિકા અને યુરોપમાં થયેલા જુદા જુદા ઘણા અભ્યાસોના તારણ મુજબ આવા સંપૂર્ણ પ્રતિબંધની વાર્ષિક સામાજિક કિંમત કુલ ઘરેલુ ઉત્પાદનના ૦.૮ થી ૩ ટકા જેટલી થાય (આ મોટો ગાળો પ્રાણીઓ માટેનો ખોરાક પણ પેસ્ટીસાઈડના ઉપયોગ વગર પેદા કરવો કે નહીં તે અંગે શું નિર્ણય લેવામાં આવે તેના આધારે છે.) આ આર્થિક કિંમતથી યે વધારે ગંભીર બાબત તો એ છે કે આ પ્રતિબંધથી કેન્સરથી થતાં મૃત્યુમાં પણ મોટો વધારો થાય. પેસ્ટીસાઈડ વાપરવાનાં બંધ કરી દઈએ એટલે શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં જબરજસ્ત ઘટાડો થાય અને એટલે તેના ભાવ પણ વધે. પરિણામ એ આવે કે ઓછી આવકવાળા ઘણા લોકોએ ફળ અને શાકભાજી ખાવાનું ઓછું કરી દેવું પડે. કેન્સર રિસર્ચ ફંડના અભ્યાસ અનુસાર શાકભાજી અને ફળોના વપરાશમાં ૧૦ ટકાનો નજીવો ઘટાડો થાય તો પણ તેનાથી ૪-૬ ટકા જેટલા વધારાના લોકો (એટલે કે લગભગ ૨૬,૦૦૦) કેન્સરથી મૃત્યુ પામે!

આમ, આપણી સામે પસંદગીના વિકલ્પ સ્પષ્ટ છે. પેસ્ટીસાઈડ પર પ્રતિબંધ મૂકીને ખોરાક કે પાણી દ્વારા જે જૂજ માત્રામાં તે આપણા શરીરમાં આવે છે તેના પર રોક લગાવી શકાય. અને સાથે સાથે વરસે ૨૦ જેટલી વ્યક્તિઓને (અમેરિકાની વાત કરીએ તો) કેન્સરથી થતાં મૃત્યુમાંથી બચાવી શકીએ. પરંતુ તેની સાથે સાથે એની સામાજિક કિંમત ઘરેલુ ઉત્પાદનના ૦.૭-૩ ટકા જેટલી ચૂકવવાની થાય અને વરસે ૨૬,૦૦૦ જેટલા વધારાના લોકો કેન્સરથી મૃત્યુ પામે! •

### પેસ્ટીસાઈડની માત્રા નક્કી કરવામાં જોવા મળતું ગાંડપણ

૧૯૯૯માં ડેનમાર્કની સરકારે પેસ્ટીસાઈડોનું ઉત્પાદન બંધ કરી દેવામાં આવે તો એની સમાજ પર શું અસરો પડે તેનો સૌથી મોટો અભ્યાસ પૂરો કર્યો છે, જે પેસ્ટીસાઈડને લગતી જુદી જુદી નીતિઓનાં પરિણામો શું આવે તેનું આકલન કરવામાં મોટી મદદ પૂરી પાડે છે.

નવાઈ લાગે એવી વાત છે, પણ યુરોપ અને અમેરિકાના લોકો અને સરકારોને મુખ્યત્વે પીવાના પાણીમાં તો પેસ્ટીસાઈડ નથી આવી જતાં ને તેની ચિંતા કોરી ખાય છે, જ્યારે ખરેખર તો એમણે ચિંતા કરવી જ હોય તો તે ખોરાકમાંથી આવતાં પેસ્ટીસાઈડની કરવી જોઈએ. પીવાના પાણીમાં કેટલી માત્રામાં પેસ્ટીસાઈડ હોય તો ચાલે, તેનાં જે ધોરણો નક્કી કર્યાં છે તે આરોગ્ય પર તેની શું અસર પડશે તેના આધારે નક્કી નથી કરવામાં આવ્યાં, પણ પેસ્ટીસાઈડ હોવાં જ નહીં જોઈએ એ આધારે નક્કી કરવામાં આવ્યાં છે. આમ, યુરોપિયન યુનિયનમાં પીવાના પાણીમાં પેસ્ટીસાઈડની માત્રા લીટરે ૦.૧ માઈક્રોગ્રામ નક્કી કરવામાં આવી છે. એનું કારણ એ છે કે ૧૯૮૦માં જ્યારે આ માત્રા નક્કી કરવામાં આવેલી, ત્યારે એનાથી ઓછી માત્રામાં પેસ્ટીસાઈડ હોય તો તે માપી શકાય એવાં યંત્રો નહોતાં. જો ખરેખર આરોગ્ય પરની માઠી અસરના આધારે પેસ્ટીસાઈડની માત્રા નક્કી કરવામાં આવી હોત, તો એના કરતાં ઘણી ઊંચી માત્રા નક્કી થઈ હોત. આથી વિપરીત, શાકભાજી અને ફળોમાં પેસ્ટીસાઈડની માત્રા આરોગ્ય પરના જોખમના આધારે નક્કી કરવામાં આવે છે, જે જુદા જુદા કિસ્સાઓમાં પીવાના પાણીની માત્રા કરતાં ૫૦૦ થી ૫૦,૦૦૦ ગણી વધારે નક્કી કરવામાં આવી છે.

અમેરિકામાં લોકો સરેરાશ વ્યક્તિ દીઠ વર્ષે ૧૫૦ કિલો ફળો અને ૨૦૦ કિલો શાકભાજી ખાતા હોય છે. એમાં જુદાં જુદાં પેસ્ટીસાઈડ કેટલા પ્રમાણમાં હોય તો તે ચાલી શકે એની જે માત્રામાં નક્કી કરવામાં આવી છે એના આધારે જાડી ગણતરી કરીએ તો તે મુજબ દરેક વ્યક્તિ વરસે સરેરાશ ૨૪ મીલીગ્રામ જેટલું પેસ્ટીસાઈડ એમાંથી મેળવતી હશે. જો તેઓ દરરોજ ૨ લીટર જેટલું પાણી પીતા હોય, જેમાં યુરોપિયન યુનિયને નક્કી કરેલ માત્રામાં પેસ્ટીસાઈડ હોય, તો પણ તેઓ પીવાના પાણીમાંથી વર્ષે ફળ અને શાકભાજી કરતાં ૩૦૦ ગણું ઓછું પેસ્ટીસાઈડ મેળવશે. આમ, જો પેસ્ટીસાઈડનો ડર રાખવાનો જ હોય, તો ખરેખર તો ખોરાકમાંથી મળતા પેસ્ટીસાઈડનો ડર રાખવો જોઈએ, અને નહીં કે પીવાના પાણીમાંથી. •

# ભારતની વાદ-વિવાદની પરંપરા

*- અમર્ત્યા સેન*

[નોબેલ પારિતોષિક મેળવનાર અમર્ત્યા સેન મોટા ગજાના અર્થશાસ્ત્રી તો છે જ, સાથે સાથે ભારતના ઇતિહાસના ઊંડા અભ્યાસુ પણ છે. ભારતની સંસ્કૃતિ, અસ્મિતા અને ઓળખ માટેની એમની તીવ્ર ઝંખના એમનાં લખાણોમાં હંમેશા ડોકાય છે. એમના તાજેતરના પુસ્તક 'The Argumentative Indian' માં આ વિષય પરના છેલ્લી અડધી સદીમાં લખાયેલા પોતાના નિબંધોને એમણે સળંગસૂત્રે બાંધી આપ્યા છે.

ભારતની સમૃદ્ધ વાદ-વિવાદની પરંપરા, વિવિધ ધર્મોના અનેકતાવાદી વૈવિધ્ય તથા ગતિશીલ અને બૌદ્ધિક વારસાની સમજણ મેળવવા માટે તો આ પુસ્તક ઉપયોગી છે જ, સાથે સાથે સમકાલીન ભારતની લોકશાહી અને ધર્મનિરપેક્ષતાની સફળતા તેમજ વર્ગ, ન્યાત-જાત, વર્ણ તથા જાતિની અસમાનતા દૂર કરવા માટે પણ આ પરંપરા ખૂબ કામની ચીજ છે, એ વાત એમનાં લખાણોમાં કેન્દ્ર સ્થાને રહેલી છે. આમ તો આ પુસ્તકની સમીક્ષા કરાવવાનો વિચાર હતો. પણ પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે પોતે જ તેનો સુંદર અને નજાકતભરી રીતે પરિચય કરાવ્યો છે. એટલે લાગ્યું કે એમના પેગડામાં પગ ઘાલવાને બદલે એમના શબ્દોમાં જ એનો પરિચય કેમ ના કરાવવો ? એટલે એ પ્રસ્તાવનાનો ભાવાનુવાદ કરીને, એમાંથી સારવીને અહીં રજૂ કરી રહ્યાં છીએ. -સં.]

ભારત એટલો તો વિશાળ દેશ છે, જેમાં વિધવિધ શ્રદ્ધાઓ - માન્યતાઓ, જુદી જુદી પ્રણાલી-પરંપરાઓ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ અને મથામણો જોવા મળે છે. એટલે એની પ્રાચીન સંસ્કૃતિ કે સમકાલીન રાજકીય વિચારધારાઓ અંગે કાંઇ પણ કહેવું કે લખવું એટલે એમાંથી અનિવાર્યપણે પસંદગી કરવી. આ પુસ્તકમાં પણ વાદ-વિવાદ, દલીલો અને દ્વન્દ્વોની જે પરંપરાને કેન્દ્રસ્થાને રાખી છે, તેમાં પણ પસંદગી સમાયેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો આ પુસ્તકમાં ટાંકેલાં દૃષ્ટાંતો અને પ્રતિપાદિત કરેલાં વિચારબિંદુઓ પણ પસંદગીનું જ પરિણામ છે.

દેશની સંસ્કૃતિમાંથી વાદ-વિવાદની પરંપરાને આ પુસ્તકનું વિષયવસ્તુ બનાવવા પાછળ ત્રણ કારણ છે. એક તો ભારતમાં વાદ-વિવાદની (argumentative) લાંબી પ્રણાલી રહેલી છે. બીજું, આજે એની પ્રસ્તુતતા ઘણી છે. અને ત્રીજું, વૈશ્વિક સ્તરે અને વિવિધ સાંસ્કૃતિક ચર્ચાઓમાં એ પ્રણાલીની પ્રમાણમાં ઉપેક્ષા થતી જોવા મળે છે. હકીકતમાં, ભારતમાં આજે વિવિધ અને પરસ્પરથી ભિન્ન એવી જે અસંખ્ય વિચારધારાઓ, દૃષ્ટિબિંદુઓ અને માન્યતાઓ પ્રવર્તે છે તેનું શ્રેય વાદ-વિવાદની આ પુરાણી પરંપરાને જાય છે.

આજના ભારતને સમજવા માટે કહેવાતા 'પ્રાચીન ભારત'ની ભૂમિકાને જે રીતે રાજકીય રંગ ચડાવવામાં આવી રહ્યો છે. આજના રાજકારણમાં પ્રાચીન ભારત તરફનો જે જબરજસ્ત ઉછાળ આવ્યો છે એ ઘણું કરીને હિન્દુત્વ આંદોલનમાં ખાસ જોવા મળે છે, જેઓ ભારતીય સંસ્કૃતિના સાંકડા હિન્દુત્વના મુદ્દાને ઉકસાવે છે, અને ભારતને મુસ્લિમ આક્રમણ પહેલાંના અને પછી (ઈસ્વીસન પૂર્વે ૩જીથી ઇસુ પશ્ચાત્‌ની ૨જી સદી)ના સમયગાળામાં વહેંચી નાખે છે. એની સામે, જેઓ સમકાલીન ભારત માટે એકીકરણ (integrationist) નું વલણ ધરાવે છે, તેઓ પ્રાચીન ભારતની દુહાઇ દેવાના થતા પ્રયત્નોને ખૂબ શંકાશીલ દૃષ્ટિએ જુએ છે. ઉદાહરણ તરીકે, હિન્દુત્વવાદીઓ ઇસ્વીસન પૂર્વે ૨જી સદીમાં રચાયેલા પવિત્ર 'વેદો'ને ભારતનો 'ખરો વારસો' માને છે. તેઓ મહાકાવ્ય 'રામાયણ'માં હિન્દુ માન્યતા અને શ્રદ્ધા આરોપવાથી લઈને રામની જન્મભૂમિ મનાતા સ્થળે આવેલી મસ્જિદ - બાબરી મસ્જિદ ને ધ્વસ્ત કરવા માટેનું ઔચિત્ય શોધે છે. એથી ઊલટું, એકીકરણવાદીઓ વેદો અને રામાયણને ધર્મનિરપેક્ષ ભારતના સમકાલીન જીવનમાં હિંદુ ધર્મની વણવાંછી ઘૂસપેઠ ગણે છે.

ભારતના લાંબા અને વૈવિધ્યપૂર્ણ ઇતિહાસમાંથી આ ''હિન્દુ શાસ્ત્રો''ની પસંદગી પાછળ રહેલાં ફાટફૂટ પાડનારાં તત્ત્વો સામે પ્રશ્ન ખડો કરવામાં, કે આજના ધર્મનિરપેક્ષ ભારતમાં આવી એકપક્ષીય પસંદગી કેવી પ્રત્યાઘાતી ભૂમિકા ભજવી શકે એ દર્શાવવામાં એકીકરણવાદીઓ સાચા છે. ભલે દેશના ૮૦ ટકા ભારતીયો હિન્દુ હોય, તો પણ દેશ મુસ્લિમોની

ખૂબ મોટી વસ્તી (આખા વિશ્વના બધા જ દેશોમાં ત્રીજા ક્રમે, અને બ્રિટન અને ફ્રાન્સની ભેગી વસ્તી કરતાં વધુ) ધરાવે છે, અને બીજા ધર્મો - ખ્રિસ્તી, શીખ, જૈન, પારસી વગેરેની વસ્તી પણ દેશમાં છે.

અલબત્ત, એકીકરણ અને બહુ-સંસ્કૃતીય પ્રરિપ્રેક્ષ્યની જરૂરિયાત પર ભાર મૂક્યા પછી એક બાબત સ્વીકારવી જ પડે કે આ પુરાણાં શાસ્ત્રો અને વર્ણનોનો ભારતના સાહિત્ય અને વિચારો પર ખૂબ મોટો પ્રભાવ રહ્યો છે. તેમણે એક બાજુ સાહિત્ય અને ફિલસૂફીને અત્યંત ઊંડી અસર કરી છે, તો બીજી બાજુ, કથાનકો, લોકસાહિત્ય અને વિવેચનાત્મક વાદ-વિવાદ પર પણ ખૂબ પ્રભાવ પાડયો છે. પ્રશ્ન વેદો અને રામાયણનો નથી, પણ ભારતીય સંસ્કૃતિમાં તેમણે ભજવેલી ભૂમિકા સમજવાનો છે. ૧૪મી સદીમાં જ્યારે બંગાળાના મુસ્લિમ પઠાણ રાજાઓએ મહાભારત અને રામાયણનો સંસ્કૃતમાંથી બંગાળીમાં અનુવાદ કરાવ્યો, ત્યારે એમાં સંસ્કૃતિ માટેના તેમના પ્રેમ અને આદર માત્ર હતા, હિન્દુ ધર્મપરિવર્તનની એમાં કોઇ ભાવના નહોતી. આમ, આ મહાન શાસ્ત્રોના ભારતીય સંસ્કૃતિમાં નિહિત મહત્ત્વને નજરઅંદાજ પણ ના કરી શકાય, કે હિન્દુ ધર્માંધતાનાં સાંકડાં ચશ્માંમાંથી જ જોવાનો આગ્રહ પણ ના સેવી શકાય.

વેદો કદાચ ઋચાઓ અને ધાર્મિક ઉલ્લેખોથી ભરેલા હશે, પણ તેઓ કથા પણ કરે છે, જગત માટે કલ્પનાઓ કરે છે અને મુશ્કેલ સવાલો પણ પૂછે છે. વિશ્વની સર્જન-ઉત્પત્તિ અંગે જ મૂળભૂત શંકા વ્યકત કરે છે : શું કોઇકે તેને બનાવ્યું હશે, જે જાણતો હશે કે ખરેખર શું બનેલું? ઋગ્વેદ આ બાબત ક્રાંતિકારી સવાલો પૂછે છે : ''કોણ ખરેખર જાણે છે? કોણ એને ઉદ્‌ઘોષિત કરશે? કયારે એ ઉત્પન્ન થયેલું? કયારે આ સર્જન થયું?... કદાચ એ જાતે જ બન્યું, કે કદાચ એ જાતે ના બન્યું - જે નીચે એના તરફ જુએ છે, ઉપરના ઉચ્ચતમ સ્વર્ગમાંથી, કેવળ એ જ જાણે છે - અથવા કદાચ એ પણ નથી જાણતો.'' આ સંશયો ઈસ્વીસન પૂર્વે ૨જી સદીથી જ જ્ઞાન-મિમાંસા અને નીતિશાસ્ત્રના પ્રશ્નોની સાથે સાથે ભારતના લાંબા વાદ-વિવાદના ઇતિહાસમાં વારંવાર ડોકાયા કરે છે. આ સવાલો તીવ્ર ધાર્મિક માન્યતાઓ અને ઊંડા આદરપૂર્વકની શ્રદ્ધા તથા ભકિતની સાથે સાથે અસ્તિત્વ ધરાવે છે.

એ જ રીતે, હિન્દુ રાજકારણના અનુયાયીઓ, ખાસ કરીને જેઓ બીજા ધર્મોનાં પૂજાસ્થાનોને નષ્ટ કરવા તૂલી રહ્યા છે, તેઓ રામને દૈવી માનતા હશે, પણ મોટાભાગના રામાયણમાં રામને મુખ્યત્વે મહાકાવ્યના નાયક તરીકે જ ગણવામાં આવે છે, જેનામાં ઘણા સારા ગુણો છે અને કેટલીક નબળાઇઓ - જેવી કે પોતાની પત્ની સીતાની વફાદારી પર શંકા રાખવી - પણ છે. રામાયણમાં જાવાલી (જાબાલી) નામના પંડિતને પણ ખાસ્સી જગ્યા આપવામાં આવી છે, જે રામને ભગવાન તો નથી જ માનતો, ઊલટું એનાં કાર્યોને 'મૂર્ખતાભરેલાં' (જાબાલીના શબ્દોમાં ''ખાસ કરીને બુદ્ધિમાન અને ડાહ્યા માણસ માટે'') માને છે. પાછળથી એ પોતાના આક્ષેપો પાછા ખેંચી લે એ પહેલાં રામાયણમાં એને પોતાની વાત વિગતે સમજાવવાનો અવકાશ આપવામાં આવ્યો છે, જેમાં એ કહે છે, ''પુનર્જીવન જેવું કશું નથી, કે નથી એ મેળવવા માટેની કોઇ ધાર્મિક વિધિ,'' અને ''ભગવાનની પૂજામાં ભોગ (ચડાવવો), ભેટ કે તપસ્યા જેવા નિષેધાદેશો શાસ્ત્રોમાં ચાલાક માણસોએ (બીજા) લોકો પર રાજ કરવા માટે જ મૂક્યા છે.'' પ્રશ્ન હિન્દુ ધાર્મિકતાના સાંકડા અર્થઘટનનો પ્રચાર કરવા માટે રામાયણનો અદ્‌ભુત નીતિકથા (ટાગોરના શબ્દોમાં) અને ભારતના સાંસ્કૃતિક વારસાના અત્યંત લોકભોગ્ય ભાગને બદલે પારલૌકિક તથ્યોના દસ્તાવેજ તરીકે જે ઉપયોગ થઇ રહ્યો છે એમાં છે.

ભારતમાં સંશયવાદ (scepticism) નાં મૂળિયાં બહુ દૂર સુધી જાય છે, અને જો સંશયવાદને ફેંકી દેવામાં આવે તો ભારતીય સંસ્કૃતિના ઇતિહાસને સમજવો અઘરો પડે. હકીકતમાં, દ્વન્દ્વાત્મકતાની પરંપરાની લચીલી પહોંચ પૂરેપૂરા ભારતીય ઇતિહાસમાં અનુભવાય છે, ભલેને સંઘર્ષો અને યુદ્ધોએ ખાસ્સી હિંસા પેદા કરી હોય. ભારતના ભૂતકાળમાં વાક્‌યુદ્ધો અને હિંસાત્મક યુદ્ધો બન્ને અસ્તિત્વ ધરાવતાં હતાં, પણ માત્ર બીજા પ્રકારનાં યુદ્ધો પર જ ધ્યાન કેન્દ્રિત કરવાથી તો ખરા અર્થમાં અગત્યની બાબત ચૂકી જવાય.

ભારતની સ્વીકૃત શાસ્ત્રેતર (heterodoxy) બાબતોની લાંબી પરંપરાને સમજવી ખૂબ અગત્યની છે. પ્રાચીન ભારતને પોતાની છાવણી બનાવવાના હિન્દુત્વવાદી કાર્યકરોના પ્રયત્નોને અટકાવવા હોય (અને એને ભારતીય સભ્યતાના પારણા તરીકે જોવું હોય), તો ભારતમાં સંસ્કૃતિના ઘણા સ્રોત છે, એટલું બતાવવું પૂરતું નથી. બહુ શરૂઆતના દિવસોથી જ ભારતના વિચારો અને માન્યતાઓમાં કેટલું બધું અસનાતની હતું એ જોવું પણ જરૂરી છે. ઇસ્વીસન પૂર્વે પહેલી સદીના ભારતમાં બૌદ્ધધર્મીઓ, જૈનો, અજ્ઞેયવાદીઓ અને નાસ્તિકો એકમેક સાથે અને આજે જેને આપણે હિન્દુત્વ (જે શબ્દ બહુ પાછળથી આવ્યો છે) કહીએ છીએ એના અનુયાયીઓ સાથે તો સરસાઇ કરતા જ હતા, પણ બૌદ્ધ ધર્મે લગભગ હજાર વરસ સુધી ભારતમાં વર્ચસ્વ જમાવ્યું હતું. પહેલી સદીમાં ચીનીઓ તો ભારતને ''બૌદ્ધ રાજ્ય'' તરીકે જ ઓળખતા. આમ, હિન્દુત્વવાદી કાર્યકરો ભારતને જે કચકડામાં બેસાડવા જાય છે, એમાં પ્રાચીન ભારત બંધ બેસતું નથી.

ઇસ્વીસન પૂર્વે ૩જી સદીમાં બૌદ્ધ મહારાજા અશોકે વિવિધ શાસ્ત્રેતર બાબતોની સમૃદ્ધિ અને સહિષ્ણુતાની જરૂરિયાત પર તો ભાર મૂકયો જ, સાથે જ ચર્ચા અને વાદ-વિવાદ ચલાવવાના કદાચ જૂનામાં જૂના નિયમો બનાવ્યા, જેમાં સામાવાળાને 'બધા જ પ્રસંગોએ દરેક રીતે યોગ્ય માન' અપાય. ભારતની એ પછીની ચર્ચાઓમાં આ સિદ્ધાંતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પણ સહિષ્ણુતાનો અને રાજ્યે જુદા જુદા ધર્મો સાથે સમાન અંતર રાખવાની જરૂરિયાતનો સૌથી બળૂકો બચાવ કરનાર મુસ્લિમ મહારાજા અકબર હતો. ૧૫૯૦માં બનેલા ધાર્મિક સહિષ્ણુતાના આ સિદ્ધાંતો આમ ભલે મોડા હોય, પણ યુરોપમાં પૂર જોશમાં ચાલતા ધાર્મિક inquisition ના સંદર્ભમાં તો ઘણા વહેલા કહેવાય.

બોલી - વિજ્ઞાનની પરંપરા અને શાસ્ત્રેતર વૈવિધ્યના સ્વીકારનું આજે બહુ મોટું મહત્ત્વ છે. ચર્ચા અને દલીલોનું લોકશાહી અને જાહેર તાર્કિક ચર્ચામાં મોટું સ્થાન છે. તે ધર્મનિરપેક્ષતા અને જુદા જુદા ધર્મોના અનુયાયીઓ (કોઇપણ ધર્મમાં ન માનનારા સહિત) સાથે સમાન વ્યવહાર માટે કેન્દ્રસ્થાને છે. આનાથી પણ આગળ વિચારીએ તો વાદ-વિવાદની આ પરંપરા, જો સમજપૂર્વક અને નિસબત સાથે નિભાવવામાં આવે તો, સામાજિક અસમાનતા તેમજ ગરીબી અને અભાવો દૂર કરવામાં અત્યંત ઉપાદેય થઇ શકે. અવાજ ઉઠાવવો એ સામાજિક ન્યાયની ખોજનું અગત્યનું પાસું છે.

કેટલીક વાર એવું કહેવામાં આવે છે કે દ્વન્દ્વાત્મકતાનો ઉપયોગ ઘણું કરીને વધુ સમૃદ્ધ અને શિક્ષિતો પૂરતો જ મર્યાદિત હોય છે, અને તેથી સામાન્ય જનતા માટે એનું કોઇ મૂલ્ય નથી. આવી માન્યતામાં રહેલો વિશિષ્ટ વર્ગવાદ (elitism) માત્ર અસાધારણ જ નથી, પણ રાજકીય સીનીસીઝમ અને એમાંથી પેદા થતી નિષ્ક્રિયતા એને પોરસાવે છે. આલોચનાત્મક અવાજ એ વ્યથિતોનો પરંપરાગત ભેરુ છે, અને દલીલોમાં ભાગ લેવો એ કોઇ ખાસ વૈશિષ્ટ્ય ધરાવતો કસબ (કવિતા કે ગાલીચો બનાવવા જેવો) નથી, પણ સામાન્ય મોકો છે.

૨૦૦૪ની વસંતમાં સામાન્ય ચૂંટણીના થોડા જ સમય પહેલાં મેં મારા ગામની બાજુના એક બંગાળી ગામની મુલાકાત લીધેલી, ત્યારે માંડ માંડ ભણેલો હોય એવા ગરીબ ગામડિયાએ મને કહેલું,''અમને ચૂપ કરવા કાંઇ અઘરું નથી, પણ એટલા માટે નહીં કે અમે બોલી નથી શકતા.'' હકીકતમાં, જોકે જે દલીલો રેકોર્ડ થઇને જાળવી રખાયેલી છે, તે ઘણું કરીને સારું ભણેલા અને બળૂકા લોકોની રજૂઆતો જ છે, પણ ભૂતકાળની મોટાભાગની અત્યંત રસપ્રદ દલીલો નબળાં જૂથોના લોકોની જોવા મળે છે. (જેના દાખલા પુસ્તકના પહેલા બે નિબંધમાં આપવામાં આવ્યા છે.)

એક સામાન્ય છાપ એવી છે કે ભારત એટલે ધર્મોની ભૂમિ, અવિવેચનાત્મક શ્રદ્ધાઓ અને સંદેહરહિત વ્યવહારોનો દેશ. અને તેથી ભારતની આ વિવાદની પરંપરાના સ્વરૂપ અને ક્ષમતા ઉપેક્ષિત થતા રહ્યા છે. સંસ્કૃતિના કેટલાક કહેવાતી 'અત્યંત સહાનુભૂતિ' ધરાવનારા નિષ્ણાતો પશ્ચિમની 'છીછરી તર્કબદ્ધતા' અને વૈજ્ઞાનિક અગ્રીમતાથી વિપરીત ભારત અને પૂર્વની શ્રદ્ધા-આધારિત એવી અતાર્કિક સભ્યતાનું સામર્થ્ય બતાવવા માટે ખૂબ ઉત્સુક છે. આ પ્રકારની દલીલો કદાચ સહાનુભૂતિ જન્માવી શકે, પણ ભારતના બૌદ્ધિક વારસાને તે અંતે દબાવી દે છે. આ પુસ્તક પાછળનું તત્કાલ પ્રયોજન ભારતને સામાજિક અને રાજકીય રીતે સમજવાનું છે, પણ સાથે જ દુનિયાની સંસ્કૃતિઓનું જે વર્ગીકરણ થઇ ગયું છે તેમાં આપણા ભૂતકાળ અને વર્તમાનકાળના મહદ્ ભાગ તરફ ધ્યાન આપવામાં આવતું નથી, તે દૃષ્ટિએ પણ આ પુસ્તક પ્રસ્તુત છે.

ભાગ ૧ના ચાર નિબંધો ભારતની વાદ-વિવાદની પરંપરાનાં લક્ષણ, પહોંચ અને પ્રસ્તુતતા દર્શાવે છે. આ ભાગ, ખાસ કરીને પહેલો અને બીજો નિબંધ, અનેકત્વવાદ (pluralism) અને બોલી વિજ્ઞાનની આ પરંપરાનો લોકશાહી, ધર્મનિરપેક્ષતા અને ગણિત-વિજ્ઞાનની ખોજ-મથામણોમાં કેટલી મોટી ટેકારૂપ ભૂમિકા છે તથા વર્ગ, જાતિ, સમુદાયો અને ન્યાત-જાતની આડખીલીઓ વળોટવામાં દ્વન્દ્વાત્મકતાનો સામાજિક ન્યાય મેળવવામાં કેટલો ઉપયોગ કરી શકાય - એ આવરી લે છે. ભાગ-૨ સંસ્કૃતિઓની સમજણમાં અભિવ્યકિતના ફાળાને, ખાસ કરીને રવીન્દ્રનાથ ટાગોર અને સત્યજીત રેનાં સર્જનોમાંથી ઊપસતી ઊંડી સમજના આધારે, ચર્ચે છે. એ ભાગનો છેલ્લો નિબંધ પહેલી સહસ્રાબ્દીનાં હજાર વર્ષોમાં ચીન અને ભારત વચ્ચે રહેલા ગાઢા અને વ્યાપક બૌદ્ધિક સંબંધ (વિજ્ઞાન, ગણિત, ઇજનેરી, સાહિત્ય, સંગીત અને જાહેર આરોગ્ય અને વહીવટને આવરી લેતા) ને ચર્ચે છે. ત્રીજો ભાગ અભાવો (ગરીબી, વર્ગ અને ન્યાતજાતના વિભાજન)ના રાજકારણને તેમજ ભારત-પાકિસ્તાને વિકસાવેલાં ન્યુકલીયર શસ્ત્રોના પરિણામસ્વરૂપ આ ઉપમહાદ્વિપમાં માનવજાતની સુરક્ષા પર ઊભા થયેલા ખતરાને ચર્ચે છે. છેલ્લા ભાગમાં ભારતીયોની પહેચાનમાં તર્કની ભૂમિકાને વિષયવસ્તુ બનાવવામાં આવ્યું છે. એનો પહેલો નિબંધ તર્કની પહોંચને ચર્ચે છે અને આલોચનાત્મક તર્ક અને વિવેચન તો 'પશ્ચિમી' કે 'યુરોપીયન' પરંપરા છે એવા હંમેશા કરવામાં આવતા દાવાને નકારી કાઢે છે. ઉપરાંત, ધર્મનિરપેક્ષતા પરની ચર્ચાઓની પણ વિવેચનાત્મક સમીક્ષા કરવામાં આવી છે. આજના આપણા તંગદિલીભરેલા વિશ્વમાં તર્કબદ્ધ મૂલ્યાંકનનો ફાળો કેટલો અગત્યનો છે, તેની પણ છણાવટ કરી છે. •

# રાજ્યને ધર્મ સાથે નિસ્બત કેટલી ?

**- અશ્વિન ન. કારીયા**

આઝાદી પશ્ચાત્ રાજકીય ઘટનાઓનું સર્વેક્ષણ કરીએ, તો એમ જણાય છે કે આપણા શાસનને કોઈ ગ્રહણ વળગ્યું છે. આપણા બંધારણના આમુખમાં જે આદર્શોનું નિરૂપણ છે, તેમાં સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતા બાબતે ઘણો ગુંચવાડો આજે પણ પ્રવર્તે છે. તેનું કારણ એ છે કે ગાંધીજીએ શરૂઆતથી જ બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને સર્વધર્મસમભાવના ખ્યાલ સાથે ભેળસેળ કર્યો. ગાંધીજીની અસર હેઠળ નહેરુએ તેનું આડકતરું સમર્થન કર્યું અને સાથે વૈજ્ઞાનિક અભિગમની તરફેણ પણ કરી. મુસ્લિમોની મત-બેંક જાળવી રાખવા આપણા રાજકીય પક્ષોએ બિનસાંપ્રદાયિકતાના સાચા ખ્યાલને વિકસવા જ દીધો નહીં.

દેશના વિવિધ ભાગોમાં વારેવારે થતાં કોમી રમખાણો અને તેમાં યે ગુજરાત ૨૦૦૨ના બનાવોએ 'બિનસાંપ્રદાયિકતા'નું એવું પોસ્ટમોર્ટમ કરી નાખ્યું છે કે તેના સાચા અર્થને શોધવા દૂરબીનનો સહારો લેવો પડે. આવામાં રણની કાળઝાળ ગરમીમાં અચાનક જ ઠંડીનો અહેસાસ કરાવે તેવો એક ચુકાદો અમેરિકાની પેનસિલ્વાનિયાની ફેડરલ કોર્ટે જાહેર કર્યો છે. બિનસાંપ્રદાયિક રાજ્યને ધર્મ સાથે કેટલી નિસ્બત હોઈ શકે તેને ઉજાગર કરતો અમેરિકન અદાલતનો આ ચુકાદો આપણે સૌએ, અને ખાસ કરીને આપણી અદાલતોએ પણ, ધ્યાનથી વાંચવા જેવો છે. મૂળ વાત એમ છે કે 'ઈન્ટેલિજન્ટ ડિઝાઈન' નામનું બાઈબલની માન્યતાઓનો પ્રચાર કરવા માટેનું એક છેતરામણું અને કહેવાતું વૈજ્ઞાનિક આંદોલન અમેરિકામાં ચાલી રહ્યું છે. તેની માન્યતા મુજબ પૃથ્વી પર જીવોની ઉત્પત્તિની વ્યાખ્યા કરવા માટે ડાર્વિનનો સિદ્ધાંત સમર્થ નથી. આ આંદોલનકર્તાઓનું કહેવું છે કે માનવજીવન એટલું જટિલ છે કે તેનું સર્જન કોઈ 'અત્યંત મેધાવી શક્તિ' દ્વારા જ થઈ શકે. પેનસિલ્વાનિયાના શિક્ષણ બોર્ડ અભ્યાસક્રમમાંથી ઉત્ક્રાંતિવાદનું પ્રકરણ રદ કરી તેની જગ્યાએ 'ઈન્ટેલિજન્ટ ડિઝાઈન' પ્રકરણ દાખલ કરવાના લીધેલ નિર્ણયને કેટલાક વાલીઓએ અદાલતમાં પડકારતાં, અદાલતે ડાર્વિનની તરફેણમાં ચુકાદો જાહેર કરી 'ઈન્ટેલિજન્ટ ડિઝાઈન' પ્રકરણ દાખલ કરવાના નિર્ણયને રદબાતલ જાહેર કરેલ છે. ન્યાયાધીશ જહોન ઈ. જોન્સ ત્રીજાએ પોતાના ચુકાદામાં જણાવ્યું કે 'ઈન્ટેલિજન્ટ ડિઝાઈન'નો ખ્યાલ જીવવિજ્ઞાનના વર્ગોમાં ભણાવવાની વ્યવસ્થા પાછળ પૃથ્વી પર જીવોની ઉત્પત્તિ સંબંધી ખ્રિસ્તી ધાર્મિક માન્યતાઓનો પ્રચાર કરવાનો જ ઈરાદો છે. તેમણે કહ્યું કે કોઈપણ ધર્મની માન્યતાઓને પુસ્તકમાં સમાવવી એ અમેરિકન બંધારણનો ભંગ છે. તેમણે ઉમેર્યું કે શકય છે કે ડાર્વિનના સિદ્ધાંતમાં કોઈ ખામી હોય. પરંતુ તેનો અર્થ એવો નથી કે એની જગ્યાએ વૈજ્ઞાનિક ચકાસણી કર્યા વગર કોઈ ધાર્મિક અને અવૈજ્ઞાનિક વિચારસરણીને તેની જગ્યાએ સ્થાન આપવામાં આવે.

આપણા ન્યાયતંત્રે પણ બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને સ્પષ્ટ કરતા કેટલાક ચુકાદાઓ જાહેર કર્યા છે. પરંતુ આ અમેરિકન ચુકાદાનું વર્તમાન માહોલના સંદર્ભમાં મૂલ્યાંકન કરવા જેવું છે. આ ચુકાદામાં એમ જે કહેવાયું છે કે વૈજ્ઞાનિક ચકાસણી કર્યા વગર કોઈ ધાર્મિક અને અવૈજ્ઞાનિક વિચારસરણીને સ્થાન આપવું જોઈએ નહીં, તે બરાબર યાદ રાખવા જેવું છે. ૨૦૦૧ની કચ્છ ભૂકંપ ઘટના પછીની પ્રથમ સંવત્સરીએ શાળાનાં બાળકો પાસે ભૂમિ-વંદનાનો ફરજિયાત કાર્યક્રમ રખાયો હતો. નાનું છોકરું પણ જાણે છે કે ધરતીકંપ કયા વૈજ્ઞાનિક કારણોથી થાય છે. ધરતી નામની કોઈ માતા નથી. પૃથ્વી પણ એક ગ્રહ છે. ધરતી-વંદનાનો કાર્યક્રમ ન યોજનાર શાળાને ગ્રાંટકાપની ચિમકી પણ અપાઈ હતી. વૈજ્ઞાનિક અભિગમ પ્રસાર જેની ફરજ છે તે સરકાર પણ જ્યારે આવી અવૈજ્ઞાનિક બાબતનું પાલન કુમળા માનસવાળાં બાળકો પાસે ફરજિયાત કરાવે ત્યારે રાવ કોની પાસે કરવી ?

અંગ્રેજીમાં જેને Secularism કહેવાય છે તેનો અર્થ છે દુન્યવી અથવા લૌકિક બાબતો. ૧૩મી સદી પૂર્વે રાજ્ય જ્યારે મુખ્યત્વે ધર્મ (ખ્રિસ્તી

ધર્મ)થી શાસિત હતું ત્યારે પ્રજાજનોએ પણ ફરજિયાતપણે ખ્રિસ્તી ધર્મ જ પાળવો પડતો હતો. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મ-સ્વાતંત્ર્યનું નામોનિશાન હતું નહીં. ધીમે ધીમે વિરોધી સૂર ઊઠયો કે રાજ્ય અને ધર્મ વચ્ચે વિભાજન હોવું જોઈએ. ધર્મને રાજયની બાબતોમાં દરમ્યાનગીરી કરવાની સત્તા હોવી જોઈએ નહીં, તેમ જ રાજ્યને ધર્મ સાથે કાંઈ નિસ્બત હોવી જોઈએ નહીં. ધર્મ દરેક વ્યક્તિની અંગત બાબત ગણાવી જોઈએ. આ નવજાગૃતિકાળ (રેનેસાં)થી એ સ્થાપિત થયું કે રાજ્યને કોઈ ધાર્મિક બાબતો સાથે નહીં, પરંતુ લૌકિક - દુન્યવી બાબતો સાથે જ દિલચસ્પી હોવી જોઈએ. એટલે કે આ જગતમાં દેખાતી-જણાતી, અનુભવાતી કે સમસ્યારૂપ બનેલી બાબતોનો ઉકેલ જ રાજ્યની ચિંતા બની રહેવી જોઈએ. ધર્મ, ધાર્મિક બાબતો કે તેનો પ્રચાર રાજ્યના દાયરામાં આવે નહીં. રસ્તાઓ, શાળાઓ, પુલો, રેલવે, રેનબસેરા, દવાખાનાં, પેન્શન, આરોગ્ય, શિક્ષણ, નબળા વર્ગોને સહાય અને તેમની માવજત, સરહદોનું રક્ષણ, પર્યાવરણ તથા જંગલોની જાળવણી, પાણી પુરવઠો, વગેરે કામો જ રાજ્યે કરવાનાં હોય છે. ધર્મ, કર્મકાંડ, આત્મા, પરમાત્મા, મોક્ષ, નિર્વાણ આ બધું રાજ્યની ચિંતાની બાબત નથી, અને હોવી પણ ન જોઈએ. તે દરેક વ્યક્તિની અંગત માન્યતાનો સવાલ છે. રાજ્ય તેને ટેકો આપી શકે નહીં, તેને મદદ કરી શકે નહીં, તેનું સમર્થન કરી શકે નહીં. ધર્મસ્વાતંત્ર્યનો ખ્યાલ બંધારણ અનુચ્છેદ ૨૫માં આમેજ કરાયો છે અને તેથી નીતિમત્તા, આરોગ્યને ખ્યાલમાં રાખીને દરેક વ્યક્તિને આ બાબતમાં પોતાની જાતિ નક્કી કરવાની છૂટ છે.

આ પરિપ્રેક્ષ્યમાં નિહાળીએ તો હજ કે માનસરોવર યાત્રા માટે અપાતી સબસિડીને બંધારણનું સમર્થન નથી. તે જ રીતે, કોઈ પણ સરકારી કાર્યક્રમમાં ભૂમિપૂજન, આરતી, નાળિયેર-અર્પણ, ધૂન, ભજન, કથા વગેરે બંધારણ અને વૈજ્ઞાનિક અભિગમ પ્રસારની વિરુદ્ધ છે. ૨૦૦૬નું વર્ષ રાજ્ય સરકારે પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરેલ છે. પ્રવાસીઓને આકર્ષવા માટે સરકાર વિવિધ મહોત્સવોનું આયોજન કરે તો તે આવકાર્ય છે. પરંતુ હાલમાં જ જાહેર કરાયેલા આ મહોત્સવો પૈકી પતંગોત્સવ, જન્માષ્ટમી, નવરાત્રી, ભાદરવી પૂર્ણિમા વગેરે જોઈએ તો ૪૦ ટકા જેટલા ઉત્સવો ધાર્મિક છે. રાજ્યની ફરજમાં આ આવતું નથી. પ્રજાના કરવેરાના પૈસામાંથી આવા ઉત્સવો પાછળ ખર્ચનો ધુમાડો ગેરબંધારણીય ગણાય. શિક્ષણ રાજ્યની પ્રથમ અને આરોગ્ય રાજ્યની દ્વિતીય ફરજ છે. રાજ્યનાં કેટલાંક ગામોમાં સ્ત્રીશિક્ષણ શૂન્ય છે. તેમ જ શિક્ષણની બાબતમાં આપણા રાજ્યનો ક્રમ ૨૧મો આવે છે. સારવારના અભાવ અને કુપોષણના કારણે રાજ્યમાં પ્રસૂતા સ્ત્રીઓ અને ૧થી ૫ વર્ષ વચ્ચેનાં બાળકોમાં મૃત્યુઆંક ઘણો ઊંચો છે. આવા ધાર્મિક ઉત્સવો પાછળ જંગી રકમ ખર્ચવાને બદલે બાળ - શિક્ષણ અને આરોગ્ય પાછળ ધ્યાન અપાય તે રાજ્ય માટે બંધારણીય ફરજ બની રહેવી જોઈએ. પ્રાથમિક શાળાના તૂટેલા ઓરડાઓ, ભંગાર બેંચો, શિક્ષણથી વંચિત રહેતાં બાળકો અને કુપોષણથી પીડાતી પ્રસૂતાઓના આરોગ્ય તરફ લક્ષ્ય આપવાની બાબતને રાજ્યે પ્રાથમિક અગ્રતા આપવાની જરૂર હોય એમ નથી લાગતું ? •

*(લેખક પાલનપુરની લૉ કૉલેજના આચાર્ય છે.)*

## નાસ્તિક - આસ્તિક વચ્ચે વાસ્તવિક સેતુ આવકાર્ય

**-ગૌતમ ઠાકર**

આ અગાઉ પારાયણ, કથા કે ધાર્મિક પ્રવચન જાહેર શૌચાલયના હેતુ અર્થે થયું હોય તેવું જાણમાં નથી. રામાયણી કથાકાર પૂ. મોરારિબાપુની કથા જાહેર શૌચાલય બનાવવાના વિચાર સાથે બારડોલી ખાતે નવેમ્બર ૨૦૦૫ ના આખરી દિવસોમાં યોજાઈ ગઈ. કથા દ્વારા વંચિતો-ગરીબો માટે જાહેર શૌચાલય બાંધવાનો વિચાર અને તેનો અમલ તથા પ્રતિબદ્ધતા વ્યકત થાય તે સારું નથી શું?

એક અંદાજે ભારત દેશમાં આશરે ૩૫ થી ૪૦ કરોડ પ્રજાજનો વ્યવસ્થા કે સગવડના અભાવે ખુલ્લી જગ્યામાં એટલે કે જાહેરમાં કુદરતી હાજતે જાય છે. આ આંકડામાં બહેનોનો અડધો હિસ્સો ખરો, જેઓ રાત્રી દરમ્યાન જ જાહેરમાં કુદરતી હાજતે જાય છે. બહેનોની શારીરિક સ્વસ્થતા, સુસજ્જતા આ કારણે જોખમાય છે. આ વાસ્તવિક પરિસ્થિતિ છે.

બારડોલીમાં રહેતા ૮૪ વર્ષના સાચા અને સંનિષ્ઠ રેશનાલિસ્ટ એવા પ્રા. રમણભાઈ પાઠકે એક લેખ ''મંદિર નહીં, સંડાસ બાંધો'' લખ્યો હતો. આ લેખ વાંચી પૂ. મોરારિબાપુએ સાનુકૂળ પ્રતિભાવ સાથે સમર્થન પણ આપ્યું. બારડોલીમાં આ વિચારના મુખ્ય હેતુ-આધાર લઈ કથાનું

આયોજન થયું. હજારો ભાઇ-બહેનોએ ભાગ લઇ 'મંદિરો નહીં, સંડાસો બાંધો' એવા જાહેર શૌચાલયના ક્રાંતિકારી વિચારને સક્રિય સાથ-સહકાર અને સમર્થન આપ્યું. નાનામાં નાના માણસથી માંડીને સહકારી ખાંડની ફેકટરીના આગેવાનો તથા દાતાઓએ આશરે દોઢ કરોડ જેટલો ફાળો એકઠો કર્યો.

પૂ. મોરારિબાપુએ રામાયણની કથા ખૂબ ગૌણ બનાવી. કથા દરમ્યાન ટીવી પર થોડાક અંશો સાંભળતાં લાગ્યું કે મહાત્મા ગાંધીજીની છેવાડાના માણસની વાત તેમને સ્પર્શી છે. ગરીબો, વંચિતો માટે કાંઇક કરી છૂટવાની ઇચ્છા, તત્પરતા સ્પષ્ટ જણાઇ-દેખાઇ આવી. પ્રવચન દરમ્યાન તેમણે અંધશ્રદ્ધા અને પાખંડીઓની પણ આલોચના કરી. તેઓ ક્રિયાકર્મ, શ્રાદ્ધ, પીંડદાન, તર્પણની વાતમાં જરા પણ માનતા નથી તેવું સ્પષ્ટતાપૂર્વક કહ્યું. કર્મકાંડના સખત વિરોધી એવા પૂ. મોરારિબાપુ ઉપવાસ કરતા નથી. રામનવમીનો પણ નહીં. ફક્ત હિન્દુ-મુસ્લિમની એકતા માટે કોઇક વખત રોઝો કરે છે. એમણે એવું પણ કહ્યું કે વિજ્ઞાનીઓ અને સરકારે ભેગા થઇ શીતળા માતાજીને વિદાય આપી છે. તેમણે હાજર વિશાળ સમુદાય તથા ટીવી માધ્યમ દ્વારા અંધશ્રદ્ધા દૂર કરવા માટે વિવિધ ઉદાહરણો આપી પ્રેરણા પૂરી પાડી. માનવહિતાર્થે નરવો સમાજ રચવા સમાજસુધારની વાતને ટેકો આપવાની પણ વાત કરી.

અત્યારે સમાજની દશા ખરાબ છે ત્યારે શુભ - સારાં તત્ત્વોનું રાજ્ય સ્થપાય તે જ રામરાજ્ય કહેવાય. ભારતીય સમાજે જેને વર્ષોથી દબાયેલા અને વંચિત રાખી કચડયા છે તેનો વિચાર કરવાની આવશ્યકતા પર તેમણે કથા દરમ્યાન વારંવાર ભાર મૂકયો.

પૂ. મોરારિબાપુ તલગાજરડા હોય છે ત્યારે વારા ફરતી હરિજન, ભંગી, મુસ્લિમ, દેવીપૂજક વગેરેને ત્યાં ભોજન લેવાનું ચૂકતા નથી. અચુક આ સમુદાયને ત્યાં જઇ આમ કરવું તે એમનો તલગાજરડા ખાતેનો નિત્યક્રમ છે. આ અંગે ભકતો કે સમાજ શું કહેશે તેની તેઓ જરાય ચિંતા કરતા નથી.

ગુજરાતમાં ૨૦૦૨માં કોમી રમખાણો પછી પૂ. મોરારિબાપુએ હિન્દુ-મુસ્લિમ ભાઇચારા અને એકતા માટે પણ સઘન પ્રયત્નો કર્યા. અમદાવાદ ખાતે પદયાત્રા અને જુહાપુરામાં કરેલું સદ્ભાવના સંમેલન મુખ્ય પ્રયાસો હતા.

વી.એમ. તારકુંડેએ ''ધ રેડિકલ હ્યુમેનિસ્ટ'' માસિકના એપ્રિલ ૧૯૮૬ના તંત્રીલેખમાં ''માનવવાદ : ધર્મનિષ્ઠ અને ધર્મ-નિરપેક્ષ'' લખતાં કહ્યું હતું કે ભારતીય સમાજના આમૂલાગ્ર પરિવર્તન અને સંપૂર્ણ ક્રાંતિનું ધ્યેય ચરિતાર્થ કરવા સારુ સહકારનાં ક્ષેત્રો વિસ્તૃત થાય તો શું ખોટું ? ધર્મનિષ્ઠ માનવવાદીઓ અને ધર્મનિરપેક્ષ માનવવાદીઓ વચ્ચે સહકાર સધાય, એમાં બુદ્ધિ-પ્રામાણ્યવાદ અવરોધરૂપ બને, એમ ન થવું જોઇએ. ધર્મનિરપેક્ષ અને ધર્મનિષ્ઠ બંને માનવવાદીઓ, હાલ ભારતમાં વિવિધ સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓમાં ખભેખભા મિલાવીને કામ કરી રહ્યા છે. નાગરિક-સ્વાતંત્ર્યો અને લોકશાહી હક્કોનું રક્ષણ અને સંગોપાન આવું એક ક્ષેત્ર છે. ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશ બીજું ક્ષેત્ર છે. ચૂંટણીઓ રાજકીય ભ્રષ્ટાચારની મુખ્ય સ્રોત હોવાથી ચૂંટણી સુધારા માટેની સતત ઝુંબેશ ત્રીજું ક્ષેત્ર છે. આર્થિક અને રાજકીય સત્તાનું આત્યંતિક કેન્દ્રીકરણ આપણી અનેક સમસ્યાઓના મૂળમાં હોવાથી આર્થિક અને રાજકીય બંને ક્ષેત્રોમાં સત્તાનું વિકેન્દ્રીકરણ એ તો આ બંનેની પ્રબળ અને સહિયારી માંગ છે. ધર્મનિરપેક્ષ માનવવાદીઓ અને ધર્મનિષ્ઠ માનવવાદીઓ, બીજા શબ્દોમાં રોયધારામાં માનનારા અને ગાંધીધારામાં માનનારા કેટલીક સામાજિક-રાજકીય પ્રવૃતિઓમાં સાથે સાથે કામ કરે એમાં ખોટું શું છે? (સાભાર 'ધ રેડિકલ હ્યુમેનિસ્ટ માસિકમાંથી')

દેશની આજની પરિસ્થિતિ માટે અમારી દૃષ્ટિએ ભારતની હિન્દુ ધર્મના ટેકાવાળી વર્ણવ્યવસ્થા જવાબદાર છે. આ દેશને જરૂર છે ગામડાંમાં પીવાનું સ્વચ્છ પાણી, શાળાનાં મકાનો, દવાખાનાં, જાહેર સુખાકારી (જાહેર શૌચાલય વગેરે) વાળી વ્યવસ્થાની. તેથી પ્રા. રમણભાઇ પાઠકની વાત - આ દેશમાં મંદિરો કરતાં જાહેર શૌચાલયો વધુ જરૂરી છે-ને પૂ. મોરારિબાપુ જેવી વ્યકિત ટેકો-સહકાર આપતી હોય તે ખરેખર ઘણું આવકાર્ય ગણાય.

આ અભૂતપૂર્વ-ઐતિહાસિક કથા પછી અમારું આહ્‌વાન છે કે પૂ. મોરારિબાપુ તમે ખરેખર તન, મન, ધનથી સાચા અર્થમાં ગરીબો અને વંચિતોના પ્રશ્નોથી - સમસ્યાઓથી પ્રભાવિત થયા હોવ તો આ દેશના બીજા, ૨૧મી સદીના બાપુ (મહાત્મા ગાંધી) બની જાઓ. છેવાડાના માણસનું દુઃખ વધુમાં વધુ સાંભળી અને તેના ઉકેલ માટે આપણે સૌ મથીએ. મો.ક. ગાંધી સૌરાષ્ટ્રના હતા અને જોગાનુજોગ આપ પણ એ જ ભૂમિના છો. •

*(લેખક ઇન્ડિયન રેડિકલ હ્યુમેનિસ્ટ એસોસીએશન, ગુજરાતના મંત્રી છે.)*

# સંશયાત્મા નથી બનવું, પણ વિવેકાત્મા જરૂર બનવું છે

*-કાન્તિ શાહ*

લોમ્બોર્ગના પુસ્તક ‘સંશયાત્મક પર્યાવરણવાદી’નો બહુ સરસ પરિચય ભાઇ અંબરીષ કરાવી રહ્યો છે. પર્યાવરણ-સુરક્ષા એ આપણા સહુની સહિયારી નિસબત છે. એટલે તે વિવાદનો અને એકબીજા સામે દલીલો - પ્રતિ-દલીલો ફંગોળતા રહેવાનો વિષય બનવાને બદલે વાસ્તવિક આકલન, સ્વસ્થ સમજણ તથા સહિયારા સંશોધન-પુરુષાર્થનો વિષય બનવો જોઇએ. તે માટેની ચર્ચામાં આ પુસ્તકનો પરિચય ઉપકારક નીવડશે. આ ચર્ચામાં કેટલાંક નવાં પરિમાણ ઉમેરવાની જરૂર છે. તે તરફ સહુનું ધ્યાન દોરવા આ લખું છું.

અંબરીષે સાચું કહ્યું છે કે વિકાસ અને પર્યાવરણના જતન વચ્ચે કોઇ અનિવાર્ય વિરોધ નથી એટલું સમજાઇ જાય, તો પર્યાવરણને લગતી સમસ્યાઓને આપણે વિકાસના અનિવાર્ય પરિણામ તરીકે જોવાને બદલે ઉકેલી શકાય એવી સમસ્યા તરીકે જોઇ શકીએ.

ચકાસ્યા વિનાની પૂર્વધારણાઓનો આશરો હરગિજ ન લેવાવો જોઇએ. આપણી કેટલીક પાયાની માન્યતાઓને નક્કર હકીકતોના આંચકા અવારનવાર લાગ્યા કરે, એ જરૂરી છે. તો જ સમ્યક્ દૃષ્ટિકોણ અપનાવી શકાશે. આપણી માન્યતાઓ સામે નકકર માહિતીનો પડકાર ફેંકાય, ત્યારે પરિસ્થિતિને વધારે સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળે છે. આપણે સહુએ ઉપલબ્ધ શ્રેષ્ઠ માહિતીનો ઉપયોગ કરી સાથે મળીને વધારે સારા વિકાસ માટેના સહિયારા પુરુષાર્થમાં યોગદાન આપવાનું છે.

છેલ્લાં સો વરસમાં માનવ-કલ્યાણની દિશામાં કેટલીક ચોકકસ પ્રગતિ થઇ છે. મૃત્યુદરમાં ધરખમ ઘટાડો થઇ રહ્યો છે. લોકો માખીની જેમ મરતા બંધ થઇ ગયા છે. જન્મદરના ઘટાડાની યે શરૂઆત થઇ છે. અમર્યાદ વસતી-વધારા ઉપર અંકુશ આવ્યો છે. આ હકીકત નિર્વિવાદ છે. પરંતુ આની સાથોસાથ વધતા જતા શહેરીકરણની પ્રક્રિયા બાબતનું લેખકનું નિરીક્ષણ ફેર-તપાસ માગી લે છે.

શહેરીકરણને કારણે વસતીની ગીચતામાં વધારો નહીં થાય, એમ કહેવું ખોટું છે. શહેરોમાં થોડી જગ્યામાં વધારે માણસો રહેતા થશે, તેને લીધે ગીચતા અવશ્ય વધશે જ. વળી, ‘‘ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો પણ ગામોમાં એમની જે સ્થિતિ હતી તેના કરતાં વધારે સારું જીવન જીવે છે.’’ –એ કથન વાસ્તવિક પરિસ્થિતિથી સાવ વિપરીત છે. તેઓ ત્યાં ગામડાં કરતાં વધારે સારું જીવન જીવે છે? તો ‘સારું જીવન’ કોને કહેવું એ સવાલ છે. થોડીક શહેરી સુવિધાઓ પ્રાપ્ત થતી હોવા છતાં, માણસ ત્યાં નિમ્ન માનવીય સ્તર પર જીવે છે. પાણી, ગટર, આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ, રોજગારીની તકો - આજની વિકાસની ખોટી તરાહ બદલાવી શકીએ, તો આ બધું જ સહુ કોઇને ગામડાંમાં જ ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે. સવાલ માત્ર વ્યવસ્થાપનનો છે. લોકોને પોતાની જન્મભૂમિમાંથી મૂળસોતાં ઊખેડી નાખવા, એ કાંઇ વિકાસ નથી. ગામડાંમાં જ એમનાં મૂળિયાં મજબૂત કરવાં તથા વિજ્ઞાનની અને સુસંવાદી વ્યવસ્થાપનની મદદથી એમને પોતાનાં ગામડાંમાં જ બધી સુખ-સુવિધાઓ તેમજ પ્રગતિની તકો ઉપલબ્ધ કરાવી આપવી, એ જ સ્વસ્થ, સમતોલ માનવીય વિકાસ છે. આજનો વિકાસ તો ગામડાંનું શોષણ કરતો અને ગામડાંને પાયમાલ કરતો વિકાસ છે.

આજે પહેલાં કરતાં ઘણા ઓછા લોકો ભૂખમરાથી પીડાઇ રહ્યા છે, એમની ટકાવારી ઓછી થઇ છે. કુપોષણથી પીડાતાં બાળકોનું પ્રમાણ ૪૦ ટકાથી ઘટીને ૩૦ ટકા થયું છે. ગરીબી-રેખાથી નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. – અને છતાં લેખક સાચું જ કહે છે કે હજી ઘણું વધારે કરવાનું બાકી છે. હજી યે દુનિયામાં ૭૯ કરોડ લોકો ભૂખમરો વેઠે છે! એવી જ રીતે વૈશ્વિક સ્તરે અસમાનતાનું પ્રમાણ ૨થી વધીને ૭ જેટલું થઇ ગયેલું, તે છેલ્લાં ૫૦ વરસમાં ઘટીને હજી યે ૬નું તો છે જ.

—આ બધું વિકાસની તરાહ અને વિકાસના અગ્રતાક્રમ વિશે ધરમૂળથી પુનઃવિચાર કરવા પ્રેરે તેવું છે. ‘‘૧૦૦ વરસમાં ધરખમ સુધારા થયા છે’’ -એવી છીછરી આત્મતુષ્ટિમાં રાચવાને બદલે આ વિકાસનાં ફળ છેવાડેના માણસ સુધી કેમ ન પહોંચ્યાં? જેમનો સૌથી પહેલો વિકાસ થવો જોઇતો હતો એવા સમાજના દલિતો, વંચિતોનો પહેલો વિકાસ કેમ ન થયો? આજે ય હજી આટલા બધા વંચિતો કેમ છે અને સમાજમાં આટલી બધી

વિષમતા કેમ કાયમ છે? – આ બધું ગંભીરતાથી વિચારવાની જરૂર છે. ક્યાંક કંઈક ભૂલ છે. વિકાસની દિશા ખોટી છે, તરાહ ખોટી છે, માપદંડો ખોટા છે, અગ્રતાક્રમો ખોટા છે. ગરીબી ને ભૂખમરો નાબૂદ કરવા માટે 'પરકોલેશન થિયરી' અને 'ટ્રીકલ ડાઉન થિયરી' સાવ ખોટી સાબિત થઈ છે. એટલે ધરમૂળથી પુનર્વિચાર કરવાની જરૂર છે.

આ પુનર્વિચારમાં પાયાની વસ્તુ સમ્યક્ અભિગમની છે. ગાંધીનું 'સૌ પ્રથમ અંત્યોદય'નું તાવીજ આપણી સામે છે. વિનોબા કહે છે કે, કોઈ પણ વિકાસનું સર્વ પ્રથમ ધ્યેય 'દરેક પેટને અન્ન, દરેક હાથને કામ.' કાર્લ પોપર પણ આ જ વાત પોતાની રીતે ઘૂંટે છે : ''જે સમાજમાં દારુણ ગરીબી અને અત્યંત ધનાઢયતા એક સાથે અસ્તિત્વ ધરાવતાં હોય, એ સ્થિતિ જ મારે મન અન્યાયી ને અસહ્ય છે. આ ચલાવી ન લેવાય એવું સામાજિક દૂષણ છે.'' જયપ્રકાશજીએ આને Economics of operation rescue - ડૂબતાને બચાવવાનું અર્થશાસ્ત્ર કહેલું. માણસ ડૂબતો હોય, તેને તત્કાળ બચાવી લેવાનો હોય, તેના ઉદ્ધારમાં ઉધારી ન ચાલે.

માટે વિકાસ થયો છે કે નહીં, ગરીબી-રેખાની ટકાવારી કેટલી ઓછીવત્તી થઈ છે, અસમાનતાનું પ્રમાણ સાતનું થયું કે છનું થયું, એવા બધા વાદવિવાદમાં અટવાઈ જવાને બદલે આવા માનવીય અભિગમ સાથે વિચારવા લાગીશું, તો સાચો માર્ગ સહેજે સૂઝશે. સમાજમાં દરેકે દરેક માણસને કમ સે કમ રોટી-કપડાં-મકાન-સ્વાસ્થ્ય-શિક્ષણ મળી રહે અને તે પણ તત્કાળ મળી રહે, એ જ વિકાસની સાચી તરાહ. દુનિયામાં આજે અઢળક સાધન-સંપત્તિ અને જ્ઞાન-વિજ્ઞાન- ટેકનોલોજી વગેરે ઉપલબ્ધ હોવા છતાં હજી કરોડો માણસો જીવનની સાવ પ્રાથમિક જરૂરિયાતોથી યે વંચિત રહેતા હોય, તો એવા વિકાસ વિશે ધરમૂળથી પુનર્વિચાર થવો જ જોઈએ. આપણી 'ખોજ'માં આ માનવીય પરિમાણ કેન્દ્રસ્થાને રહે. તેના વિનાની બીજી બધી ચર્ચા ફીફાં ખાંડવા જેવી થશે. જેમ સમાનતા સાધવા જતાં સ્વતંત્રતાનો ભોગ લેવાયો, તેમ હવે સ્વતંત્રતા સાચવવા જતાં સમાનતાનો ભોગ હરગિજ લેવાવો જોઈએ નહીં. રશિયાની કસુવાવડ કાંઈ તંદુરસ્ત નરવા ગર્ભાધાન માટે નિષેધ રૂપ બની શકે નહીં. આપણે સ્વતંત્રતા ને સમાનતા, બેઉ બંધુતાના માર્ગે સાધવી છે. બંધુતાનું રસાયણ એવું છે, જે સ્વતંત્રતા ને સમાનતાનો સમન્વય કરાવશે. આવી જ રીતે ઊર્જા અંગેની ચર્ચામાંયે કેટલાંક નવાં પરિમાણો ઉમેરાવાં જોઈએ. મૂળમાં પ્રકૃતિ પ્રત્યે સ્વસ્થ, શાણો અભિગમ કેળવાવો જોઈએ. પ્રકૃતિને નાથવાની ન હોય, પ્રકૃતિનો ધણિયામો બનવાનું ન હોય, પ્રાકૃતિક સંસાધનોની લૂંટ ચલાવવાની ન હોય. માણસ પોતે પણ આ વિશાળ બ્રહ્માંડનું એક અંગ છે, એવી વિનમ્રતા સાથે પોતાના ભૌતિક-સાંસ્કૃતિક વિકાસ માટે પ્રકૃતિનાં સંસાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ-વપરાશ કરવાનો હોય. આજ સુધી પ્રકૃતિ પ્રત્યે માણસે જે નાદાન વર્તન દાખવ્યું છે, અકરાંતિયા વૃત્તિ દાખવીને પ્રાકૃતિક સાધનોનો જે વેડફાટ કર્યો છે, તેને વાજબી ઠેરવવાને બદલે પ્રકૃતિ સાથેના માણસના સંબંધ વિશેનો આપણો અભિગમ મૂળમાંથી બદલવાની જરૂર છે.

ઘણી વાર સવાલ પૂરતા જથ્થાનો નહીં, યોગ્ય વ્યવસ્થાપનનો હોય છે, એ સાચું છે. તેમની બહુ ગવાયેલી કટોકટી માનવસર્જિત હતી, એ નિરીક્ષણ પણ સાચું છે. ક્યારેક આધાર વિનાની ચિંતાઓ અને બિહામણાં ચિત્રો રજૂ થઈ જતાં હોય છે, એ વાતમાં યે તથ્ય છે. કેટલીક વાર વેરીએબલ્સનો પૂરતો ખ્યાલ ન રાખવાને કારણે આગાહીઓ ખોટી પડતી હોય છે. પરંતુ 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો' - ની બૂમરાણ જેમ એક બાજુ ખોટી છે, તેમ બીજી બાજુ, ખરેખર વાઘ આવે પણ છે અને આપણો ખાતમો કરી જાય છે, એ હકીકતનો ઇનકાર કરીને ગફલતમાં રહેવાનું યે એટલું જ ખોટું છે. અમુક અંદાજ ખોટો છે અને અમુક વસ્તુનો ભંડાર આટલાં જ નહીં, આટલાં વધારે વરસ ચાલશે - એમ કહેવું એ આખરે 'લિમિટ્સ'નો સ્વીકાર જ છે.

ખરું જોતાં, 'લિમિટ્સ'ની વાતનો મર્મ પકડી લેવાની, ભાવ પકડી લેવાની જરૂર છે. દરેક વસ્તુનો એક થ્રેશહોલ્ડ રહેવાનો, એ વાત સ્વીકારવાની જરૂર છે. આપણી આજની રોકડી માટે ભવિષ્યના માથે ઉધાર તો નાખી જતા નથી ને, એ જોવાની જરૂર છે. 'પિયે જા, ઔર પિયે જા' ની બુદ્ધિહીન મનોદશામાંથી નીકળી જવાની જરૂર છે. માત્ર આર્થિક ને ભૌતિક દૃષ્ટિએ જ વિચાર્યે રાખવાને બદલે સર્વાંગી માનવ-વિકાસની દૃષ્ટિએ વિચારતા થવાની જરૂર છે. ભંડારો ગમે તેટલા હોય, માણસે કેટલું વાપરવું અને કેટલું તેના હિતમાં છે, તે વિવેકપૂર્વક વિચારવાનું છે. માત્ર ભૌતિક-આર્થિક પાછળની આંધળી દોટ પ્રબુદ્ધ માણસને કેટલી શોભે એવી છે, તે પણ વિચારવાનું છે.

માટે પુરવઠાની ઉપલબ્ધતાની સાથોસાથ માંગનું પણ વિવેકપૂર્વક વિશ્લેષણ થાય તે જરૂરી છે. માણસને ખરેખર શું જોઈએ છે? 'હેવમોર' એટલે કે વધુ ને વધુ ચીજવસ્તુ કે વધુ ને વધુ સુખ-શાંતિ? 'હેવમોર' પાછળ દોડવાથી આખરે 'ડિમિનિશિંગ રિટર્ન'ના અવશ્યંભાવી સિદ્ધાતના શિકાર નથી બની જવાતું? આ બધું શાંતિથી ને સ્વસ્થતાથી વિચારવાની જરૂર છે. ટૂંકમાં, માણસની needsની કોઈ મર્યાદા હોવી જોઈએ કે નહીં, તે સવાલ છે. સવાલ માત્ર સાધનો લિમિટેડ છે કે નહીં, તેનો નથી. મૂળમાં સવાલ એ છે કે માણસની needs અન-લિમિટેડ છે કે નહીં, હોવી જોઈએ કે નહીં, તેમાં વિવેકની જરૂર છે કે નહીં. આ

સંદર્ભમાં ગાંધીએ needs ને greed વચ્ચેનો વિવેક કરવાનું કહેલું અને કહી દીધેલું કે There is enough for everyone's need, but not enough for anybody's greed. ઉત્ક્રાંતિના ક્રમમાં ચિત્તશક્તિના આજના સ્તરે પહોંચેલો માનવી need અને greed, ખરી માંગ અને કૃત્રિમ માંગ, નિમ્ન માંગ ને ઊર્ધ્વ માંગ, ભૌતિક માંગ અને સાયકો-સ્પિરિચ્યુઅલ માંગ આવો બધો વિવેક કરવાનું નહીં વિચારે? તેને માટેની સજ્જતા નહીં કેળવે?

એ ન ભૂલીએ કે 'લિમિટલેસ'ની દલીલ આજના સમાજના ઉપલા વર્ગને, એટલે કે 'ફાવી ગયેલા' વર્ગને 'ભાવતું'તું ને વૈદે કીધું' જેવી મીઠી લાગે છે. અને એમ કરીને તે 'વંચિત રહી ગયેલા'ને પણ 'ગધેડું ને ગાજર'ની લાલચ બતાવીને પોતાની ઉંદરદોડમાં સામેલ કરી લે છે. આ જ વિકાસની તરાહ બરાબર છે, તેની પાછળ જ બધું હોમી દો, એવી હવા આને લીધે તે ઊભી કરી શકે છે. સમાજના બીજા બધા સળગતા પ્રશ્નો બાજુએ રહી જાય છે, સમાજના એજન્ડા ઉપર આવતા જ નથી. જેમ વધતું જાય તેમ વહેંચાતું પણ જવું જોઇએ - એ વાત પણ બાજુએ હડસેલાઇ જાય છે. તેમાં 'પરકોલેશન થિયરી' અને 'ટ્રીકલ ડાઉન થિયરી'ને આગળ કરીને તત્કાળ ન્યાયી ને સમાન વહેંચણીની વાતને જ રુખસદ આપી દેવાય છે. 'લિમિટલેસ'ની વાતનો આવો ઘોર દુરુપયોગ પણ કરાય છે, તે બાબત શાણા ને સ્વસ્થ મુક્ત સમાજની હિમાયત કરનારાઓએ બેખબર ન રહેવું જોઈએ.

જીવનમાં કશું અમર્યાદ હોઈ જ શકે નહીં. માણસને કુદરતે વિવેકબુદ્ધિ આપી છે, તે વિવેકબુદ્ધિથી માણસ આ મર્યાદા નક્કી કરશે. ભૂખમરો વેઠવો અને સ્વેચ્છાએ શરીર-સ્વાસ્થ્યની દૃષ્ટિએ મિતાહાર કરવો કે ઉપવાસ કરવો, એ બે વચ્ચે ફરક છે. ભૂખે નથી મરી જવું, પોષણક્ષમ આહાર લેવો છે, પરંતુ સાથોસાથ અતિ ખાઈને અપચો-અજીર્ણ-આફરો વહોરી લઈને નરક પણ નથી નોતરવું. અકરાંતિયાપણા ઉપર માણસની વિવેકબુદ્ધિ અવશ્ય લગામ રાખશે.

લેખકે આજના ઊર્જા-વપરાશને મજૂરોની સંખ્યામાં રૂપાંતરિત કરીને કહ્યું છે કે ભારત ૧૫ મજૂરો જેટલી, પશ્ચિમ યુરોપ ૧૫૦ મજૂરો જેટલી અને અમેરિકા ૩૦૦ મજૂરો જેટલી ઊર્જા વાપરે છે. અને પછી કહ્યું છેઃ ''આ ઊર્જાના સ્થાને ફરીથી માનવશ્રમ પર જ આધાર રાખવાનું થાય, તો કેવી સ્થિતિ પેદા થાય એનો અંદાજ આવી શકે છે.'' હવે, આની સામે એવો યે અંદાજ કાઢવા જેવો છે કે દુનિયા આખી અમેરિકાની જેમ ૩૦૦ મજૂરો જેટલી ઊર્જા વાપરવા લાગે તો કેવી સ્થિતિ પેદા થાય ? જ્યાં માનવી-સંખ્યા વિપુલ પ્રમાણમાં છે તથા મૂડીનો અભાવ છે, ત્યાં આને લીધે કેટલા બેકારો ભૂખે મરતા થઈ જશે? કેટલો માનવશ્રમ વાપરવો અને કેટલી ઊર્જા વાપરવી તે જે તે સ્થળ-સમયના સંદર્ભમાં વિવેકપૂર્વક આયોજન કરવાની વાત છે. અત્યારનું અમેરિકાનું મોડેલ તેમાં બધે કામ ન લાગે.

વળી, ગાંધીજી ગોળમેજી પરિષદ વખતે લંડન ગયેલા ત્યારે ત્યાંના મજૂરોએ એમને પૂછેલું કે ''અત્યારે તો ઠીક, તમે આઝાદ નથી થયા એટલે સાદાઈની વગેરે વાતો કરો છો, પણ એક વાર આઝાદ થઈ જશો પછી તો અમારા જેવું જ જીવનધોરણ તમારે ત્યાં પણ લાવવાના પ્રયાસ કરશો ને?'' ત્યારે ગાંધીજીએ કહ્યું : ''આજનું તમારું આ જીવનધોરણ મેળવવા ને સાચવવા તમે અત્યારે અડધી પૃથ્વીની સાધન-સંપત્તિ ઓહિયાં કરી જાઓ છો. મારો દેશ તમારા કરતાં બાર ગણો મોટો છે. એટલે તમારા જેટલા જીવનધોરણ માટે મારા દેશને ૬ પૃથ્વી જોઈએ. તે હું કયાંથી લાવું ?'' આ જ સવાલ એવો ને એવો આજે પણ પ્રસ્તુત છે.

માટે આપણી ચર્ચામાં આ બધાં પરિમાણો ઉમેરાવાં જોઈએ. માત્ર આર્થિક ને ભૌતિક દૃષ્ટિએ જ નહીં, માણસના સર્વાંગીણ વિકાસની દૃષ્ટિએ વિચારવું જોઈશે. અને તેમ કરીશું તો નૈતિક, સાંસ્કૃતિક, માનવીય દૃષ્ટિકોણ સ્વાભાવિક જ આવશે. અને ત્યારે જ આજના સંકીર્ણ અર્થશાસ્ત્રના અનેક અનર્થો નિવારી શકાશે.

આપણે સંશયાત્મા નથી બનવું. ગીતા પણ કહે છે - *'સંશયાત્મા વિનશ્યતિ'.* પણ તેની સાથે જ ઘેટાંની જેમ ગતાનુગતિક પણ નથી બનવું. જ્યાં મૂળભૂત રીતે સ્વસ્થ, નરવા, નૂતન અભિગમની વાત હોય, ત્યાં આજે સંકીર્ણ અર્થશાસ્ત્રના નામે રૂઢ થઈ બેઠેલી થિયરીઓ, અભિગમો ને દૃષ્ટિકોણોને અવશ્ય પડકારવાં જોઈએ. ત્યારે 'No sir' કહીને ઊભા થઈ જવું અનિવાર્ય થઈ પડે છે. આપણી વિવેકબુદ્ધિને કયારેય ઢબૂરી દઈ શકાય નહીં.

આઈન્સ્ટાઈનને એક વાર પૂછવામાં આવેલું કે તમે સાપેક્ષવાદ જેવો મહાન સિદ્ધાંત કેવી રીતે શોધી શકયા ? ત્યારે તેમણે માત્ર એક જ વાકયમાં જવાબ આપેલો - By refusing to accept an axiom - સ્વતઃસિદ્ધ સિદ્ધાંત તરીકે રૂઢ થઈ ગયેલ વાતને સ્વીકારવાનો ઈન્કાર કરીને. આવી જ રીતે વિકાસની બાબતમાં ઘણી બાબતો આજે સ્વતઃસિદ્ધ સિદ્ધાંતની ઢબે રૂઢ થઈ ગઈ છે. બસ, વિકાસ આવો જ હોય. પરંતુ આને માનવાનો ઈન્કાર કરી દઈને જ આપણે માણસના ઉત્ક્રાંતિના આજના સ્તરને શોભે એવા માનવીય વિકાસની નવી તરાહ શોધી શકીશું. એ મૂળમાં એવી તરાહ હશે, જે સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો સુચારુ સમન્વય સાધી શકશે. માણસની વિવેકબુદ્ધિ સામેનો આ પડકાર છે. •

# વિવેકબુદ્ધિનો તકાજો શું છે ?

-અંબરીષ મહેતા

'સંશયાત્મક પર્યાવરણવાદી'નો પરિચય આપવાનું શરૂ કર્યું ત્યારે મનમાં આશંકા તો એ હતી કે એના પર ખાસ્સી પસ્તાળ પડશે. પરંતુ એથી વિપરીત મોટાભાગના વાચકોએ વિકાસ અને પર્યાવરણને લગતી આપણી કેટલીક પાયાની માન્યતાઓને નક્કર હકીકતો સામે ચકાસવાના આ પ્રયત્નને આવકાર્યો છે. કાન્તિભાઈએ પણ આ પ્રયત્નને આવકાર્યો છે તે ઘણા આનંદની વાત છે. 'પર્યાવરણનું જતન અને વિકાસ વચ્ચે કોઈ અનિવાર્ય વિરોધ નથી અને પર્યાવરણને લગતી સમસ્યાઓને વિકાસના અનિવાર્ય પરિણામ તરીકે નહીં પરંતુ ઉકેલી શકાય તેવી સમસ્યા તરીકે જોવી જોઈએ એ વાત સાથે તેઓ સંમત છે, એ વાત પણ ઘણી મહત્ત્વની વાત છે. આ ઉપરાંત 'ચકાસ્યા વગરની પૂર્વધારણાઓનો આશરો હરગિજ ન લેવો જોઈએ... આપણે સહુએ ઉપલબ્ધ શ્રેષ્ઠ માહિતીનો ઉપયોગ કરી સાથે મળીને વધારે સારા વિકાસ માટેના સહિયારા પુરુષાર્થમાં યોગદાન આપવાનું છે' એ વાત પણ તેમણે કરી છે, જે સાચી જ છે.

આ ઉપરાંત શહેરીકરણ અને જીવનની ગુણવત્તા, વિકાસની તરાહ અને અગ્રતાક્રમો તેમજ પ્રકૃતિ સાથેના આપણા સંબંધ વિશે એમણે કેટલાક પાયાના સવાલો ઊભા કર્યા છે અને ચર્ચામાં આ નવાં પરિમાણો પણ ઉમેરવાં જોઈએ એવી ભારપૂર્વક રજૂઆત કરી છે. આ સવાલો અત્યંત મહત્ત્વના છે અને એના પર ચર્ચા થવી જ જોઈએ. તેમણે ઊભા કરેલા આ મુદ્દાઓની ચર્ચાને આગળ લઈ જવાની અહીં કોશિશ કરી રહ્યો છું. આશા છે કે અન્ય વાચકમિત્રો પણ આ ચર્ચામાં જોડાશે, જેથી આ પાયાના સવાલો વિશે શક્ય તેટલી વિચારસફાઈ થઈ શકે.

## શહેરીકરણ અને જીવનની ગુણવત્તા

છેલ્લાં સો વરસમાં માનવકલ્યાણની દિશામાં કેટલીક ચોક્કસ પ્રગતિ થઈ છે, એ હકીકત નિર્વિવાદ છે એમ સ્વીકારીને કાન્તિભાઈ આગળ કહે છે કે શહેરીકરણને કારણે વસતીની ગીચતામાં વધારો નહીં થાય અને ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો પણ ગામોમાં એમની જે સ્થિતિ હતી તેના કરતાં સારું જીવન જીવે છે એમ કહેવું ખોટું છે.

શહેરીકરણ અને વસતીની ગીચતાની બાબતમાં કાન્તિભાઈની થોડી ગેરસમજ થઈ લાગે છે. લોમ્બોર્ગે શહેરોમાં વસતીની ગીચતા વધારે નથી હોતી એમ નથી કહ્યું. એણે માત્ર એટલું જ કહ્યું છે કે આવનારા દિવસોમાં હજીયે વસતીનો જે વધારો થશે તેના પરિણામે પૃથ્વી પરના મોટાભાગના વિસ્તારોમાં હાલ વસતીની જે ગીચતા જોવા મળે છે, એમાં ખાસ વધારો નહીં થાય, કારણ કે હવે પછીનો વસતીવધારો મુખ્યત્વે શહેરોમાં થશે. બાકી, શહેરોમાં ગામડાં કરતાં વસતીની ગીચતા વધારે હોય છે એ બાબત તો નિર્વિવાદ છે. આ ગીચતાને કારણે જ તો શહેરોમાં જુદા જુદા અનેક પ્રકારના રોજગારોના અવસર ઊભા થાય છે, જે ગામોમાં વસતીની ઓછી ગીચતાને કારણે જ ઊભા નથી થતા.

તે જ પ્રમાણે શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં રહેનારા પણ ગામડાંમાં તેમનું જે જીવન હતું તેના કરતાં વધારે સારું જીવન જીવી શકે છે તેમ કહેતી વખતે પણ તે તેઓ જ્યાંથી આવે છે તે ગામોની હાલની સ્થિતિની તુલનામાં જ કહી રહ્યો છે નહીં કે કોઈ આદર્શ સ્થિતિની તુલનામાં, જેમાં ગામડાંમાં પણ રોજગાર, આરોગ્ય, શિક્ષણ તેમજ અન્ય તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય. અને ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની હાલ જે સ્થિતિ છે તે સારી જ છે અને એમાં સુધારો કરવાની કોઈ જરૂર નથી એમ પણ એ નથી કહેતો. શહેરોમાં કેટલાયે લોકોએ ઝૂંપડપટ્ટીઓમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે સાવ નિમ્ન સ્થિતિમાં રહેવું પડે છે તે હકીકત છે. છતાં એ લોકો પોતાનું વતન છોડીને પોતાની મેળે કામની શોધમાં આવે છે અને એવી સ્થિતિમાં પણ ત્યાં રહેવાનું પસંદ કરે છે એ જ દર્શાવે છે કે તેઓ જ્યાં હતાં ત્યાં તો એમની સ્થિતિ એનાથી યે વધારે બદતર હશે. અહીં એમને જે 'થોડીક શહેરી સુવિધાઓ' પ્રાપ્ત થાય છે તેમાં મુખ્યત્વે રોજગારીની તકોની પાયાની સગવડનો સમાવેશ થાય છે જેની સીધી અસર એમના ખોરાક ઉપર પડે છે. આ ઉપરાંત શિક્ષણ અને આરોગ્યની બાબતમાં પણ વધારે સારી સગવડો મળી રહે છે.

આપણા જેવા વિકાસશીલ દેશોમાં ઝૂંપડપટ્ટીની સમસ્યા કેમ હજી એમની એમ ઊભી રહી છે, એ સવાલને તપાસીએ તો પણ જાણવા મળે છે કે એમાં ગરીબી કરતાં યે વધારે મોટો ફાળો વર્ષોથી રહેતા હોવા છતાં

સરકાર (નગરપાલિકાઓ) તેમને એ જમીન પર કાયદેસરના હક્ક નથી આપતી તેનો તેમજ શહેરી આયોજનના ખોટા ખ્યાલો, નિયમો અને કાયદાઓ (ઝોનીંગ અને બિલ્ડીંગ બાયલોઝ, રેન્ટ એક્ટ, વગેરે)નો છે. અને એને કારણે એમને પાણી, રસ્તા, ગટર જેવી પાયાની સગવડોમાંથી પણ બાકાત રાખવામાં આવે છે. જ્યાં જ્યાં આવી ઝૂંપડપટ્ટીઓમાં રહેનારાઓને કાયદેસરતા આપીને એ જમીનો એમના નામ ઉપર કરી આપવામાં આવી છે ત્યાં ત્યાં બીજી કોઈ પણ જાતની મદદ વિના થોડાં જ વર્ષોમાં એની આખી સિકલ બદલાઈ જાય છે. વિકસિત દેશોએ પણ આ જ રસ્તો અપનાવીને આ સમસ્યા હલ કરેલી. (તેની સુંદર વિગતો પેરુના હરનાન્ડો ડી સોટોએ તેના પુસ્તક ધી મીસ્ટરી ઓફ કેપિટલમાં આપી છે.) એ સીધો સાદો રસ્તો અપનાવવાને બદલે આપણે અત્યારે તો કાયદાના નામે એમના માથે બુલડોઝરો આવવાની તલવાર લટકતી જ રાખીએ છીએ અને પરિણામે પાસે મૂડી હોય તો પણ પોતાનાં સારાં ઘર નથી બનાવી શકતા.

આગળ જતાં કાન્તિભાઈ શહેરીકરણની પ્રક્રિયા સામે જ સવાલ ઉઠાવી રહ્યા છે. આમાં સરળીકરણ અને અતિરેક થતાં જણાય છે. આપણે ત્યાં ખેતી અને ગામડાંનું શોષણ જરૂર થયું છે. પરંતુ આગળ જોઈશું તેમ એ માટે સરકારી ઉદ્યોગો વિકસાવવાની સરકારની સમાજવાદી નીતિઓ જવાબદાર છે, નહીં કે શહરીકરણની પ્રક્રિયા પોતે. વસતીવધારાની સાથે સાથે શહેરોમાં રહેતા લોકોની સંખ્યા વધતી જવાની તરાહ સ્વાભાવિક જ થાય છે. એને કારણે જમીન પરનું લોકોનું ભારણ ઘટે છે, જે જરૂરી છે. અને વિકાસની પ્રક્રિયામાં શહેરો અને ગામડાં બન્ને એકબીજાને પૂરક ભૂમિકા ભજવે છે. સદીઓથી દુનિયાભરમાં આ તરાહ જોવા મળે છે. આપણી સંસ્કૃતિના વિકાસમાં પણ શહેરોની ભૂમિકા નાની સૂની નથી રહી. આમ, શહેરો વિકસે એમાં સિદ્ધાંતતઃ કશું વાંધાજનક નહીં હોવું જોઈએ. અલબત્ત, ગામોમાં પણ બધી સુખ સગવડો અને અને વિકાસની તકો પ્રાપ્ત થવી જ જોઈએ. અને વધતા વિકાસની સાથે એ ઉપલબ્ધ થઈ પણ રહી છે.

## ગરીબી અને ભૂખમરો

આ ઉપરાંત વિકાસની આખી આ તરાહ અને તેના અગ્રતાક્રમો વિશે જ કાન્તિભાઈ પાયાના સવાલો ઊભા કરે છે. આજે પહેલાં કરતાં ઘણા ઓછા લોકો ભૂખમરાથી પીડાઈ રહ્યા છે અને ગરીબી-રેખાથી નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે, એ વાતની તેઓ નોંધ લે છે. પરંતુ ત્યાર પછી જણાવે છે કે આમ પછી પણ હજીયે કરોડો લોકો ભૂખમરાથી પીડાઈ રહ્યા છે તે હકીકત જ એ દર્શાવે છે કે આજના વિકાસની તરાહ અને અગ્રતાક્રમ વિશે ધરમૂળથી પુનર્વિચાર કરવાની જરૂર છે. 'છેલ્લાં સો વરસમાં ધરખમ સુધારા થયા છે એવી છીછરી આત્મતુષ્ટિમાં રાચવાને બદલે આ વિકાસનાં ફળ છેવાડેના માણસ સુધી કેમ ન પહોંચ્યાં? જેમનો સૌથી પહેલો વિકાસ થવો જોઈતો હતો એવા સમાજના દલિતો, વંચિતોનો પહેલો વિકાસ કેમ ન થયો? -આ બધું ગંભીરતાથી વિચારવાની જરૂર છે'.

છેવાડેના માણસને ચર્ચાના કેન્દ્રમાં રાખવાની કાન્તિભાઈની વાત સાચી જ છે. લોમ્બોર્ગ પણ પરિસ્થિતિ બધી રીતે સારી જ થઈ ગઈ છે અને હવે કંઈ કરવાની જરૂર જ નથી એવી છીછરી આત્મતુષ્ટિમાં નથી જ રાચતો. આ દિશામાં હજી ઘણું કરવાનું બાકી છે અને એ તત્કાળ કરવું જોઈશે એના પર ભાર મૂકે જ છે. એટલું જ નહીં, ગરીબી અને ભૂખમરાની સમસ્યા ક્યા દેશોમાં (ખાસ કરીને સહારાની નીચેના આફ્રિકાના દેશોમાં) સૌથી વિકરાળ સ્વરૂપમાં છે અને એ દેશોને એમાંથી બહાર લાવવામાં આંતરરાષ્ટ્રીય સમુદાય શું મદદ કરી શકે તેની પણ ચર્ચા કરે છે.

એનું કહેવું માત્ર એટલું જ છે કે શું કરવાનું બાકી છે તેની ચર્ચા કરતી વખતે આ દિશામાં અત્યાર સુધીમાં કેટલું કરી શકાયું છે તે પણ ખ્યાલમાં રાખીએ, જેથી સમ્યક્ દૃષ્ટિ કેળવી શકાય. ભૂખમરાથી પીડાતા લોકોની જ વાત કરીએ તો એણે કહ્યું છે તેમ ૧૯૪૯માં આપણા જેવા વિકાસશીલ દેશોમાં ૪૫ ટકા જેટલા લોકો ભૂખમરાથી પીડાતા હતા, તે પ્રમાણ ઘટીને અત્યારે ૧૮ ટકા પર પહોંચ્યું છે. અને આ ત્યારે થયું છે જ્યારે આ જ ગાળામાં આ દેશોની વસતી લગભગ બમણી થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે આ ગાળામાં લગભગ ૨ અબજ જેટલા વધારાના લોકો ભૂખમરાની સ્થિતિમાંથી બહાર નીકળી ગયા છે. આ કંઈ નાની સૂની વાત નથી જ.

આપણા દેશની જ વાત કરીએ તો ૧૯૬૦ના દાયકાના અંત સુધીમાં મોટાભાગના વિશ્લેષકોએ તો આપણા દેશના ભવિષ્ય વિશે નાહી જ નાંખેલું. તે સમયની વસતીને પૂરું પડે એટલું અનાજ પણ આપણે નહોતા ઉગાડી શકતા અને અમેરિકા પાસેથી ખેરાતમાં મળતા ઘઉંના આધારે ગાડું ગબડાવવું પડતું હતું. અને માથે કૂદકે ને ભૂસકે વધતી વસતીની તલવાર લટકતી હતી. સિત્તેરના દાયકાના અંત સુધીમાં તો વસતીમાં બીજા ૧૨ કરોડ લોકો ઉમેરાવાની વકી હતી. ત્યારની વસતી માટે જરૂરી અનાજ જ જ્યારે ઊગાડી નહોતા શકતા ત્યારે આ વધારાના કરોડો લોકો માટેનું અનાજ ક્યાંથી આવશે, એ પ્રશ્ન સૌને સતાવી રહ્યો હતો. સિત્તેરના દાયકાના અંત સુધી તો દેશમાં વ્યાપક ભૂખમરો ફાટી

નીકળશે અને કરોડો લોકો ભૂખે મરી જશે, એવાં એંધાણ હતાં. અમેરિકાના જાણીતા પર્યાવરણવાદી પૌલ અર્લીકે ૧૯૬૭માં અમેરિકાની સરકારને સલાહ પણ આપેલી કે ભારતને તો બચાવી શકાય એમ છે જ નહીં, એટલે એને અનાજની મદદ આપવાને બદલે બીજા એવા કોઈ દેશને મદદ કરવી જોઈએ જેને બચાવી શકાય! અને થયું શું? ત્યાર પછીનાં આઠ જ વર્ષમાં દેશના ખેડૂતો વધારાના ૧૨ નહીં પણ ૧૫ કરોડ લોકોને પણ પૂરું પાડી શકાય એટલું અનાજ ઉગાડી શક્યા. આમ થઈ શક્યું તેમાં હરિયાળી ક્રાંતિની બહુ વગોવાઈ ગયેલી ટેકનોલોજીનું પ્રદાન ઘણું મોટું છે. અને આ તો ગામેગામના લોકો પણ સારી રીતે જાણે છે. સાવ અંતરિયાળ વિસ્તારનાં ગામોમાં જઈને ગામના 'ડાહ્યાઓ' સાથે વાત કરીએ ત્યારે કઈ રીતે સુધરેલાં બી અને ખાતરને કારણે તેઓ બે ટંક પૂરતું ખાવાનું મેળવતા થયા અને પહેલાં એને કેટલાં સાંસાં હતાં તેની વાતો કરે છે. વસતીવધારાની જે સમસ્યા ત્યારે આપણા ગળે લટકતા ઘંટીના પડ જેવી ગણાતી હતી, તે જ વસતી અત્યારે આપણી મોટામાં મોટી અસ્ક્યામત ગણાઈ રહી છે.

આમ, બધું સારું જ થઈ ગયું છે અને હવે કશું કરવાની જરૂર નથી, એવી આત્મતુષ્ટિમાં જરૂર ન રાચીએ. પરંતુ કશું થયું જ નથી, વિકાસનાં ફળ છેવાડેના માણસ સુધી પહોંચ્યાં જ નથી, આને તે કંઈ વિકાસ કહેવાય એવી કાગારોળ મચાવ્યા કરવાને પણ કોઈ કારણ નથી. એટલી જ વાત છે.

અહીં બીજી એક વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. દુનિયાના જુદા જુદા દેશોમાં વિકાસ માટે જુદી જુદી નીતિઓ અપનાવવામાં આવી છે. અને એનાં પરિણામો પણ જુદાં જુદાં આવ્યાં છે. આમ, જે હજી નથી થયું કે જે વિકૃતિઓ આવી ગઈ છે તેમાં કેટલીક ચોક્કસ સરકારી નીતિઓનો ફાળો હોવાનો. એટલે તેની ચર્ચા કરતી વખતે 'વિકાસ'ને એક મોનોલીથ તરીકે લઈને સામાન્ય સ્તર પર ચર્ચા કરવાને બદલે ચોક્કસ નીતિઓનાં શું પરિણામો આવ્યાં તેની ચર્ચા કરવી જરૂરી છે.

કેટલાક અપવાદોને બાદ કરતાં આપણા દેશ સહિતના મોટાભાગના દેશોની સરકારોએ ૧૯૫૦ની આસપાસના ગાળામાં સ્વતંત્રતા મેળવ્યા પછી દેશનાં અને ગરીબોનાં હિતો સુરક્ષિત કરવાના નામે અર્થતંત્ર પર પોતાની મજબૂત પકડ જમાવતી સમાજવાદી નીતિઓ અપનાવી. તેમાં પાયાનાં સંસાધનો, ઉદ્યોગો અને સેવાઓ પર સરકારી ઈજારાશાહી સ્થાપવી, લોકોના આર્થિક અભિક્રમોને નિયંત્રિત કરવા લાયસન્સ પરમીટ રાજ કાયમ કરવું, પાયાની ચીજવસ્તુઓના ભાવ સરકારે નક્કી કરવા કે પ્રભાવિત કરવા, દેશના અર્થતંત્રને વૈશ્વિક અર્થતંત્રની અસરથી અલિપ્ત રાખવું (બંધ અર્થતંત્ર) વગેરે બાબતો મુખ્ય હતી.

ત્રણ ચાર દાયકાના અંતે હવે આ નીતિઓનાં શું પરિણામો આવ્યાં તે જાણી શકાયાં છે. તેને કારણે આર્થિક વિકાસની ગતિ પર તો જબરજસ્ત રોક લાગી જ, (આપણા દેશમાં ત્રણ દાયકા સુધી આર્થિક વૃદ્ધિનો દર ૨.૫ થી ૩ ટકાની આસપાસ જ મંડરાયા કર્યો, જે હિંદુ વિકાસ દર તરીકે ઓળખાયો!), સાથે સાથે સરકારી કારખાનાઓ હોટલોના સાવ બિનકાર્યક્ષમ ધોળા હાથી ઊભા થયા, ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો, સરકારી (એટલે કે આપણા પૈસા) સબસિડીઓ અને પ્રજા પર આધારિત રેન્ટ સીકીંગ પરોપજીવી વર્ગો ઊભા થયા અને બરાબરનો અડ્ડો જમાવી બેઠા, લોકોના નૈતિક પોતનું ધોવાણ થયું. પરંતુ સૌથી અગત્યની વાત તો એ છે કે જેમના નામે આ બધું કરવામાં આવ્યું એ ગરીબો અને વંચિતોને જ 'દેશના વિકાસ'ના નામે ભોગ આપવાની ફરજ પાડવામાં આવી. સરકારી ઉદ્યોગોના ધોળા હાથી ઊભા કરવા માટેની મૂડી ઊભી કરવા માટે ખેડૂતો અને ખેતીનું વ્યવસ્થિત દોહન કરવામાં આવ્યું, 'જાહેર હિત'ની સરકારી યોજનાઓ માટે ગરીબોની, ખાસ કરીને આદિવાસીઓની, જમીનો ફરજિયાત આંચકી લેવામાં આવી, જંગલો, ખનીજ તેમજ અન્ય સંસાધનો પરના એમના હક્કો આંચકી લેવામાં આવ્યા, એમનાં જમીન -મકાનો અને નાના ઉદ્યોગ -ધંધાઓ ગેરકાયદેસરનાં ગણાયાં જેના પર સતત સરકારની તલવાર લટકતી જ રહી, વગેરે અનેક રીતે તેઓ પીડાયા અને શોષાયા. આ સિવાય પણ બીજાં અનેક દુષ્પરિણામો આવ્યાં, પણ એ બધાની વિગતોમાં અહીં નહીં જઈએ.

આ દુષ્પરિણામો વિશે વિચાર કરીએ ત્યારે આશ્ચર્ય થયા વગર નથી રહેતું કે આવી બદતર આર્થિક નીતિઓની વચ્ચે પણ આ જે વિકાસ થયો તે કઈ રીતે થઈ શક્યો હશે! અને ખરેખર તો એમ જ કહેવું પડે કે આ જે કંઈ વિકાસ થયો છે તે આ નીતિઓને કારણે નહીં, પરંતુ એ નીતિઓની બાવજુદ થયો છે. અને એનું શ્રેય મુખ્યત્વે ગમે તેવી પરિસ્થિતિમાંથી પણ રસ્તો કાઢી લેવાની આપણા લોકોની કોઠાસૂઝ અને ઉદ્યમશીલતાને તેમજ હરિયાળી ક્રાંતિ તેમજ બીજી ટેકનોલોજીને જ જાય. એક બાબતમાં જો કે આપણું નસીબ સારું હતું કે અર્થતંત્ર પરના સરકારના આ લગભગ સંપૂર્ણ નિયંત્રણ છતાં જમીન અને અન્ય મિલ્કતો પરની વ્યક્તિગત સંપત્તિ કે બજારને સંપૂર્ણપણે હટાવીને સામૂહિક માલિકી સ્થાપવાના કે બજારને સંપૂર્ણપણે હટાવી દેવાના રવાડે આપણે નહીં ચઢ્યા. અને પરિણામે રશિયા અને ચીન જેવા સામ્યવાદી દેશોમાં કરોડો લોકોએ જે નરકની યાતનામાંથી પસાર થવું પડ્યું તેમાંથી આપણે બચી ગયા.

આ નીતિઓ અપનાવવી જ પડે, એવી કોઈ અનિવાર્યતા નહોતી જ. કેટલાક નામી અર્થશાસ્ત્રીઓએ (જેમાં અમદાવાદની ગુજરાત કોલેજના પ્રા. બી. આર. શીનોઈને પણ ગણવા પડે) ચેતવણી આપી જ હતી કે આ નીતિઓનાં આવાં દુષ્પરિણામો આવશે. અને એને બદલે લોકોના અભિક્રમોને કેન્દ્રમાં

રાખતી ક્યા પ્રકારની નીતિઓ અપનાવવી જોઈએ એની વિગતવાર રૂપરેખા પણ રજૂ કરેલી. પરંતુ ત્યારે તો સમાજવાદનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો. એટલે સ્વાભાવિક જ આ ચેતવણીઓ કાને ધરવામાં નહીં આવી. પરંતુ આજે એનાં પરિણામો આપણી આંખ સામે છે.

આમ, આપણા જેવા વિકાસશીલ દેશોમાં આટલાં વરસોના વિકાસ પછી આજે પણ હજી કેટલાયે લોકો ભૂખમરો અને ગરીબીથી પીડાઈ રહ્યા છે, તેની મુખ્ય જવાબદારી ખરેખર તો આ સમાજવાદી નીતિઓની છે. (સહારાની નીચેના આફ્રિકાના દેશોમાં આ કારણો ઉપરાંત રાજકીય અસ્થિરતા અને વંશીય યુદ્ધોએ પણ ભાગ ભજવ્યો છે.) એટલે ગાંધીના 'અંત્યોદય'ના તાવીજની કસોટીને કેન્દ્રમાં રાખીને ખરેખર તો આ સમાજવાદી નીતિઓ અને ઉદ્દેશ્યો વિશે ધરમૂળથી પુનર્વિચાર કરવાની જરૂર છે. આ નીતિઓના પરિણામે જ ડૂબતાને તત્કાળ નથી બચાવી શકાયા. એટલું જ નહીં, 'દેશના વિકાસ' માટે ભોગ આપવાની પણ એમને જે ફરજ પાડવામાં આવી તેમાં પણ આ નીતિઓનો જ ફાળો મોટો છે.

કાન્તિભાઈ 'આપણે સમાનતા ને સ્વતંત્રતા, બેઉ બંધુતાના માર્ગે સાધવાની છે' અને 'જેમ સમાનતા સાધવા જતાં સ્વતંત્રતાનો ભોગ લેવાયો, તેમ સ્વતંત્રતા સાચવવા જતાં સમાનતાનો ભોગ હરગિજ લેવાવો નહીં જોઈએ'ની વાત કરે છે. ગાંધી, વિનોબા અને જે.પી. પણ આવી જ વાત કરતા હતા. અને એમની છત્રછાયામાં ઊછરેલા આપણે સૌ એ ગળથૂથીથી જ પીતા આવ્યા છીએ. અને એ રીતે આપણા ચિત્તતંત્રનો જ એક અવિભાજ્ય હિસ્સો બની ચૂકી છે. પરંતુ તેમ છતાં ગઈ સદીમાં આ સમાજવાદી સ્વપ્નને સાકાર કરવાનાં જે વરવાં પરિણામો આવ્યાં છે તેમાંથી શીખીને આગળ વધવું હશે તો એ અંગે પુનર્વિચાર કરવો જ જોઈશે. અને સવાલ માત્ર સમાજવાદ ક્યા માર્ગે લાવવો તેનો નથી, તેના ઉદ્દેશ્યો પણ ખરેખર સાધવા જેવા છે કે નહીં, તે વિશે પુનર્વિચાર કરવાની જરૂર છે.

આર્થિક સમાનતા સાધવા જતાં એમાં સ્વતંત્રતાનો ભોગ તો અનિવાર્યપણે લેવાય જ છે, સમાનતા પણ નથી સધાતી. અને એનું સ્થાન ઘોર વિષમતા લે છે. એટલું જ નહીં, જે હતું તે સરખે ભાગે વહેંચી લેવાની લ્હાયમાં ઉત્પાદનમાં વધારો તો નથી જ થતો, જે હતું તેટલું પેદા કરવાના સ્રોત પણ બધા સુકાઈ જાય છે. અને જેમના નામે આ બધું થાય છે તે કરોડો લોકોના ભાગે તો ભૂખે મરી જવાનો વારો આવે છે. પ્રેમ કે બંધુત્વના માર્ગે સમાનતા સાધીશું તો આમ નહીં થાય એમ માનવાને પણ કોઈ કારણ નથી. એક તો આ કામ જ એવું છે કે બળપ્રયોગ કર્યા વગર સાધી જ ના શકાય અને એટલે સ્વતંત્રતાનો ભોગ અનિવાર્યપણે લેવાય જ. પણ માની લઈએ કે એમ કરી શકાય તો પણ એનાં આવાં વરવાં પરિણામો જ આવે. આ અગત્યની વાત છે. એને એક દાખલાની મદદથી સમજવાની કોશિશ કરીએ :

પ્રેમ કે બંધુત્વના નાતે કોઈ વ્યક્તિને ગરીબો કે વંચિતો માટે દાન કરવાની અપીલ કરી શકાય અને ઘણાં કિસ્સાઓમાં પડઘો પણ પડે. પરંતુ જો એને એમ કહીએ કે એ જેટલું કમાય એમાંથી એનો પોતાનો હક્ક તો માત્ર એની પાયાની જરૂરિયાત સંતોષવાને જે જરૂરી હોય (જેનું નિર્ધારણ પણ એ પોતે નહીં પરંતુ બીજા કરે) એટલા પૂરતો જ રહે, બાકીની તમામ આવક પર સમાજનો (એ પછી સરકારનો હોય કે સ્થાનિક સ્તરે ગ્રામસભા કે પંચાયતનો) હક્ક રહેશે અને એ ઇચ્છે ત્યારે એ લઈ લેશે, તો શું આવી ગોઠવણ એ સ્વેચ્છાએ સ્વીકારશે? અને માની લઈએ કે કોઈ ને કોઈ જાદુઈ ઈલમ વાપરીને એને એ માટે પ્રેમપૂર્વક સંમત કરી શકીએ, તો પણ શું પછી એ ધીરે ધીરે એનો પોતાનો જેટલો ભાગ હોય તેનાથી વધારે પેદા કરવાનું ઓછું નહીં કરવા માંડે? અને એમાંથી ઉત્પાદનના તમામ સ્રોત સુકાવા નહીં માંડે? અને એમાં સરવાળે કોને ભોગવવાનું આવે? અને આ પ્રતિક્રિયા કંઈ એ કારણસર નથી આવતી કે દરેક વ્યક્તિ મૂળે સ્વાર્થી છે. પણ એટલા માટે આવે છે કે દરેકને આવી ગોઠવણ જ મૂળે અન્યાયી લાગે છે.

સમાજવાદી અર્થવ્યવસ્થા કાયમ કરવાની કોશિશો કેમ તૂટી પડે છે અને બળપૂર્વક કાયમ કરવામાં આવે ત્યારે પણ એનાં કેમ વરવાં પરિણામો આવે છે તેના પાયામાં આ વાત રહેલી છે. અલબત્ત, આ ઉપરાંત બીજાં કારણો પણ છે જ. રશિયાની કસુવાવડનાં મૂળ પણ એમાં જ રહેલાં છે. અને રશિયા જ નહીં, જ્યાં જ્યાં એનું અવતરણ કરવાની કોશિશો થઈ ત્યાં બધે એ જ હાલ થયા છે. મૂળે એ વિચાર જ એવો છે જેનાં આવાં વરવાં પરિણામો જ આવે. અને તેની સૌથી આકરી કિંમત જેને માટે આપણે ચિંતિત છીએ એ છેવાડેના માણસે જ ચૂકવવી પડે છે એ વાત બરાબર સમજી લેવા જેવી છે. અંત્યોદયના તાવીજ અને વિવેકબુદ્ધિ એમ બન્નેનો આ જ તકાજો છે. એક વાર આ સમજાઈ જાય તો પછી હવેની બદલાતી પરિસ્થિતિમાં દલિતો અને વંચિતોના હક્કો અને હિતોને સુરક્ષિત કરવાને ખરેખર જે કરી શકાય એમ છે અને કરવા જેવું છે તેના પર આપણું ધ્યાન કેન્દ્રિત કરી શકીશું.

ધારેલું તેના કરતાં આ વાત વધારે લાંબી થઈ ગઈ છે. વિકાસને કોઈ સીમા ખરી કે નહીં અને પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ શું હોવો જોઈએ, તે વિશે કાંતિભાઈએ જે મુદ્દા ઊભા કર્યા છે તેની ચર્ચા તો હજી બાકી જ રહી છે. તેને હવે આવતા અંકમાં જોઈશું. •

# બુદ્ધિનિષ્ઠા

**- કાર્લ પોપર**

હું બુદ્ધિનિષ્ઠ કે રેશનાલિસ્ટ છું. એટલે કે હું માણસ માટે બુદ્ધિનિષ્ઠાના મહત્ત્વ પર ભાર આપું છું. પરંતુ દરેક વિચારશીલ રેશનાલિસ્ટની જેમ હું એવો કોઈ દાવો નથી કરતો કે માણસ રેશનલ પ્રાણી છે. એનાથી વિપરીત, એ તો દેખીતું છે કે સૌથી વધારે રેશનલ માણસો પણ ઘણી બાબતોમાં સાવ ઈરરેશનલ હોય છે. આમ, બુદ્ધિનિષ્ઠા એ કંઈ માણસનો ગુણધર્મ નથી. એ તો એ કાર્ય છે, જે માણસે સંપન્ન કરવાનું છે અને જે અત્યંત મુશ્કેલ અને મર્યાદિત કાર્ય છે. આંશિક બુદ્ધિનિષ્ઠા હાંસલ કરવી પણ ઘણી મુશ્કેલ છે.

હું શબ્દો વિશે કયારેય ઝઘડતો નથી અને શબ્દોની વ્યાખ્યા પણ આપતો નથી. પરંતુ બુદ્ધિનિષ્ઠાથી મને શું અભિપ્રેત છે એ સમજાવવું જરૂરી છે. બુદ્ધિનિષ્ઠાનો અર્થ મારે મન સમસ્યાઓ તરફ આલોચનાત્મક અભિગમ અપનાવવાનો છે - જેમાં ભૂલમાંથી શીખવાની તત્પરતા તેમજ સભાનપણે આપણી ભૂલો અને આપણા પૂર્વગ્રહો શોધવાની વૃત્તિનો સમાવેશ થાય છે. મૂળભૂતે એ એવો અભિગમ છે જેમાં એ સ્વીકારવામાં આવે કે : 'હું ખોટો હોઈ શકું અને તમે કદાચ સાચા હોઈ શકો અને પ્રયત્ન કરીને આપણે બન્ને સત્યની વધારે નજીક જઈ શકીએ'. આમ, બુદ્ધિનિષ્ઠાનો મારો મતલબ સભાન, આલોચનાત્મક ભૂલ-સુધારની વૃત્તિ કે અભિગમ જ છે.

આવો અભિગમ કેળવવો મુશ્કેલ છે એ હકીકત જ આપણી બુદ્ધિનિષ્ઠાને મર્યાદિત નથી બનાવતી. એ પણ નહીં કે આપણે સૌ રેશનલ ઓછા અને લાગણીશીલ વધારે છીએ. આ બધું તો છે જ. પરંતુ ખરેખર અગત્યની બાબત આ છે : ટીકા બધી ટુકડે ટુકડે (piecemeal) જ કરી શકાય. વિજ્ઞાનમાં પ્રસ્થાપિત પ્રભાવશાળી થિયરીને નકારી તેની નવરચના કરતી ક્રાંતિકારી ટીકા માટે પણ આ એટલું જ સાચું છે. આનું કારણ બહુ સીધું છે. આલોચના કોઈ કામચલાઉ થિયરીની જ કરી શકાય, જેને લિપિબદ્ધ કરીને આપણી નજર સામે એક વસ્તુગત પદાર્થ તરીકે મૂકવામાં આવી હોય. ત્યાર પછી જ આપણે એને ચકાસી શકીએ છીએ, જે રીતે કોઈ ઘડિયાળને આપણી સામે રાખીને ચકાસીએ છીએ.

પરંતુ આપણા જ્ઞાનમાં તો અનેક વૃત્તિઓ, અપેક્ષાઓ અને થિયરીઓનો સમાવેશ થાય છે. અને કોઈપણ એક સમયે એમાંની બહુ જૂજ થિયરીઓ કે અપેક્ષાઓ જ આપણે આપણી નજર સમક્ષ મૂકીને ચકાસી શકીએ. પરંતુ કોઈપણ એક થિયરીની આવી ચકાસણી કે ટીકા કરતી વખતે આપણે અભાનપણે બાકીના વિશાળ જ્ઞાનનો ઉપયોગ તો કરીએ જ છીએ જે પૃષ્ઠભૂમિમાં હોય છે અને જેને આપણે કોઈપણ જાતની આલોચના વગર જ સ્વીકારી લીધું હોય છે.

આનો અર્થ એ નથી કે આપણે પૃષ્ઠભૂમિના આ જ્ઞાનને ચકાસ્યા વગર જ સાચું માની લેવાને બંધાયેલા છીએ. આપણને ખ્યાલમાં આવી શકે કે ભૂલ ચકાસણી હેઠળની એ થિયરીમાં નહીં, પરંતુ પૃષ્ઠભૂમિના જ્ઞાનના કોઈ ચોક્કસ હિસ્સામાં છુપાયેલી છે. અને ત્યારે એ પૃષ્ઠભૂમિના જ્ઞાનના એ હિસ્સાની આલોચનાત્મક ચકાસણી શરૂ કરી શકીએ છીએ. આપણું મોટાભાગનું મનોગત જ્ઞાન જન્મજાત કે પરંપરાગત છે - અને એ રીતે સહજ વૃત્તિઓનું બનેલું છે - એટલે એ સ્પષ્ટપણે લિપિબદ્ધ પણ હોતું નથી.

આ તમામ બાબતો દર્શાવે છે કે આપણે ટુકડે ટુકડે જ આલોચના કરી શકીએ અને આમ આપણી બુદ્ધિનિષ્ઠા થોડે અંશે મર્યાદિત રહેવાની - એટલે કે ટીકાનું ફલક મર્યાદિત રહેશે. આમ છતાં નીચેની વાત પણ એટલી જ સાચી છે : એ સાચું છે કે કોઈ એક સમયે આપણે એક યા બે સમસ્યાઓ કે થિયરીને જ ટીકાની એરણ પર ચકાસી શકીએ. પરંતુ એની સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે કોઈપણ સમસ્યા કે થિયરી કે પૂર્વગ્રહ કે પૃષ્ઠભૂમિના જ્ઞાનનો કોઈ પણ હિસ્સો એવો નથી જેને આ રીતે ટીકાની એરણ પર ચકાસી ના શકાય. આમ, બુદ્ધિનિષ્ઠાની અંતર્ગત મર્યાદા એટલી જ છે કે એમાં એક જ સમયે બધી બાબતોની ટીકા કરવા ધસી ન જઈ શકાય. પરંતુ જ્ઞાનના કયા હિસ્સાને ટીકાની એરણ પર ચઢાવાય અને કયાને નહીં એ બાબતે કોઈ જ મર્યાદા નથી. કોઈ પણ બાબત ટીકાથી પર નથી.

*'Knowledge and Body Mind Problem' માંથી સારવીને.*

પોપરના વિચારોનો સુંદર પરિચય કરાવતા આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ 'જ્ઞાન અને શરીર-મન સંબંધની સમસ્યા' લગભગ તૈયાર થઈ ગયો છે અને ટુંક સમયમાં જ એ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થશે, એ સહજ જાણ ખાતર. - *સંપાદક*

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*(T)hat civilization begins when the individual in the pursuit of his ends can make use of more knowledge than he has himself acquired and when he can transcend the boundaries of his ignorance by profiting from knowledge he does not himself possess.*

*F. A. Hayek*

*Man is the measure of all things.*


*- Protagoras*

સાબાર ઉપર માનુષ
તાહાર ઉપર નહીં

- કવિ ચંડીદાસ

*'Always regard every man as an end in himself, and never use him merely as a means to your ends.' The spirit of Kant's ethics may well be summed up in these words: dare to be free; and respect the freedom of others.*

*-Karl Popper*


*Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
...
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action –
into that heaven of freedom, my Father,
let my country awake.*
*- Rabindranath Tagore - Gitanjali"*